CMYK

# દ્રષ્ટિકોણ જનવાણી

PRIGI.NO. GJGUJ/26/A2124

બુધવાર

તા.૦૭/૧૦/૨૦૨૬

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-187 | Editor - Gajera Divya | Date: 07 October-2026 Wednesday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

# SIR-CEC વિરુદ્ધ દિલ્હીમાં ધરણાંથી ભાજપ લાલઘૂમ

## કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર 'નેરેટિવ' ફેલાવવાનો આક્ષેપ: ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓ પર વારંવાર સવાલ ઉઠાવવાથી દેશના લોકતાંત્રિક માળખાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે

**નવી દિલ્હી:** SIR મુદ્દે દિલ્હીમાં રાહુલ ગાંધી સહિત INDIA ગઠબંધનના સાંસદો દ્વારા ચૂંટણી પંચ સામે ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવાની માંગ પર અડગ રહીને આકાશવાણી ભવન પાસે ધરણાં પર બેઠા છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે અને દેશની બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાનો આરોપ મૂક્યો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ એ કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું કે, 'દેશ હવે બદલાઈ ચૂક્યો છે અને યુવાનોની વિચારસરણી પણ બદલાઈ છે. નવી પેઢી ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના વિઝન સાથે આગળ વધી રહી છે. આવા સમયે કોંગ્રેસે માત્ર સોશિયલ મીડિયા પર એજન્ડા ચલાવવાને બદલે જમીની સ્તરે જનતા વચ્ચે જઈને કામ કરવું જોઈએ, જેથી તેઓ લોકોનો વિશ્વાસ ફરી જીતી શકે.'

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, 'વિદેશી શક્તિઓ અને ભારત વિરોધી પરિબળો દેશને નબળો પાડવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે, અને કોંગ્રેસે તેમના આવા નેરેટિવને આગળ વધારવાનું ટાળવું જોઈએ.' વિપક્ષ અને ચૂંટણી પંચ વચ્ચે જ્યારે ઘર્ષણ ચાલી રહ્યું છે, ત્યારે રિજિજુએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓ પર વારંવાર સવાલ ઉઠાવવાથી દેશના લોકતાંત્રિક માળખાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે.

બીજી તરફ ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદ એ પણ રાહુલ ગાંધીના આ પ્રદર્શનની આકરી ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ફરી બેલેટ પેપર લાવવાની માંગ કરીને સમગ્ર ચૂંટણી વ્યવસ્થા પર પ્રશ્નો ઊભા કરી રહી છે. તેમણે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, વિપક્ષે જનતાના જનાદેશ અને ન્યાયતંત્ર તેમજ ચૂંટણી પંચ જેવી તમામ બંધારણીય સંસ્થાઓનું સન્માન કરવું જોઈએ.

હાલમાં વિપક્ષી સાંસદોનો વિરોધ યથાવત છે અને રાહુલ ગાંધી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરવા માટે પોતાની માંગ પર અડગ રહ્યા છે.

## અમને પણ જેલમાં પૂરી દો: ઘર બહાર ૫૦ પોલીસ તૈનાત થતાં અભિજીત દીપકેનો પ્રહાર

**નવી દિલ્હી, તા.૬**

મહારાષ્ટ્રમાં સામાજિક કાર્યકર્તા અને નેતા અભિજીત દીપકેના ઘરની બહાર સાદા કપડામાં ૫૦થી વધુ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમની પ્રસ્તાવિત પ્રેસ કોન્ફરન્સથી બરાબર પહેલા થયેલી આ અચાનક પોલીસ કાર્યવાહીથી રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રશાસન તરફથી આ સુરક્ષા વધારવા પાછળનું કોઈ સત્તાવાર કારણ હજુ સુધી સામે આવ્યું નથી.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અભિજીત દીપકેએ પોલીસ અને સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા.

દીપકેએ દાવો કર્યો કે મહારાષ્ટ્ર પોલીસ દ્વારા તેમના કાર્યકર્તાઓને નોટિસ મોકલીને દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાનાર આંદોલનમાં ન જવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે.





**નવી દિલ્હી:** દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને કસ્ટડીમાં લીધા છે. તેઓને કિંગ્સવે કેમ્પ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી રહ્યા છે. જૈંઈના વિરોધ અને મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગને લઈને બંને ૮ કલાકથી વધુ સમયથી આકાશવાણી ભવન પરિસરમાં ધરણા પર બેઠા હતા.

## દિલ્હીમાં ટ્રાફિક જામનું ટેન્શન! અનેક રસ્તાઓ પર રૂટ ડાયવર્ટ

**નવી દિલ્હી,** દિલ્હીમાં આજે રસ્તા પર મુસાફરી કરતા લોકો માટે મહત્વપૂર્ણ ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. ઈન્ડિયા બ્લોકના પ્રસ્તાવિત વિરોધ માર્ચને ધ્યાનમાં રાખીને દિલ્હીના અનેક વિસ્તારોમાં ટ્રાફિક રૂટ ડાયવર્ટ કરવામાં આવશે. જેના કારણે કેટલાક મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ શકે છે. દિલ્હી પોલીસે લોકોને સલાહ આપી છે કે તેઓ ઘરની બહાર નીકળતા પહેલાં ટ્રાફિકની સ્થિતિ અને ડાયવર્ટ કરાયેલા માર્ગોની માહિતી મેળવી લે.

# બિહારના સારણમાં પૂરથી ૨૩૬ ગામો પાણીમાં, ૪.૬૦ લાખ લોકો પ્રભાવિત

## પૂરથી ઘેરાયેલા બિહારના છપરા,સારણ જિલ્લામાં જળસ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે જોકે હજુ પણ ૬ થી વધુ બ્લોકમાં પૂરના કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત છે

**પટના:** બિહારના સારણમાં પૂરના પાણી ધીમે ધીમે ઓસરી રહ્યા છે, પરંતુ ૬ બ્લોક અને દ્રૐ-૭૨૨ હજુ પણ જળમગ્ન છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ પૂરથી લાખો લોકો પ્રભાવિત થયા છે અને હજારો લોકોએ સ્થળાંતર કર્યું છે. પૂરથી ઘેરાયેલા બિહારના છપરા,સારણ જિલ્લામાં જળસ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે. જોકે હજુ પણ ૬ થી વધુ બ્લોકમાં પૂરના કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત છે. આ પૂરના કારણે મકેરમાં એનએચ-૭૨૨ મુઝફ્ફરપુર-છપરા હાઈવે પર હજુ પણ લગભગ અડધો ફૂટ પાણી ભરાયેલા છે. તો બીજી તરફ અનેક ગામોના રસ્તાઓ ધોવાઈ ગયા છે, અને ડઝનબંધ ઘરો જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. જિલ્લા વહીવટીતંત્રના અહેવાલ મુજબ કેટલાક વિસ્તારોમાં પૂરના પાણી ઓસર્યા પણ છે.



આ તમામ વિસ્તારોમાં ચેપ અને રોગચાળો ફેલાતો અટકાવવા માટે બ્લીચિંગ પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, જિલ્લાના ૬ બ્લોકની ૪૨ પંચાયતોના ૨૩૬ ગામો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. આ વિસ્તારોમાં રાહત, બચાવ, આરોગ્ય, પીવાનું પાણી, પશુ ચિકિત્સા અને અનાજ પુરવઠા સહિતની આવશ્યક સેવાઓ સતત ચલાવવામાં આવી રહી છે. એક અંદાજ મુજબ આ પૂરથી આશરે ૪ લાખ ૬૦ હજાર ૯૬૩ ની વસ્તી અને ૧ લાખ ૪ હજાર ૪૩ પરિવારો પ્રભાવિત થયા છે.

પૂરના કારણે લગભગ ૭૪,૭૩૭ લોકોએ સ્થળાંતર કર્યું છે. આ તમામ લોકો પ્રભાવિત વિસ્તારોમાંથી નીકળીને સુરક્ષિત સ્થળોએ રહી રહ્યા છે. જે લોકો રાહત અને બચાવ છાવણીઓમાં રહી રહ્યા છે, તેમના માટે જરૂરી સંસાધનો સતત પૂરા પાડવામાં આવી રહ્યા છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૪ મેડિકલ કેમ્પ લગાવવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં ૧૪,૦૧૨ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. તો બીજી તરફ પ્રભાવિત વિસ્તારોમાં પશુઓ માટે ચારા અને સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, પ્રભાવિત વિસ્તારોમાં ૧૩૩ સામુદાયિક રસોડા ચલાવવામાં આવી રહ્યા છે.

# સુરત મેટ્રોનું અનોખુ મોડલ, મેટ્રોમાં ઝળહળશે ડાયમંડ કટ લુક

**દ્રષ્ટિકોણ-સુરત,** તાપી નદીના કિનારે વસેલા સુરતના ૧૦૦ વર્ષના પરિવહન ઈતિહાસમાં જળમાર્ગો, બગ્ગી અને ટાંગાથી શરૂ થયેલી સફર આજે આધુનિક મેટ્રો સુધી પહોંચી છે. ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગના વિકાસ સાથે ઓટોરિક્ષા અને સ્થાનિક બસ સેવાઓનો વ્યાપ વધ્યો, ત્યારબાદ મ્હ્જી નેટવર્કથી 'બ્રિજ સિટી' તરીકે ઓળખ મેળવનાર સુરત હવે મેટ્રો ટ્રેનના આધુનિક પરિવહન માળખા તરફ આગળ વધી રહ્યું છે.

વિકસિત ભારતના સંકલ્પ સાથે સુરતમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ શહેરના પરિવહન માળખાને નવી દિશા આપવાની સાથે ટેકનોલોજી, એન્જિનિયરિંગ, પર્યાવરણ અને હેરિટેજના સંકલનનું ઉદાહરણ બની રહ્યો છે. સુરત રેલવે સ્ટેશન, સિટી બસ અને GSRTC ડેપોને એક જ નેટવર્ક હેઠળ જોડતું મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ માળખું શહેરમાં મુસાફરીને વધુ સુગમ બનાવશે.

સુરતની વિશ્વવિખ્યાત ડાયમંડ સિટી તરીકેની ઓળખને મેટ્રોના ઈન્ટિરિયરમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. મેટ્રો ટ્રેનની



### ડાયમંડ થીમ આધારિત ઈન્ટિરિયરથી દેશના પ્રથમ સ્ટેક્ડ મેટ્રો સ્ટેશન સુધી; ટેકનોલોજી, પર્યાવરણ અને હેરિટેજના સંકલન સાથે 'બ્રિજ સિટી'ની નવી ઓળખ

સિલિંગ અને એલિવેશનમાં હીરાના વિવિધ કટ્સથી પ્રેરિત ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. આ ડિઝાઈન સુરતની આગવી ઓળખને મેટ્રોના આધુનિક સ્વરૂપ સાથે જોડે છે.શહેરના અત્યંત ગીચ વિસ્તારોમાં જમીનની અછતને ધ્યાનમાં રાખીને સ્ટેક્ડ મેટ્રો સ્ટેશનની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટેક્ડ સ્ટેશનમાં બંને દિશાના પ્લેટફોર્મ અને ટ્રેક બાજુ-બાજુને બદલે એકબીજાની ઉપર-નીચે બનાવવામાં આવે છે. ઉપરના લેવલ પરથી એક દિશાની અને નીચેના લેવલ પરથી બીજી દિશાની ટ્રેન પસાર થાય છે. આ પ્રકારની વ્યવસ્થાથી ઓલ્ડ સિટીના સાંકડા અને ગીચ વિસ્તારોમાં જમીન સંપાદનની જરૂરિયાત ઘટાડીને ઊભી જગ્યાનો ઉપયોગ કરી શકાય છે. વર્ટિકલ સ્ટેક્ડ ટનલ, ડાયાફ્રામ વોલ અને ટોપ-ડાઉન કન્સ્ટ્રક્શન જેવી એન્જિનિયરિંગ પદ્ધતિઓનો ઉપયોગ આ પ્રકારના બાંધકામમાં કરવામાં આવે છે.

### મજુરાગેટ બનશે ઈન્ટરચેન્જ હબ

કોરિડોર-૧ અને કોરિડોર-૨ને જોડતું મજુરાગેટ સ્ટેશન સુરતનું પ્રથમ ઈન્ટરચેન્જ હબ બનશે. જ્યારે સારોલી અને રઘુકુલ ટેક્સટાઈલ માર્કેટ વિસ્તારમાં ૪૭ હજારથી વધુ નટ-બોલ્ટ અને ૮૧૦ ટન સ્ટીલથી તૈયાર ૮૫ મીટરના વિશાળ ઓપન વેબ ગર્ડરનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ રીતે સુરત મેટ્રો પ્રોજેક્ટ માત્ર જાહેર પરિવહનની સુવિધા પૂરતો સીમિત ન રહેતાં શહેરની ઐતિહાસિક ઓળખ, આધુનિક એન્જિ., પર્યાવરણ સંરક્ષણ અને સ્માર્ટ સિટી વિઝનને એકસાથે જોડતો પ્રોજેક્ટ બની રહ્યો છે.

### ૭૦૦ વર્ષ જૂના ચોર આમલી વૃક્ષ માટે એલાઈનમેન્ટ બદલાયું

મેટ્રો પ્રોજેક્ટમાં પર્યાવરણ અને ઐતિહાસિક વારસાના સંરક્ષણને પણ મહત્વ આપવામાં આવ્યું છે. અડાજણ ગામમાં આવેલા ૭૦૦ વર્ષથી વધુ જૂના ઐતિહાસિક ચોર આમલી વૃક્ષને બચાવવા માટે મેટ્રોનું એલાઈનમેન્ટ બદલવામાં આવ્યું હતું. છ અંડરગ્રાઉન્ડ સ્ટેશનોને IGBCના ગ્રીન બિલ્ડિંગ ધોરણો અનુસાર ડિઝાઈન કરવામાં આવ્યા છે. ડેપોમાં સુએઝ અને એફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પાણીના પુનઃઉપયોગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### ૭૫૦ વોલ્ટ DC થર્ડ રેલથી વીજ પુરવઠો

સુરત મેટ્રોમાં પાટાના લેવલ પરથી ૭૫૦ વોલ્ટ DC થર્ડ રેલ સિસ્ટમ દ્વારા વીજ પુરવઠો આપવામાં આવશે. આ વ્યવસ્થામાં પરંપરાગત ઓવરહેડ વીજ થાંભલાઓની જરૂરિયાત રહેતી નથી. ખજોદના ડ્રીમ સિટી વિસ્તારમાં ૨૦ હેક્ટરમાં ફેલાયેલા અત્યાધુનિક ડેપોમાં એકસાથે ૨૪ ટ્રેન ઊભી રહી શકે તેવું સ્ટેબિલિંગ યાર્ડ, ટેકનિકલ યુનિટ, મેન્ટેનન્સ અને વોશિંગ પ્લાન્ટ તેમજ એડમિન બ્લોક બનાવવામાં આવ્યા છે. ડેપો વિસ્તારમાં ૩ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવ્યું છે.







CMYK

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Wednesday,07 September-2026
બુધવાર, તા.૦૭/૧૦/૨૦૨૬

# મતાધિકારના મુદ્દે સુરતમાં ઈન્ડિયા ગઠબંધનનું શક્તિ પ્રદર્શનઃ ૮મીએ રેલી યોજાશે

## વનિતા વિશ્રામથી કલેક્ટર કચેરી સુધી રેલી, ચૂંટણી પ્રક્રિયા અને વોટ ચોરીના આક્ષેપો અંગે જવાબદારી નક્કી કરવા માંગ સાથે આવેદન અપાશે




**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેર સર્કિટ હાઉસ ખાતે ઈન્ડિયા ગઠબંધન સુરત યુનિટ દ્વારા મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સહિત સીપીઆઈ, એનસીપી, સીપીએમ તેમજ ઈન્ડિયા ગઠબંધનના અન્ય સાથી પક્ષોના આગેવાનો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આગેવાનોએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં ચૂંટણી પ્રક્રિયા અને નાગરિકોના મતાધિકાર સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ચૂંટણી પંચ સામે ઉઠાવવામાં આવેલા વિવિધ પ્રશ્નો તેમજ વોટ ચોરીના આક્ષેપો અંગે જવાબદારી નક્કી કરવાની અને સંબંધિત અધિકારી જ્ઞાનેશ ગુપ્તાના રાજીનામાની માંગ સાથે દિલ્હી સહિત દેશના વિવિધ રાજ્યોમાં ઈન્ડિયા ગઠબંધન દ્વારા માર્ચ, સભાઓ અને રેલીઓ યોજાઈ રહી છે.

૮ ઓક્ટોબર, ગુરુવારના રોજ સુરત ખાતે ઈન્ડિયા ગઠબંધન દ્વારા વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલીમાં ગઠબંધનના વિવિધ પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા અને પોતાના મતાધિકાર અંગે પ્રશ્નો ઉઠાવતા નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. રેલી સવારે ૧૦:૦૦ કલાકે વનિતા વિશ્રામ ખાતેથી પ્રસ્થાન કરશે અને કલેક્ટર કચેરી ખાતે પહોંચશે. ત્યાં સૌપ્રથમ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવશે.

ત્યારબાદ ભારતીય સંવિધાન દ્વારા નાગરિકોને આપવામાં આવેલા ચૂંટણી અને મતાધિકાર સંબંધિત બંધારણની કલમ ૩૨૬નું વાંચન કરવામાં આવશે. ત્યારબાદ ઈન્ડિયા ગઠબંધન દ્વારા પોતાની વિવિધ માંગણીઓ અંગે કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે.

પ્રેસ કોન્ફરન્સમાં સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલભાઈ ઉધનાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા નૈષધભાઈ દેસાઈ, સીપીઆઈના વિજયભાઈ શેનમારે, એનસીપીના સાગર સોનવણે, સીપીએમના મનસુખભાઈ, કોંગ્રેસના કોર્પોરેટર અરશદભાઈ જરીવાલા, પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલા સહિત ઈન્ડિયા ગઠબંધનના વિવિધ પક્ષોના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડિયા ગઠબંધનના આગેવાનોએ સુરતના નાગરિકો, લોકશાહીપ્રેમી નાગરિકો, યુવાનો, મહિલાઓ તેમજ તમામ સાથી પક્ષોના કાર્યકરોને ૮ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે વનિતા વિશ્રામ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રેલીને સફળ બનાવવા અપીલ કરી હતી.



તસવીરઃ હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતના રિંગ રોડ સ્થિત ગોકુલ-૨ અને મિલેનિયમ-૨ માર્કેટમાં દિવાળી, દશેરા અને નવરાત્રીના તહેવારોને પગલે વેપારમાં તેજી જોવા મળી રહી છે. માર્કેટમાં પાર્સલોના ઢગલા નજરે પડી રહ્યા છે. અહીંથી દેશ-વિદેશના વિવિધ સ્થળોએ મોટા પ્રમાણમાં ટેક્સટાઈલ પાર્સલો મોકલાઈ રહ્યા છે. તસવીરમાં મિલેનિયમ-૨ માર્કેટમાં પાર્સલોનો જમાવડો નજરે પડે છે.

# ભેસ્તાનમાં દબાણ હટાવવા ગયેલી પાલિકાની ટીમ સાથે ઘર્ષણ

**સામાન સાથે જપ્ત કરાયેલા વજનકાંટા પરત કરવાની માંગ સાથે ફેરિયાઓ પાલિકાના સ્ટાફને ઘેરી વળ્યા, ખાસ્સી નોંકઝોંક પણ થઈ**

**દ્રષ્ટિકોણ-સુરત,** ભેસ્તાન વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ફેરિયાઓએ પાલિકાના કર્મચારીઓને ઘેરી લીધા હતા. એક તબક્કે ઉગ્ર બોલાચાલી થતાં સ્થળ પર ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સુરત પાલિકાના દબાણ વિભાગ દ્વારા શહેરમાં જાહેર માર્ગો અને જાહેર જગ્યાઓ પરના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે ભેસ્તાનમાં પાલિકાની ટીમ લારી-ગલ્લા સહિતના દબાણો દૂર કરવા પહોંચતાં ફેરિયાઓમાં દોડધામ મચી હતી. કામગીરી દરમિયાન દબાણનો સામાન જપ્ત કરવામાં આવતાં કેટલાક ફેરિયાઓએ પાલિકાની ટીમ સામે વિરોધ શરૂ કર્યો હતો.

આ દરમિયાન લારી-ગલ્લા સાથે કેટલાક ફેરિયાઓના વજનકાંટા પણ પાલિકાના કર્મચારીઓ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. વજનકાંટા જપ્ત કરાતાં ફેરિયાઓએ તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આ મુદ્દે સ્થાનિકો અને ફેરિયાઓ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને પાલિકાના કર્મચારીઓને ઘેરી લીધા હતા.

પાલિકાની ટીમને ઘેરીને વિરોધ કરવામાં આવતાં સ્થળ પર થોડા સમય માટે તંગદિલીભર્યું વાતાવરણ સર્જાયું હતું.

ફેરિયાઓ અને પાલિકાના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. એક તબક્કે મામલો ઘર્ષણ સુધી પહોંચે તેવી સ્થિતિ સર્જાતાં સ્થળ પર હોબાળો મચી ગયો હતો.

# વડોદરામાં વીમા કંપની સાથે છેતરપિંડીનો આરોપ

**વડોદરા,તા.૬**

વડોદરાની એક ઈન્સ્યોરન્સ કંપનીમાં મૃતક વ્યક્તિનો વીમો ઉતારી લેવાનો બનાવ બનતા કંપનીએ ઈન્સ્યોરન્સ લેનાર એજન્સીના જવાબદાર કર્મચારી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઓપી રોડ પર રિલાયન્સ મોલ સામે આવેલી આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિઅલ ઈન્સ્યોરન્સ કંપનીના રિલેશનશિપ મેનેજર પ્રથમ પાંડેએ પોલીસને કહ્યું છે કે અગાઉ અમારી કંપની રેસકોર્સના લેન્ડમાર્ક બિલ્ડીંગ ખાતે હતી અમારે વર્ષ ૨૦૨૧મા રેસકોર્સ ટાવર નટુભાઈ સર્કલ પાસે આવેલી ડીટુસી ઈન્સ્યોરન્સ બ્રોકિંગ પ્રા.લિ. સાથે ઈન્સ્યોરન્સ બ્રોકર તરીકે પરસ્પર કામ કરવાનો કોન્ટ્રાક્ટ થયો હતો. આ દરમિયાન એજન્સીના કોઈ કર્મચારીએ રાકેશ પ્રતાપભાઈ પટેલિયાના નામે ૧૧-૫-૨૦૨૩ ના રોજ અમારી કંપનીના નામે વીમો ઉતારવામાં આવ્યો હતો. એજન્સી દ્વારા તમામ કાગળોની ચકાસણી કરી પૂર્તતા કરવામાં આવી હતી અને ત્યારબાદ વીમો ઉતારવામાં આવ્યો હતો. મેનેજર કર્યું છે કે અમારી કંપની દ્વારા આ કાગળોની ચકાસણી કરવામાં આવી ત્યારે જે વ્યક્તિનો વીમો ઉતારવામાં આવ્યો હતો તે વ્યક્તિનું બે મહિના પહેલા એટલે કે તા ૨-૩-૨૦૨૩ ના રોજ મૃત્યુ થયું હોવાનું જણાય આવ્યું હતું. જેથી અમારી કંપની સાથે વિશ્વાસઘાત થતાં પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

# નવરાત્રી પર્વ અંતર્ગત માં દુર્ગા માતાજીની ૦૪ ફૂટથી વધુ ઊંચાઈની તથા પી.ઓ.પી.ની મૂર્તિઓ બનાવવા, વેચવા કે સ્થાપના કરવા પર પ્રતિબંધ

**મૂર્તિ વિસર્જન SMC દ્વારા નિયત કરાયેલ સ્વીકાર કેન્દ્રો ખાતે જ કરવાનું રહેશે**

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત શહેરમાં આ વર્ષે નવરાત્રી નિમિત્તે તા.૧૧/૧૦/૨૦૨૬ ના રોજ શ્રી દુર્ગા માતાજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને તા.૨૦/૧૦/૨૦૨૬ ના રોજ મૂર્તિઓનું વિસર્જન થનાર છે. આ ઉત્સવ દરમિયાન પર્યાવરણની જાળવણી થાય, જળ સ્ત્રોતોમાં પ્રદૂષણ અટકે, જળ સૃષ્ટિ પર વિપરીત અસર ન થાય અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે સુરત શહેરના ઈ/ઝ પોલીસ કમિશ્નરશ્રી વાબાંગ જમીર દ્વારા સુરત કમિશનરેટ વિસ્તારમાં જરૂરી નિયંત્રણો મૂકવામાં આવ્યા છે.

જાહેરનામા અનુસાર તા.૧૧/૧૦/૨૦૨૬ થી તા.૨૦/૧૦/૨૦૨૬ સુધી આ મુજબના પ્રતિબંધો અમલી બનશે, જેમાં શ્રી દુર્ગા માતાજીની માટીની મૂર્તિઓ બેઠક સહિતની ૦૪ (ચાર) ફૂટ કરતા વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર, માતાજીની પી.ઓ.પી.ની મૂર્તિઓ બનાવવા, વેંચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગો ઉપર પરીવહન કરવા ઉપર પ્રતિબધ રહેશે.

જી.સ.ઝ. દ્વારા શ્રી દુર્ગા માતાજીની મૂર્તિઓના વિસર્જન માટે નિયત કરવામાં આવનાર સ્વીકાર કેન્દ્રો પર જ મૂર્તિઓનું વિસર્જન કરી શકાશે. મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યાની આજુબાજુ કોઈ પ્રકારની ગંદકી કરવી કે કોઈ પણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવી કે માટીની મૂર્તિઓ ના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મૂકવી નહી.

કોઈ પણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર, મૂર્તિઓના વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો બે દિવસ કરતા વધારે દિવસ સુધી રાખવા ઉપર, પરમિટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવા જવા ઉપર, મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલ યુક્ત રંગોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબધ છે.

કોઈ પણ આયોજક/વ્યક્તિ પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા કુદરતી જળ સ્ત્રોત જેવા કે, તળાવ, કૂવા, નદી, નહેર વગેરે જેવી જગ્યાએ માં દુર્ગાની મૂર્તિઓનું વિસર્જન કરી શકશે નહીં. મૂર્તિ વિસર્જન માટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઠરાવેલ પદ્ધતિ સિવાયની કોઈ પણ પદ્ધતિથી મૂર્તિ વિસર્જન કરી શકશે નહીં. આ હુકમનો ભંગ કરનાર સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.



તસવીરઃ હનિફ મલિક, સુરત

**સુરતઃ** સુરતના નાનપુરા વિસ્તારમાં રામભરોસે હોટલની બાજુમાં રસ્તો ખોલવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ, મોદી સરકારના ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે જીવન ભારતી સ્કૂલ ખાતે મિલેટથી આકર્ષક રંગોળી તૈયાર કરવામાં આવી હતી. શહેરના વિવિધ વોર્ડના કોર્પોરેટરો દ્વારા નાનપુરા-૨ ચોક સહિતના વિસ્તારોમાં કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

# કામરેજના ઉંભેળ પાસે NH-48 પર પેસેન્જર બસ પલટી, મોટી જાનહાનિ ટળી

**દ્રષ્ટિકોણ-કામરેજઃ** સુરત જિલ્લાના કામરેજ નજીક નેશનલ હાઈવે-૪૮ પર પેસેન્જર ભરેલી બસ પલટી જતાં અફરાતફરી મચી ગઈ હતી. કામરેજના ઉંભેળ ગામ પાસે ઓવરબ્રિજ ઉપર આ અકસ્માત સર્જાયો હતો.



મળતી માહિતી મુજબ, પેસેન્જરોથી ભરેલી બસ અચાનક પલટી મારી જતાં બસમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, ઓવરબ્રિજના ડિવાઈડર સાથે બસ અટકી જતા બસ બ્રિજ પરથી નીચે ખાબકતા બચી ગઈ હતી. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.અકસ્મતમાં બસમાં સવાર કેટલાક મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં કામરેજ પોલીસ તેમજ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.બસ બ્રિજ પરથી નીચે ન ખાબકતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાને પગલે થોડા સમય માટે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોટી જાનહાનિ ટળતા સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

# સાબરમતી-જમ્મુ તવી ટ્રેન હવે સીધી કટરા જશે, ૫૦ કિમીનો ધક્કો બચશે

**સુરતઃ** સાબરમતીથી ઉપડતી ટ્રેન નંબર ૧૯૨૨૩ (સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ)ના રૂટમાં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. આગામી ૧૮ ઓક્ટોબર ૨૦૨૬થી આ ટ્રેન હવે જમ્મુ તવી સુધી જ મર્યાદિત રહેવાને બદલે સીધી માતા વૈષ્ણોદેવી કટરા (જીફઙ્ઘદ્ધ) સ્ટેશન સુધી જશે. તેવી જ રીતે, વાપસીમાં ટ્રેન નંબર ૧૯૨૨૪ કટરાથી સાબરમતી બીજી એક્સપ્રેસ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬થી કટરાથી જ રવાના થશે.

અગાઉ આ ટ્રેન મુસાફરોને સાંજે ૧૮:૪૦ વાગ્યે જમ્મુ તવી સ્ટેશન પર ઉતારતી હતી. ત્યાંથી કટરા સ્થિત બાણગંગા બેઝ કેમ્પ સુધી જવા માટે શ્રદ્ધાળુઓએ ૫૦ કિલોમીટરનું અંતર કાપવા માટે અલગથી બસ કે ટેક્સી પકડવી પડતી હતી. મોડેથી પહોંચતી વખતે વિશેષ કરીને વડીલો અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો અને પ્રતિ સવારી ૩૦૦થી ૫૦૦ રૂપિયા સુધીનો વધારાનો ખર્ચ પણ થતો હતો. હવે ટ્રેન સીધી કટરા પહોંચવાથી મુસાફરોના ૨થી ૩ કલાક અને નાણાં બંનેની બચત થશે.

આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીર રાજ્યના વિવિધ પ્રમુખ સ્ટેશનો પરથી પસાર થશે.

# રતનપુર નજીક બાવાગોર દરગાહે આવતીકાલે ચસ્મો વધાવાશે, મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટશે

**ઝઘડિયાઃ** ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રતનપુર નજીક આવેલી હઝરત બાવાગોર દરગાહે આવતીકાલે ચસ્મો (પાણીનો કુંડ) વધાવવાની વાર્ષિક વિધિ યોજાશે. વર્ષોથી હઝરત બાવાગોર દાદાના સમયથી ડુંગર પર આવેલા આ ચસ્માને દર વર્ષે ભાદરવા મહિનાના છેલ્લા ગુરુવારે વધાવવાની પરંપરા છે.ચસ્મો વધાવવાની વિધિ હઝરત કમાલુદ્દિન બાવા (વડોદરા) અને દરગાહના ગાદીવારસ હઝરત જાનુબાપુ દ્વારા કરવામાં આવશે. ફૂલ, ધાણી અને નાળિયેરથી ચસ્મો વધાવવાની વિધિ સંપન્ન કરાશે.ચસ્મો વધાવવાના દિવસે દરગાહ ખાતે પરંપરાગત મેળો પણ ભરાશે. ગુજરાત સહિત અન્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શન માટે પહોંચશે. ઝઘડિયા અને રાજપારડીથી બાવાગોર જવા માટે વાહનોની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

**પક્ષીઓની સુરક્ષા માટે સવારે ૬થી ૮ વાગ્યા સુધી પતંગ નહીં ઉડાવી શકાય**

# સુરતમાં ઉત્તરાયણ નિમિત્તે ચાઈનીઝ માંજા, નાયલોન દોરી અને તુક્કલ પર પ્રતિબંધ

**પોલીસનું જાહેરનામુંઃ જાહેર માર્ગો અને ભયજનક ધાબા પર ચઢીને પતંગ ઉડાવવા પર પણ રોક**

**દ્રષ્ટિકોણ-સુરત,** આગામી ઉત્તરાયણ પર્વ નિમિત્તે સુરત શહેર વિસ્તારમાં નાગરિકોની સલામતી, જાનમાલની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા તેમજ પક્ષીઓની રક્ષા અને પર્યાવરણની જાળવણી હેતુસર સુરત શહેરના I/C પોલીસ કમિશ્નરશ્રી વાબાંગ જમીરે શહેરમાં જરૂરી નિયંત્રણો અને પ્રતિબંધો મૂકવામાં આવ્યા છે.

આ જાહેરનામા અનુસાર તા.૦૩/૧૦/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી નીચે મુજબના નિયમોનું પાલન કરવાનું રહેશે, જેમાં કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગો, રસ્તાઓ, ફૂટપાથ કે ભયજનક ધાબા પર ચડીને પતંગ ઉડાડવી નહીં. પતંગ ચગાવવા માટે વપરાતી નાયલોન દોરી, સેન્થેટીક મટીરીયલથી કોટેડ કે નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી ચાઈનીઝ દોરી મેળવવી નહીં, સંગ્રહ કરવી નહીં, વેચાણ કરવું નહીં, તેનાથી પતંગ ચગાવવી નહીં તેમજ કપાયેલા પતંગ કે દોરી પકડવી નહીં. સેન્થેટીક કે સુતરાઉ દોરા પર લોખંડનો પાઉડર, કાચનો ભૂકો કે અન્ય નુકસાનકારક પદાર્થ ચઢાવી તૈયાર કરેલ દોરા મેળવવા નહીં, ખરીદવા નહીં, સંગ્રહ કરવા નહીં, વેચાણ કરવું નહીં કે ઉત્પાદન કરવું નહીં.

ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વેચાતા ચાઈનીઝ માંજા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ કે ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચવાં નહીં તથા આયાત કરવાં નહીં. પક્ષીઓના માળામાંથી બહાર આવવા તથા પરત ફરવાના સમયગાળા દરમિયાન એટલે કે સવારે ૦૬:૦૦ થી ૦૮:૦૦ વાગ્યા એમ બે કલાલ સુધી પતંગ ઉડાડવી નહીં. ચાઈનીઝ તુક્કલ ઉડાડવી નહીં, ખરીદવી નહીં, આયાત કરવી નહીં, વેચાણ કરવું નહીં, કબજામાં રાખવી નહીં કે સંગ્રહ કરવો નહીં. આબાલવૃદ્ધ અને આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવાં નહીં. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવી નહીં.

# સુરતમાં ગરબા યોજાશે કે નહીં? એકેય આયોજકે હજુ પરમિટ જ લીધી નથી!

## ખેલૈયાઓ અને પ્રેક્ષકોની સલામતી માટે સુરત ફાયર બ્રિગેડે ગાઈડલાઈન બહાર પાડી છે, છેલ્લી ઘડીએ પરમિટ માટે દોડાદોડ થશે કે ફાયરે પરમિટ વિનાના ગરબાઓ બંધ કરાવવા નીકળવું પડશે?

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૬**

સુરતમાં આગામી દિવસોમાં યોજાનારા નવરાત્રી મહોત્સવને લઈને ખેલૈયાઓમાં ભારે ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ શહેરમાં ઠેર-ઠેર કોમર્શિયલ ગરબાના આયોજનો માટે મોટા ડોમ અને મંડપો બાંધવાની કામગીરી પણ વેગવંતી બની છે.

જોકે, આ આયોજનોના ધમધમાટ વચ્ચે સુરત ફાયર વિભાગ દ્વારા સુરક્ષા હેતુ જાહેર કરાયેલી કડક માર્ગદર્શિકા પ્રત્યે આયોજકોની ગંભીર ઉદાસીનતા સામે આવી રહી છે. નવરાત્રીને હવે બહુ ઓછો સમય બાકી હોવા છતાં, શહેરના નાના-મોટા એકપણ ગરબા આયોજકે હજુ સુધી ફાયર સેફ્ટીની ફરજિયાત પરવાનગી મેળવી ન હોવાનું સામે આવ્યું છે.

### ફાયર વિભાગની આ ગાઈડલાઈનમાં ખોટું કંઈ નથી, બધાંની સુરક્ષા માટે જ છે, છતાં...

ફાયર વિભાગની ગાઈડલાઈન અનુસાર, ૫૦૦ ચોરસ મીટરથી મોટા તથા ૮ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા પંડાલમાં જ્યાં ૫૦૦થી વધુ લોકો એકત્ર થવાના હોય ત્યાં મુલાકાતીઓનો ચોક્કસ રેકોર્ડ રાખવો ફરજિયાત છે. આ ઉપરાંત પંડાલની નિર્ધારિત ક્ષમતાથી વધુ લોકોને પ્રવેશ ન આપવો, પ્રત્યેક વ્યક્તિદીઠ ઓછામાં ઓછી એક ચોરસ મીટર જગ્યા ફાળવવી, અને મુખ્ય સ્ટેજને મુખ્ય રસ્તાથી ૫૦ મીટરથી વધુ દૂર ન રાખવું જેવી જોગવાઈઓ કરાઈ છે. સાથોસાથ ઈમરજન્સી વખતે ફાયર બ્રિગેડની ગાડીઓ સરળતાથી પહોંચી શકે તે માટેનો માર્ગ ખુલ્લો રાખવો, કટોકટીના સમયે બહાર નીકળવાના પૂરતા રસ્તાઓ રાખવા અને પ્રવેશદ્વારની પહોળાઈ તથા ઊંચાઈ ઓછામાં ઓછી ૫ ફૂટ રાખવી ફરજિયાત બનાવાઈ છે. આ ઉપરાંત ડોમની અંદર ખાણીપીણીના સ્ટોલ રાખવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે તેમજ સ્થળ પર ચાલુ હાલતમાં ફાયર સેફ્ટીના સાધનો અને ઈમરજન્સીમાં ત્વરિત સંપર્કની વ્યવસ્થા ગોઠવવા આદેશ કરાયા છે.

મોટા પંડાલ અને ડોમમાં હજારોની મેદની એકત્ર થતી હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ કે આગની ઘટના સમયે લોકોની સુરક્ષિત નિકાસ, ભીડ નિયંત્રણ અને ફાયર સેફ્ટીના આગોતરા પગલાંને ધ્યાનમાં રાખીને પાલિકાએ અગાઉથી જ કડક શરતો જાહેર કરી દીધી હતી. આ નિયમોનું અક્ષરશઃ પાલન કર્યા બાદ જ આયોજકોને ગરબા યોજવાની મંજૂરી આપવાની શરત રાખવામાં આવી છે.

જો કે આશ્ચર્યની વાત એ છે કે તહેવાર માથે હોવા છતાં આયોજકો દ્વારા ફાયર ર્દ્રઝ માટે પ્રક્રિયા શરૂ ન કરાતાં આખરી ઘડીએ મંજૂરી મેળવવા માટે ભારે દોડધામ અને પડાપડી થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. હવે એ જોવાનું રહેશે કે પાલિકાના સ્પષ્ટ આદેશો બાદ પણ પરવાનગી વગર ગરબા આયોજન કરનારા સામે ફાયર વિભાગ કઈ રીતે કડક કાર્યવાહી કરે છે.

# ૧૮ વર્ષથી ફરાર બળાત્કારના આરોપીને ભારત-નેપાળ બોર્ડર પરથી ડાંગ LCBએ ઝડપી પાડ્યો

**દ્રષ્ટિકોણ-ડાંગ :** ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૦૮માં ૧૩ વર્ષની સગીરાના અપહરણ અને બળાત્કારના ગુનામાં છેલ્લા ૧૮ વર્ષથી ફરાર ચાલતા વોન્ટેડ આરોપીને ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે ઉત્તર પ્રદેશના ભારત-નેપાળ બોર્ડર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. સુરત રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ (IPS)ના ''નો વોન્ટેડ ઈન સાઉથ ગુજરાત'' અભિયાન અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

પોલીસ પ્રેસનોટ મુજબ, વર્ષ ૨૦૦૮માં આરોપીએ આહવા તાલુકાના ચિંચલી ગામની ૧૩ વર્ષની સગીરાને બજારમાં ફરવા લઈ જવાનું કહી લલચાવી-ફોસલાવી તેનું અપહરણ કર્યું હતું. ત્યારબાદ તેને નેપાળ તથા ઉત્તર પ્રદેશ તરફ લઈ જવામાં આવી હતી. આ મામલે આહવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ આરોપી લાંબા સમયથી પોલીસ પકડથી દૂર હતો.



ફરાર આરોપીઓને ઝડપી પાડવા પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહના માર્ગદર્શન હેઠળ અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવની સૂચનાથી ખાસ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો. LCBના PSI જે.જી. અનડકટ તથા ટીમને મળેલી બાતમીના આધારે ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં ભારત-નેપાળ બોર્ડર વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

## ૨૦૦૮માં ૧૩ વર્ષની સગીરાનું અપહરણ કરી નેપાળ લઈ જવાનો આરોપ, ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગરમાંથી ધરપકડ

LCB ટીમે બોર્ડર વિસ્તારમાં પગપાળા તેમજ ઈલેક્ટ્રિક રિક્ષામાં મુસાફરી કરી રેકી હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી ભંગારનો વ્યવસાય કરવા માટે ઉપયોગ કરતો ઈલેક્ટ્રિક રિક્ષા ઓળખી કાઢવામાં આવી હતી. ત્યારબાદ આરોપીની ઓળખની ખરાઈ કરી રિક્ષાનો પીછો કરવામાં આવ્યો હતો. અંતે ભારત-નેપાળ બોર્ડરથી આશરે દોઢ કિલોમીટર દૂર મીઠવલ ગામ, બર્ડપુર-૩ ખાતેથી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.પકડાયેલા આરોપીને સિદ્ધાર્થનગર કોર્ટમાં રજૂ કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસ ટીમ આશરે ૪,૦૦૦ કિલોમીટરનો પ્રવાસ કરી આરોપીને આહવા-ડાંગ ખાતે લાવી આગળની કાર્યવાહી માટે આહવા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.આહવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૦૦૨૦/૨૦૦૮ હેઠળ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ અને ૧૧૪ મુજબ ગુનો નોંધાયો હતો. આ કાર્યવાહી ડાંગ LCBની ફીલ્ડ તથા ટેકનિકલ ટીમના સંકલિત પ્રયાસોથી કરવામાં આવી હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. પોલીસની આ કામગીરીને ''નો વોન્ટેડ ઈન સાઉથ ગુજરાત'' અભિયાન હેઠળ મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે.

# વલસાડ ડિસ્ટીકટ સેન્ટ્રલ કો.ઓપ.બેંકના પૂર્વ મેનેજર સામે રૂ.૬૯.૪૯ લાખની ઉચાપતની ગણદેવી પોલીસમાં ફરિયાદ

**દ્રષ્ટિકોણ-ગણદેવી:** ગણદેવી સ્થિત ધી વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની શાખાના પૂર્વ મેનેજર, સંજય જાની સામે ગણદેવી અને ખારા અબ્રામાની શાખામાં ફરજ કાળ દરમિયાન કુલ રૂ.૮૩.૭૬ લાખની ઉચાપત અને ગેરરીતિની પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પોલીસ સૂત્રોના દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આરોપી સંજય રસિકલાલ જાની ( મૂળ રહે.મહેસાણા અને હાલ રહે.મુક્તાનંદએપાર્ટમેન્ટ નુતન સોસાયટી, નવસારી.) બેંક મેનેજર તરીકે પોતાની ફરજ કાળમાં સત્તાનો દુરુપયોગ કરીને બેંક હેડ ઓફિસના, બેંક ખાતામાંથી ખોટી રીતે રકમ ઉપાડી હતી.અને અન્ય

**હેડ ઓફિસના ખાતામાંથી નાણાં ઉપાડી ગ્રાહકોના ખાતામાં ઉધારી ખોટાં વાઉચરો બનાવી ઉચાપત કરી હતી.**

ગ્રાહકોનાખાતામાં તેમની જાણ બહાર જમા કરીને ખોટા ઉધાર વાઉચરો બનાવી ઉચાપત કરી હતી.ત્યાર પછી બેંકનાં રેકોર્ડ સાથે છેડછાડ કરીને ગ્રાહકોને રકમ જમા કરાવ્યાના પુરાવા ઊભા કર્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા.૦૪/૧૨/૧૭ થી ૧૧/૧૧/૨૦૨૧ દરમિયાન મેનેજરે હેડ ઓફિસના ખાતામાંથી તેમની બેંકનાં ગ્રાહકોનાં અલગ-અલગ ખાતાઓમાં રકમ ઉધારી હતી.જેનો કુલ રૂ.૮૩.૭૬ લાખની રકમ પોતાના અંગત ઉપયોગ માટે ઉચાપત કરી હતી. બેંક નાં ધ્યાનમાં આ, મામલો આવતા બેંકએ રકમ જમા કરાવવા દબાણ વધારતા આરોપી મેનેજરે અલગ-અલગ તારીખે મળીને કુલ રૂ.૧૪.૨૭ લાખ જમા કરાવ્યા હતા.

પરંતુ બાકી રૂ.૬૯.૪૯ લાખ જમા નહીં કરાવવાની બેંક દ્વારા ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે બેંકના રેકોર્ડ, ગ્રાહકો ના ખાતા તથા વાઉચરોની તપાસમાં મામલો બહાર આવ્યો હતો. આ, અંગે, બેંકનાં આઈ.ટી.વિભાગ તરફથી ગણદેવી પોલીસમાં પૂર્વ મેનેજર સંજય જાની સામે ઉચાપત અને ગેરરીતિની ફરીયાદ નોંધાવી હતી.પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભીનાર ગામે દીપડાનો આતંક: આંગણેથી ત્રણ વર્ષના બાળકને ઊંચકી ગયો

## બે-ત્રણ કલાકની શોધખોળ બાદ બાળકનો મૃતદેહ મળ્યો; રહેણાંક વિસ્તારમાં દીપડો ઘૂસતાં ગ્રામજનોમાં ફફડાટ



**દ્રષ્ટિકોણ-ઉનાઈ,** વાંસદા તાલુકાના ભીનાર ગામમાં દીપડાના હુમલાની હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. ગામના કુભાર ફળિયામાં રહેતા મિતલબેન અરુણભાઈ પટેલના ત્રણ વર્ષના બાળકને દીપડો ઘરનાં આંગણામાંથી ઊંચકી જતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં ગામના સરપંચ સહિત ગ્રામજનો તાત્કાલિક બાળકની શોધખોળમાં જોડાયા હતા. બનાવની જાણ વનવિભાગને થતાં અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનો અને વનવિભાગ દ્વારા આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

લગભગ બે-ત્રણ કલાકની શોધખોળ બાદ બાળકનો મૃતદેહ મળી આવતાં પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મૃતદેહને વધુ કાર્યવાહી માટે કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

રહેણાંક વિસ્તારમાં જ દીપડાએ બાળકને નિશાન બનાવતાં ભીનાર ગામ સહિત આસપાસના વિસ્તારોમાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. વનવિભાગના અધિકારીઓએ ગ્રામજનોને ખાસ કરીને બાળકોને એકલા બહાર ન મોકલવા અને રાત્રિના સમયે વધુ સાવચેતી રાખવા સહિતની તકેદારી રાખવા સૂચના આપી છે.

# ગણદેવીમાં દેવધા ડેમના ૪૦ દરવાજા બંધ કરાયા, ૬.૪૫ MCM જળસંગ્રહ થશે

## તાલુકામાં ૮૭.૧૨ ઈંચ વરસાદ બાદ ચોમાસાની વિદાય, ૨૯ ગામોની ૭,૪૪૦ એકર જમીનને સિંચાઈનો લાભ મળશે

**દ્રષ્ટિકોણ-બીલીમોરા,તા.૬**
ગણદેવી તાલુકામાં ૮૭.૧૨ ઈંચ (૨૧૭૮ મીમી) વરસાદ બાદ ચોમાસાઋતુ ની વિદાય થઈ છે. ત્યારે ગણદેવી તાલુકાની જીવાદોરી સમાન દેવધા ડેમ ઉપર ૪૦ દરવાજા મંગળવારે ફિટ (બંધ) કરાયા હતા. જેને પગલે નવરાત્રી ટાણે ૬.૪૫ એમસીએમ (મિલિયન ક્યુબીક મીટર) જેટલો વિશાળ જળભંડાર સંગ્રહિત થશે જેનાં થકી ૨૯ ગામો ની ૩૦૧૦.૮ હેકટર (૭૪૪૦એકર) જમીન માં સિંચાઈ સુલભ બનશે.



બીલીમોરા નજીક દેવધા ગામે અંબિકા નદી ઉપર વર્ષ ૨૦૦૨માં ૧૯ કરોડના ખર્ચે દેવધાડેમ દેવ સરોવર પરીયોજના સાકાર થઈ હતી. ૫૦૦મીટર લાંબા અને પાંચ મીટર પહોળા ડેમમાં ૧ એક મીટર ઊંચા અને ૪ મીટર પહોળા ૪૦ દરવાજાઓ છે.

જે થકી ડેમની અપસ્ટ્રિમમાં ૬.૪૫ (એમસીએમ) મિલિયન કયુબિક મીટર જેટલો વિશાળ ભંડાર એકત્ર કરી શકાય છે. પરીણામે ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વિશાળ જળસંગ્રહથી તાલુકાના ખેતી, ઉદ્યોગ સહિત પીવાના પાણીની સમસ્યા હલ થશે. ડેમના કેચમેન્ટ વિસ્તાર ની વેંગણિયા અને પનિહારી નદીઓ માં જળસ્તર વધશે. પરીણામે બંધારા પુલ ધોબીઘાટ પણ ફરી સજીવન બનશે.

ડેમ ને પગલે શ્રમજીવીઓ વર્ષભર મચ્છી પકડી કમાણી કરશે. ગણદેવી ડ્રેનેજ વિભાગ અધિકારી પ્રિયાંક પટેલ અને પ્રિયાંક ભોયા તેમજ સ્ટાફે વહેલી સવાર થી મોડી સાંજ સુધી દરવાજા ની કામગીરી પાર પાડી હતી.

ગણદેવી નગરપાલિકા, બીલીમોરા નગરપાલિકા અને દેવધા કરોડ જૂથ પાણી પુરવઠા યોજના પણ દેવધા ડેમ આધારિત છે.તાલુકા નાં ૨૯ જેટલા ગામોમાં વર્ષભર પાણીની તકલીફો નો અંત આવશે. ડેમ ની અપ સ્ટ્રીમ માં નવસારી નાં બોરીયાચ ટોલ થી બે -ત્રણ કીમી દૂર સુધી જળસંગ્રહ થાય છે.

# તિથલ બીચ પર NSS વિદ્યાર્થીઓનું સ્વચ્છતા અભિયાન



**દ્રષ્ટિકોણ-વલસાડ:** વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજના NSS યુનિટ દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તિથલ બીચ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. જાહેર પર્યટન સ્થળોની સ્વચ્છતા જાળવવા અંગે જનજાગૃતિ કેળવવા તેમજ વિદ્યાર્થીઓમાં સેવા, શ્રમદાન અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાના હેતુથી આ અભિયાન હાથ ધરાયું હતું.

અભિયાનમાં કોલેજના આશરે ૨૬ NSS વોલિયન્ટર્સ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ તિથલ બીચના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી કચરો એકત્રિત કર્યો હતો. સાથે જ બીચ પર સ્વચ્છતા જાળવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા અંગે લોકોને જાગૃત કર્યા હતા. શ્રમદાન થકી વિદ્યાર્થીઓએ સ્વચ્છતા એ સૌની જવાબદારી છે એવો સંદેશ આપ્યો હતો.આ કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર એમ. જી. પટેલ, ડૉ. પારસ શેઠ, ડૉ. નીલમબેન ઇટાળીયા અને ડૉ. સાપનાબેન રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વી. આર. ચાંપાનેરીના માર્ગદર્શન અને પ્રેરણાથી અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.સેવા અભિયાન દરમિયાન આસિસ્ટન્ટ કલેક્ટર પિયુષભાઈ ઘટાલા તથા તેમની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. તેમની ઉપસ્થિતિથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો હતો. NSS વોલિયન્ટર્સે શિસ્ત અને સેવાભાવ સાથે કામગીરી કરી તિથલ બીચ જેવા મહત્વના પર્યટન સ્થળને સ્વચ્છ અને સુંદર રાખવા માટે શ્રમદાન કર્યું હતું.

# વાંસદા તાલુકાના રૂપવેલમાં દીપડાનો આતંક, વાહનચાલક પર હુમલો

**દ્રષ્ટિકોણ-વાંસદા,** વાંસદા તાલુકાના રૂપવેલ ગામમાં રાયાવાડી ફળિયાની ગુજરાતી શાળા આસપાસ છેલ્લા કેટલાક સમયથી દીપડો અવરજવર કરતો જોવા મળતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. દરમિયાન દીપડાએ ૩થી ૪ વાહનચાલકો પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાની માહિતી સામે આવી છે.

મંગળવારે સાંજે આશરે ૭:૩૦ વાગ્યાના અરસામાં અનાવલ તરફથી ચારલય ખાતે પોતાના ઘરે જઈ રહેલા ચંદ્રકાન્તભાઈ નાથુભાઈ પટેલ રાયાવાડી ગુજરાતી શાળા સામેના રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક દીપડાએ તેમના પર હુમલો કરતાં તેમના હાથ અને પગમાં ઈજા થઈ હતી.

ઈજાગ્રસ્ત ચંદ્રકાન્તભાઈને તાત્કાલિક સારવાર માટે કડોલપાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેમને વાંસદાની શ્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડૉ. લોચન શાસ્ત્રીએ તેમની સારવાર કરી હતી. સારવાર બાદ તેમને રજા આપવામાં આવી હતી.

ઘટનાની જાણ વાંસદા વન વિભાગને થતાં ફોરેસ્ટર નરેશભાઈ તેમની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે રાયાવાડી શાળા નજીક પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

શાળા નજીક જ દીપડાની અવરજવર અને વાહનચાલક પર હુમલાની ઘટનાને પગલે ગ્રામજનો તથા વાલીઓમાં ચિંતા વધી છે. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓની અવરજવર દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વન વિભાગ દ્વારા તકેદારી વધારવાની માંગ ઉઠી છે.

# શેલામાં આવેલા મોબાઈલ શો-રૂમમાં ૨૦ લાખની છેતરપિંડી

## માલિકની જાણ બહાર મેનેજરે મોંઘા સ્માર્ટફોન વેચી દીધા: કસ્ટમરને વેચેલા કિંમતી મોબાઈલના નાણાં જમા ન કરાવી બારોબાર સગેવગે કરી દેનાર મેનેજર સામે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે

**અમદાવાદ,**અમદાવાદના શેલા વિસ્તારમાં આવેલા મોબાઈલ શો-રૂમમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા શખસે દુકાન માલિક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મેનેજરે પોતાની સત્તાનો દુરુપયોગ કરી શો-રૂમમાંથી અંદાજે ૨૦.૭૦ લાખ રૂપિયાની માતબર રકમની ઉચાપત કરી છે. કસ્ટમરને વેચેલા કિંમતી મોબાઈલના નાણાં જમા ન કરાવી બારોબાર સગેવગે કરી દેનાર મેનેજર સામે બોપલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર, મેમનગરના રહેવાસી મનીષ ગહેલોતે ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ શેલા ખાતે આ શો-રૂમ શરૂ કર્યો હતો અને સ્થાનિક જય જોષીને સ્ટોર મેનેજર તરીકેની તમામ જવાબદારી સોંપી હતી. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કંપનીની હેડ ઓફિસથી ઓડિટ દરમિયાન મનીષને જાણ કરવામાં આવી હતી કે તેના હિસાબમાં ૬.૨૦ લાખ રૂપિયાનું બેક્કિંગ શોર્ટ બોલે છે. આ અંગે પૂછપરછ કરાતાં મેનેજર જયે બે દિવસમાં રકમ જમા કરાવી દેવાની બાંહેધરી આપી હતી. પરંતુ બીજી ઓક્ટોબરના સુધી નાણાં જમા ન થતાં રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી.

દુકાન માલિક અને હેડ ઓફિસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. મેનેજર જય જોષીએ કંપનીની જાણ બહાર સ્ટોકમાંથી કુલ ૧૬ કિંમતી સ્માર્ટફોન બારોબાર વેચી મારીને ૧૪.૪૯ લાખ રૂપિયા પણ ચાંઉ કરી લીધા હતા. આમ, રોકડા ૬.૨૦ લાખ રૂપિયા અને મોબાઈલ ફોનની કિંમત ૧૪.૪૯ લાખ રૂપિયા મળીને કુલ ૨૦.૭૦ લાખ રૂપિયાની અંગત સ્વાર્થ માટે ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ થયું હતું.

માલિકના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી મોટું આર્થિક નુકસાન પહોંચાડવા બદલ મનીષ ગહેલોતે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બોપલ પોલીસે આરોપી મેનેજર જય જોષી સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરવા તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ શખસની સંડોવણી છે કે કેમ તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

# ગુજરાતમાં ૪૧ લાખથી વધુ જૂના વાહનોનો ઢગલો

**દ્રષ્ટિકોણ-નવસારી,તા.૬**
રાજ્ય સરકારે ફરી એકવાર વાહન સ્ક્રેપ પોલિસી જાહેર કરી છે, પરંતુ સત્તાવાર આંકડાઓ અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં હાલમાં ૧૫ વર્ષથી વધુ જૂના અને ખખડધજ વાહનોની કુલ સંખ્યા ૪૧.૨૦ લાખથી વધુ નોંધાયેલી છે. આ ખખડધજ વાહનો મુસાફરો માટે જોખમી સાબિત થઈ શકે છે અને સાથેસાથે પર્યાવરણ માટે પણ મોટો ખતરો બની રહ્યા છે. હવે સરકારે રહી રહીને વાહનો ભંગારવાડે જાય તે માટે આકર્ષક રોડ ટેક્સ રાહતનું ગાજર લટકાવ્યું છે, પરંતુ તેમ છતાં સ્થિતિ જૈસેથી ત્યે છે.

રાજ્યના મોટા શહેરોમાં ૧૫ વર્ષ જૂના વાહનોનો રાફડો ફાટ્યો છે. જેમાં સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં ૨૦.૫૮ લાખથી વધુ વાહનો ખખડધજ હાલતમાં છે. આ ઉપરાંત રાજકોટમાં આશરે ૭.૩૬ લાખ, સુરતમાં ૨ લાખ અને વડોદરામાં ૧.૩૫ લાખથી વધુ જૂના વાહનો નોંધાયા છે. આ ૪૧ લાખ વાહનોમાં ૬.૩૪ લાખથી વધુ કાર, ૧.૭૬ લાખ જેટલી ટ્રક, ૧.૧૧ લાખથી વધુ ટ્રેક્ટર અને ૧.૩૪ લાખથી વધુ પેસેન્જર રિક્ષાઓનો સમાવેશ થાય છે, જે પર્યાવરણ માટે મોટો ખતરો બની રહ્યા છે.

નવી માર્ગદર્શિકા અનુસાર, રાજ્ય સરકાર હસ્તકના ૧૫ વર્ષથી જૂના સરકારી વાહનો, એસ.ટી. બસો અને સ્થાનિક નગરપાલિકા કે કોર્પોરેશનના વાહનોને ધીરે ધીરે સ્ક્રેપ કરવામાં આવી રહ્યાં છે. ખાનગી વાહનો માટે પણ ૧૫ વર્ષ પૂર્ણ થયા બાદ ફિટનેસ સર્ટિફિકેટ મેળવવું કડક બનાવી દેવાયું છે. નવા નિયમો મુજબ ૧૫ વર્ષ જૂની ખાનગી કારના રી-રજિસ્ટ્રેશનની ફીમાં વધારો કરવામાં આવ્યો છે, જેથી લોકો જૂના વાહનો વાપરવાનું બંધ કરે. આમ છતાંય જૂના વાહનોની ભરમાર યથાવત રહી છે. આ જોતાં વાહન સ્ક્રેપ પોલિસી બિનઅસરકારક સાબિત થઈ રહી છે.અપૂરતું આર્થિક વળતર: વાહન માલિકોને જૂનું વાહન ભંગારમાં આપવા બદલ જે આર્થિક વળતર મળે છે તે ખૂબ ઓછું છે. નવી ગાડી ખરીદતી વખતે મળતી રોડ ટેક્સની રાહત કે ડિસ્કાઉન્ટ એટલું વધુ નથી કે સામાન્ય માણસ નવું મોંઘું વાહન ખરીદવા પ્રેરાય.

નવા વાહનોની વધતી કિંમતો: બજારમાં નવા વાહનોના ભાવ સતત વધી રહ્યા છે. ટેક્સમાં થોડી રાહત મળવા છતાં, મધ્યમ વર્ગના પરિવાર માટે મોંઘી લોન અને ઊંચા હપ્તા ભરીને નવું વાહન ખરીદવું આર્થિક રીતે પોસાય તેમ નથી. તેથી લોકો જૂનું વાહન જ ચલાવવાનું પસંદ કરે છે.

માળખાકીય સુવિધાઓનો અભાવ: ગુજરાત અને દેશના ઘણા વિસ્તારોમાં હજુ પણ પૂરતી સંખ્યામાં સત્તાવાર વ્હીકલ સ્ક્રેપિંગ સેન્ટર્સ ઉપલબ્ધ નથી.




## જાહેર નોટીસ

**મહે. સુરતના જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ ક્લાસ જડજ સાહેબશ્રીની કોર્ટમાં**

અપીલ નં. /૨૦૨૬

**અરજદાર : અક્ષય ગણેશભાઈ કામ્બલે**
**ઉ.આ.વ. ૨૪, ધંધો : નોકરી**
**રહે. ૨૭૫, આનંદ નગર,સહારા દરવાજા,સુરત સીટી, સુરત.**

**વિરુદ્ધ**

**સામાવાળા :-જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી**
**(જન્મ-મરણ નોંધણી વિભાગ) સુરત મહાનગરપાલિકા,**
**ઠેકાણુ : સાઉથ ઈસ્ટ ઝોન, સુરત.**

**જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અક્ષય ગણેશભાઈ કામ્બલે, રહે. ૨૭૫, આનંદ નગર,સહારા દરવાજા,સુરત સીટી, સુરતના પિતા નામે ગણેશભાઈ ઉખંડાભાઈ કામ્બલેનું જન્મ/મરણ તા.૧૮/૦૮/૨૦૨૧ના રોજ ૨૭૫, આનંદ નગર, સહારા દરવાજા, સુરત સીટી, સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મ/મરણની તારીખ જાહેર કરી જન્મની નોંધણી જન્મ/મરણ રજીસ્ટર કરાવવા અને સામાવાળા પાસેથી જન્મ દાખલો મેળવવા અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો નિયત સમયમાં વાંધો રજુ કરવામાં આવશે નહી તો કામમાં કોઈ વાંધા/વિરોધ નથી તેમ સમજી કામના ગુણદોષ આધારે નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી. અને તે તમામને બંધનકર્તા રેહશે.

**હુકમથી**
**(એસ.એસ.ત્રિવેદી સાહેબ)**
**જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ ક્લાસ**
**જડજ, સુરત.**

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક એડિટોરિયલ
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Wednesday,07 September-2026
બુધવાર, તા.૦૭/૧૦/૨૦૨૬

# કેનેડા સરકારનું ભારતદ્વેષી વલણ

ભારત સરકારે કેનેડાથી પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય કરીને બિલકુલ યોગ્ય પગલું ભર્યું. કેનેડા સરકારની ભારત વિરોધી ગતિવિધિઓ જે રીતે વધતી જાય છે અને તેના સંકીર્ણ રાજકીય સ્વાર્થો માટે તે જે રીતે ભારતીય રાજદ્વારીઓને બદનામ કરવા અને તેમની સુરક્ષા માટે ખતરો પેદા કરવાનું કામ કરી રહી છે, તેનો આકરો જવાબ આપવો જરૂરી થઈ ગયું હતું. ભારતે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો નિર્ણય એટલા માટે કરવો પડ્યો, કારણ કે કેનેડા સરકારે ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય રાજદૂત સહિત અન્ય રાજદ્વારીઓની કથિત સંડોવણીની તપાસ કરવાની જરૂર જણાવી હતી. કેનેડા સરકારે આના પહેલાં પણ પોતાને ત્યાં આશ્રિત ખાલિસ્તાની આતંકીઓને ખુશ કરવા માટે નિજ્જરની હત્યા માટે ભારતીય રાજદ્વારીઓને જવાબદાર ઠેરવવાની હાસ્યાસ્પદ કોશિશ કરી હતી. ત્યારે પણ ભારત સરકારે કઠોર વલણનો પરિચય આપતાં કેનેડા માટે વિઝા સેવા રોકી દીધી હતી.

લાગે છે કે કેનેડાની ટ્રુડો સરકાર નવેસરથી ખાલિસ્તાનીઓને ખુશ કરવા માગી રહી છે. એની અવગણના ન કરી શકાય કે તે નિજ્જરની હત્યામાં ભારતને કઠેરામાં ઊભું કરવાની કોશિશ તો કરી રહી છે, પરંતુ તેના સંદર્ભમાં કોઈ પુરાવા આપવાનો ઇનકાર કરી રહી છે. તે એ તથ્યથી પણ મોં ફેરવી રહી છે કે નિજ્જર નકલી દસ્તાવેજો દ્વારા કેનેડા પહોંચ્યો હતો. તેની હરકતોને જોતાં ખુદ કેનેડાએ તેને હવાઇ યાત્રા કરતાં રોકી દીધો હતો, પરંતુ પછી ખાલિસ્તાનીઓના પ્રભાવમાં આવીને તેને નાગરિકતા પણ આપી દીધી હતી.

ખાલિસ્તાનીઓની હમદર્દી મેળવવા માટે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો માત્ર ભારત સાથે સંબંધ ખરાબ નથી કરી રહ્યા, બલ્કે પોતાના દેશને ખાલિસ્તાની અતિવાદીઓ અને આતંકીઓનો ગઢ બનાવવાનું કામ કરી રહ્યા છે. પોતાની સત્તા બચાવી રાખવા માટે તેઓ ખાલિસ્તાની તત્ત્વોના હાથની કઠપૂતળી બનવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેમને એ અનુમતિ ન આપી શકાય કે તેઓ ભારતીય હિતો માટે ખતરો પેદા કરે. છેલ્લા કેટલાક સમયથી ભારતના વાંધા બાદ પણ તેઓ એવું જ કરી રહ્યા છે.

જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદીઓને એટલી બધી છૂટ આપી દીધી છે કે તેઓ ઇન્દિરા ગાંધીની હત્યાની પરેડ કાઢે છે અને એ તત્ત્વો વિરુદ્ધ કોઈ કાર્યવાહી પણ નથી કરતા, જે ભારતીય રાજદ્વારીઓને ખુલ્લેઆમ ધમકાવે છે અને ત્યાં સુધી કે તેમનાં પોસ્ટરો પર ગોળીબાર કરતાં વીડિયો જારી કરે છે.

## તંત્રી લેખ

તેમાં શંકા છે કે ભારત સરકારે પોતાના રાજદૂતોને પાછા બોલાવવાનો જે નિર્ણય કર્યો, તેનાથી કેનેડા સરકાર સાચા રસ્તે આવશે. એવામાં ભારતે કેનેડા વિરુદ્ધ વધુ કઠોર પગલાં ભરવા માટે તૈયાર રહેવું જોઇએ. હવે એની આશંકા વધી ગઈ છે કે જસ્ટિન સરકાર વધુ ખૂલીને ખાલિસ્તાની આતંકીઓના સપોર્ટમાં ઊભી રહી શકે છે. એવામાં ભારતે એ જોવું પડશે કે તે કેનેડા પર વધુ દબાણ કેવી રીતે બનાવે.

**ભાષ્યના રચયિતા:** ગોવિંદ ભગવત્પાદને બાળપણમાં જ આચાર્ય ગૌડપાદની કૃપાથી સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. તેઓ હંમેશાં નર્મદા તટ પર એકાંતમાં આત્મચિંતનમાં સંલગ્ન રહેતા હતા. એક વાર શંકરાચાર્ય ગોવિંદ ભગવત્પાદ પાસે સંન્યાસ ગ્રહણ કરવા માટે ગયા. એ સમયે તેઓ એક ગુફાની અંદર બેઠા હતા. શંકરાચાર્યે ઘણી અરજી-વિનવણી કરી ત્યારે ભગવત્પાદે પૂછ્યું , 'તમે કોણ છો?' શંકરાચાર્યે 'ચિદાનંદ રૂપઃ શિવોહમ્ શિવોહમ' કહીને જવાબ આપ્યો.

તેનાથી પ્રસન્ન થઈને ગોવિંદ ભગવત્પાદે સંપ્રદાયગત ઉપદેશ આપ્યો. આ ઉપદેશનો સંબંધ એ વાત સાથે છે કે એક વાર નર્મદામાં ભયંકર પૂર આવ્યું. ત્યારે ગુરુની સમાધિ ન તૂટે, એ માટે શંકરાચાર્યે નર્મદાનું પાણી પોતાના કમંડળમાં ભરી લીધું હતું. આ વાત ગોવિંદ ભગવત્પાદને ખબર પડી તો તેમણે આગળની વાત શંકરાચાર્યને જણાવી અને કહ્યું કે 'એક વાર વેદવ્યાસ ઉપનિષદોનું વ્યાખ્યાન કરી રહ્યા હતા, ત્યારે મેં પૂછ્યું કે - મહર્ષિ, તમે બ્રહ્મસૂત્રોનું પણ ભાષ્ય કેમ ન કર્યું?'

તેનો જવાબ આપતાં વેદવ્યાસે કહ્યું, 'ભાષ્ય બનાવવાનું કામ તમારા શિષ્ય પર છે, જે નર્મદાનું બધું જ પાણી પોતાના કમંડળમાં ભરી લેશે. ગોવિંદ ભગવત્પાદે શંકરાચાર્યને કહ્યું, 'તમે સાધારણ પુરુષ નથી, હવે કાશી જઈને ભાષ્યનું નિર્માણ કરો.' આમ આજ્ઞા લઈને શંકરાચાર્ય ચાલ્યા ગયા. ત્યારબાદ શંકરાચાર્યએ કાશીમાં જ્ઞાન ગ્રહણ કર્યું.

**જીવનનો રસ્તો:** મૃત્યુ જીવનનું સૌથી મોટું સત્ય છે. આ સત્યને જાણવા છતાં આપણે પણ આપણી અણસમજને કારણે રોજ કોઈને કોઈ પ્રકારે મરતા રહીએ છીએ. ક્યારેક હતાશાથી તો ક્યારેક આપણને અહંકાર મારે છે. ક્યારેક કુંઠા આપણને મારે છે તો ક્યારેક ચિંતામાં મરીએ છીએ. ક્યારેક સપનામાં પણ મરીએ છીએ. આટલી બધી સમસ્યાઓ વચ્ચે જિંદગી જીવવી જાણે પેરાશૂટ લઈને વિમાનમાંથી કૂદવા જેવું સાહસભર્યું કામ છે. જોકે જેમને જીવનની મૂલ્યવત્તાનો બોધ છે, તેઓ જીવનની દરેક પળનું સન્માન કરે છે. દુઃખોનો જ્વાળામુખી હોય કે સુનામીનીલહેરો, આ લોકો ઉભરતા જીવનને તૂટવા નથી દેતા. યાદ રહે કે જીવવા માટે ભોજન, પાણી, વાયુ જરૂરી છે.

# ક્વોન્ટમ કમ્પ્યુટીંગ ટેક્નોલોજી ઝડપથી આગળ વધી રહી છે

મોદી સરકારની કેબિનેટે નેશનલ ક્વૉન્ટમ મિશન (એન.ક્યુ.એમ.)ની સ્થાપના પર મંજૂરીની મહોર મારી ત્યારથી આ દિશામાં ઝડપથી કામગીરી આગળ વધી રહી છે. સરકારે આ મિશન માટે રૂ. ૭૦૦૦ કરોડ ફાળવ્યા છે.આ મિશનનું એક મુખ્ય ધ્યેય સ્વદેશી ક્વૉન્ટમ કમ્પ્યુટર બનાવવાનું છે. અમેરિકા, ચીન, જપાન જેવા દેશોએ સૌથી વધુ ક્યુબિટના વધારે શક્તિશાળી ક્વૉન્ટમ કમ્પ્યુટર વિકસાવી લીધા છે. ભારતીય મિશનનું એક ધ્યેય આગામી આઠ વર્ષમાં ૧૦૦૦ ક્યુબિટનું કમ્પ્યુટર બનાવવાનું છે. હાલ વિશ્વમાં અમુક ગણ્યા ગાંઠયાં દેશો પાસે ક્વૉન્ટમ ટેક્નોલોજીની જાણકારી ઉપલબ્ધ છે. આ ટેક્નોલોજી એટલી અટપટી છે કે તેનો ઉપયોગ કરી માનવજાત માટે કામે લગાડવી એ ખાસ્સું બુદ્ધિબળ માગી લે છે. હજુ ગયા સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂણે ખાતે ત્રણ પરમ રૂદ્ર સુપર કમ્પ્યુટરનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું. હજુ દાયકા પૂર્વે જ સ્થપાયેલા નેશનલ સુપર કમ્પ્યુટીંગ મિશને આ નવા સુપરફાસ્ટ કમ્પ્યુટર વિકસાવીને આખા વિશ્વમાં ભારતની સિદ્ધિનો ડંકો વગાડયો છે.

હવે આ જ મિશન ક્વૉન્ટમ કમ્પ્યુટીંગ ટેક્નોલોજી ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહી છે. અત્રે એ પણ જણાવી દઈએ કે રૂ.૧૩૦ કરોડના ખર્ચે બંધાયેલા ૩ પરમ સુપર કમ્પ્યુટર્સમાંથી એક પૂણે, બીજું દિલ્હી અને ત્રીજું કોલકાતામાં રાખવામાં આવશે.આપણે અત્યારે વાત ક્વૉન્ટમ કમ્પ્યુટરની કરવાની છે. તમને કદાચ પ્રશ્ન થાય કે આ ક્વૉન્ટમ કમ્પ્યુટર છે શું? તે કેવી રીતે પરંપરાગત કમ્પ્યુટરથી અલગ પડે છે તે સમજવાનું કામ જરા જટિલ છે. અગાઉ જણાવ્યું તેમ પદાર્થની ક્વૉન્ટમ મિકેનિકલ ક્ષમતાનો ઉપયોગ કરીને આ ટેકનોલોજી વિક્સાવવામાં આવી રહી છે. આ જટિલ વિષયમાં આગળ વધતા ક્વૉન્ટમ કમ્પ્યુટરમાં એક મહત્વનો વિચાર સુપર પોઝિશનનો છે. અણુ જેવડાં અતિસૂક્ષ્મ કણો અથવા તેના ઘટકો પ્રોટોન્સ અને ઇલેક્ટ્રોન્સ સંખ્યાબંધ વિચિત્ર ગુણધર્મો ધરાવે છે જે આપણી રોજિંદી સમજની બહારની વસ્તુ છે. ઉદાહરણ તરીકે આ કણો એક જ સમયે અનેક સ્થળે મોજૂદ હોય છે. આ ઘટનાને સુપરપોઝિશન તરીકે ઓળખવામાં આવે છે. પણ આ કણો કોઇ તેમને જુએ નહીં ત્યાં સુધી જ મોજૂદ હોય છે. જે ઘડીએ તેમને એક સ્થળે નિરખવામાં આવે કે તરત અન્ય તમામ સ્થળેથી તે ગાયબ થઇ જાય છે. બીજો એક મહત્વનો વિચાર એન્ટેન્ગલમેન્ટ છે. જેમાં કણ જેની સાથે અગાઉ પનારો પાડયો હોય તેવા કણના વર્તન પર તત્કાળ અસર કરી શકે છે. પછી ભલેને તેઓ ગમે એટલા અંતરે દૂર રહ્યા હોય.એન્ટેન્ગલ્ડ પાર્ટિકલ વિશે થયેલા સંશોધનને ગયા વર્ષે નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

આપણે રોજબરોજ જે કમ્પ્યુટર વાપરીએ છીએ તેમાં માહિતી બિટ્સમાં સંગ્રહાય છે. બિટ એ ડેટાનો સૌથી નાનો ઘટક છે. આ બિટના બે જ મૂલ્ય હોય છે ઝીરો અથવા વન. પણ એક સમયે એક જ મૂલ્ય હોય.કમ્પ્યુટરમાં તમામ ડેટાને સ્ટોરેજ અને પ્રોસેસિંગ માટે ઝીરો અને વનમાં વિભાજિત કરી નાંખવામાં આવે છે. જેને ફરી હાંસલ કરવા એજ પ્રક્રિયાને ઉલટાવવામાં આવે છે. ટુ બિટ સિસ્ટમમાં ચાર અવસ્થા હોય(૦,૦), (૦,૧), (૧,૦) અને (૧,૧). પણ એક સમયે એક જ મૂલ્ય હોય છે. આ ચારે અવસ્થાને આવરી લેવી હોય તો કમ્પ્યુટરે ચાર સ્ટેપ લેવા પડે. શક્તિશાળી કમ્પ્યુટર આ પ્રક્રિયાને ઝડપી બનાવી શકે પણ તે આ ચાર સ્ટેપ્સ દ્વારા જ થાય. આ તબક્કે ક્વૉન્ટમ કમ્પ્યુટર અલગ રીતે કામ કરે છે. ક્વૉન્ટમ બિટ જેને ક્યુબિટ કહેવામાં આવે છે તે સુપરપોઝિશનને કારણે ઝીરો અને વન બંને અવસ્થામાં એકસાથે હોઇ શકે છે. બીજી રીતે કહીએ તો ક્વૉન્ટમ કમ્પ્યુટર આ ચાર સ્ટેપ્સ એક પછી એક લેવાને બદલે એક જ સ્ટેપમાં ચારે અવસ્થા હાંસલ કરી શકે છે. હવે જેમ ક્યુબિટની સંખ્યા વધે તેમ ગણતરી વધારે સંકુલ થતી જાય. દાખલા તરીકે ૫૦ ક્યુબિટનું ક્વૉન્ટમ કમ્પ્યુટર હોય તો તે દર સેકન્ડે અબજો ગણતરીઓ કરી પરંપરાગત કમ્પ્યુટર કરતાં વધારે ઝડપે કામ કરી શકે છે. આ કામ કરવામાં પરંપરાગત કમ્પ્યુટરને ઘણો સમય લાગે તેની સરખામણીએ ક્વૉન્ટમ કમ્પ્યુટર આ ગણતરી ચપટી વગાડતાં કરી નાંખે. ઇન્ટરનેટ અને ડેટા સિક્યુરિટી તથા દવાઓ બનાવવામાં આ પ્રકારની સંકુલ ગણતરી કરવી પડે છે.જ્યાં ક્વૉન્ટમ કમ્પ્યુટર વધારે અસરકારક રીતે ઉપયોગી નીવડે છે.

પણ આ બાબત સ્વાદિષ્ટ શીરો ખાવા જેટલી સરળ નથી. ક્વૉન્ટમ કમ્પ્યુટર બનાવવાનું કામ જ એક મોટો પડકાર છે. ખૂબ ઠંડા વાતાવરણમાં અને અત્યંત અલગ વાતાવરણમાં જ તે કામ કરે છે. સુપરપોઝિશનને કારણે ભૂલ થવાનું પણ જોખમ મોટું છે. સમાંતર પ્રક્રિયા ચાલતી હોઇ તમામ સુપરપોઝિશન સ્ટેટ વિવિધ પરિણામો આપે છે જેમાંથી એક જ સાચું કે ઇચ્છનીય હોય છે. બીજી રીતે કહીએ તો સુપરપોઝિશન બ્રેક ડાઉન થાય ત્યારે આખરી પરિણામ સંખ્યાબંધ સંભાવનાઓમાંથી પસંદ કરવામાં આવે છે. હાલ આ પ્રકારની ભૂલને સુધારવા પર તથા કમ્પ્યુટર સાચું પરિણામ આપે તે રીતે તેને કામ કરતું કરવાની દિશામાં મોટાપાયે સંશોધન થઇ રહ્યું છે.

દેશમાં વિજ્ઞાનીઓના ઘણાં જૂથો ક્વૉન્ટમ કમ્પ્યુટર્સ અને તેને સંબંધિત ટેકનોલોજી વિકસાવવાના કામે લાગી ચૂકયા છે. ટાટા ઇન્સ્ટિટયુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ-ટીઆઇએફઆર, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગનાઇઝેશન-ડીઆરડીઓ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ-ટીસીએસ દ્વારા સહિયારાં પ્રયાસો કરી સાત ક્યુબિટનું ક્વૉન્ટમ કમ્પ્યુટર બનાવી લેવામાં આવ્યું છે. થોડા સો ક્યુબિટના વધારે શક્તિશાળી ક્વૉન્ટમ કમ્પ્યુટર અન્ય દેશોમાં વિકસાવી લેવામાં આવ્યા છે. મિશનનું એક ધ્યેય આગામી આઠ વર્ષમાં ૧૦૦૦ ક્યુબિટનું કમ્પ્યુટર બનાવવાનું છે.

# ભાજપનો પ્રચાર અને એજન્ડા

હરિયાણા વિધાનસભા ચૂંટણીનો જનાદેશ ઐતિહાસિક છે. પહેલી વખત હરિયાણામાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત સરકાર બનાવી છે. હરિયાણાનું રાજકારણ મજબૂત ક્ષેત્રીય નેતાઓ, પરિવારવાદ અને અસ્થિરતાને કારણે ઓળખાતું રહ્યું છે. રાજનીતિનો પ્રસિદ્ધ મહાવરો 'આયારામ, ગયારામ' હરિયાણાથી જ નીકળ્યો છે. એવામાં તમામ એક્ઝિટ પોલ્સને ખોટા પાડતું હરિયાણાનું પરિણામ રાજ્યમાં મૂળભૂત પરિવર્તનને દર્શાવે છે. આ જનાદેશ હરિયાણાની જનતાનો વડાપ્રધાન મોદીના નેતૃત્વ પ્રત્યે અતૂટ વિશ્વાસ દર્શાવે છે. હરિયાણાથી ત્રણ બાજુથી ઘેરાયેલા હોવાને કારણે કોંગ્રેસની જીત દિલ્હી માટે એક મોટો પડકાર બની શકતો હતો. રાહુલ ગાંધીના અરાજકતાવાદી એજન્ડા અંતર્ગત દિલ્હીને વારંવાર આંદોલનો અને ધરણાં-પ્રદર્શનોના નામે બંધ કરાવવામાં આવ્યું હોત. એનાથી મોદી સરકારના કામકાજ અને ભારતની વિકાસ યાત્રા બાધિત થઇ હોત, પરંતુ કોંગ્રેસ એ ભૂલી ગઈ કે હરિયાણામાં રાષ્ટ્રવાદનાં મૂળ બહુ ઊંડાં છે અને આમ જનતા રાહુલ ગાંધીના ડાબેરી અને અરાજક એજન્ડાને સ્વીકારતી નથી.

હરિયાણાની જનતાએ આંદોલનોના નામે લોકતાંત્રિક પ્રક્રિયાને બાયપાસ કરવાની કોશિશ કરતી રાજનીતિને નકારી દીધી છે. ખાસ કરીને દિલ્હી બોર્ડર સાથે જોડાતા વિસ્તારોમાં કોંગ્રેસની ભારે હાર થઈ છે. હરિયાણાનું પરિણામ છેલ્લા દસ વર્ષોની ભાજપ સરકારની નીતિઓ અને વિકાસ કાર્યો પર મહોર છે. ૨૦૧૪માં ભાજપ હરિયાણાની રાજકીય સંસ્કૃતિમાં એક બદલાવ તરીકે આવી. અહીં પહેલાં જાતિ અને પરિવાર આધારિત હુકૂમત હાવી રહેતી હતી અને કાયદાનું શાસન બીજા સ્તર પર રહેતું હતું. આ સરકારી નોકરીની પસંદગી પ્રક્રિયામાં ખાસ દેખાતું હતું, જ્યાં ભાઇ-ભત્રીજાવાદ, ભ્રષ્ટાચાર અને જાતિવાદ હાવી હતા. ભાજપ સરકાર અંતર્ગત પસંદગી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શી થઈ અને સરકારી નોકરીઓમાં બે લાખથી વધારે લોકોની પસંદગી થઈ. દરેક જાતિ અન ક્ષેત્રને આ નવી પ્રણાલીનો લાભ મળ્યો. 'ખર્ચી અને પર્ચી વિનાની' આ વ્યવસ્થા યુવાઓ વચ્ચે ભાજપ પ્રત્યે અડગ વિશ્વાસનું કારણ બની.નાયબ સિંહ સૈનીને મુખ્યમંત્રી રૂપે નિયુક્ત કરવાનો ફેંસલો પણ જીતનું એક મહત્ત્વપૂર્ણ કારણ છે. સૈની પાર્ટીમાં નીચેથી ઊઠીને ઉપર સુધી આવ્યા છે અને બહુ ઓછી જનસંખ્યાવાળા અતિ-પછાત વર્ગથી છે. તેનાથી પાર્ટી કાર્યકર્તાઓ અને જનતામાં એ સંદેશ ગયો કે ભાજપ જ એકમાત્ર પાર્ટી છે જેમાં કોઈપણ વ્યક્તિ, ચાહે તે કોઇપણ સામાજિક, આર્થિક કે પારિવારિક પૃષ્ઠભૂમિથી હોય, શીર્ષ પદો સુધી પહોંચી શકે છે. આ જીત ભાજપ સંગઠનની પણ જીત છે. હાલની લોકસભા ચૂંટણીનાં પરિણામોથી ઉત્સાહિત કોંગ્રેસની આક્રમકતા છતાં ભાજપ સંગઠને મજબૂતીથી પોતાની જમીન જાળવી રાખી. કોંગ્રેસ દ્વારા જમીન પર અપાઈ રહેલી ધમકીઓ અને પ્રલોભન છતાં ભાજપ કાર્યકર્તા મજબૂતીથી કામ કરતા રહ્યા. તેમણે ઘેર ઘેર પ્રચાર કર્યો, ડ્રોઇંગ રૂમ બેઠકોનું આયોજન કર્યું, બાઇક રેલીઓનું નેતૃત્વ કર્યું. એ વિસ્તારોમાં પણ પૂરી તાકાતથી ઉમેદવારો ઊભા થયા, જ્યાં જીત અસંભવ લાગતી હતી.ભાજપ અસાધારણ કામ કરનારા સાધારણ લોકોની પાર્ટી છે, જેની સામે કોંગ્રેસનું તમામ ધનબળ અને બાહુબળ હારી ગયું. ઓગસ્ટ મહિનામાં નાયબ સિંહ સૈની અને તેજસ્વી સૂર્યાની હાજરીમાં ૩૦ વર્ષથી ઓછી ઉંમરના એક હજાર યુવા અને છાત્ર નેતા ભાજપમાં સામેલ થયા, જેમાંથી લગભગ ૬૦ ટકા જાટ સમુદાયના હતા, જેને કોંગ્રેસનો મુખ્ય આધાર-સ્તંભ માનવામાં આવે છે. એનાથી એ સ્પષ્ટ થયું કે કોંગ્રેસ દ્વારા ધનબળના આધાર પર બનાવાઇ રહેલા માહોલથી વિપરીત હરિયાણાના યુવા ભાજપ સાથે મજબૂતી ઊભા રહ્યા. પ્રચાર દરમ્યાન એ વધુ સ્પષ્ટ થવા લાગ્યું કે યુવા વર્ગ જાતિની સીમાઓથી અલગ ભાજપનું સમર્થન કરી રહય છે, જે નવા ભારતની આશા અને મહત્ત્વાકાંક્ષાનું પ્રતિનિધિત્વ કરે છે.

ભાજપનો પ્રચાર અને એજન્ડા સર્વસમાવેશી હતો. પોતાની સમાવેશી નીતિઓને કારણે ભાજપ દલિતો અને હાંશિયા પર રહેનારા વર્ગો વચ્ચે સારી એવી પહોંચ ધરાવે છે, જે આજે પણ કોંગ્રેસ શાસનમાં વ્યાપ્ત દમન, હિંસા અને સરકારનું વલણ ભૂલ્યા નથી. ભાજપ સરકારની કલ્યાણકારી યોજનાઓ પહેલી વાર આ વર્ગો સુધી પહોંચી. તેમને ગામ-સમાજના દબંગ વર્ગો પર નિર્ભર નથી રહેવું પડ્યું, જેનાથી દસ વર્ષોમાં રાજકીય 'વેઠિયા મજૂરી' પણ ખતમ થઈ. ભાજપ સરકારની યોજનાઓએ ખેડૂતોને જ નહીં, પણ સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોને પણ લાભાન્વિત કર્યા, જેના હિતોને પૂર્વવર્તી સરકારોમાં હંમેશાં નજરઅંદાજ કરવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રચાર દરમ્યાન આ વર્ગોના લોકો ગામની બેઠકો અને સભાઓમાં ચૂપચાપ આવતા તથા ઘેર-ઘેર પ્રચાર દરમ્યાન કશું બોલ્યા વિના સાંભળતા. અંતે વોટના માધ્યમથી જ આ વર્ગોનો અવાજ સંભળાયો. મહિલાઓ વડાપ્રધાન મોદીની સૌથી આક્રમક સમર્થક બનીને ઉભરી છે. ગત ચૂંટણીઓની જેમ જ આ વખતે પણ શહેરી મતદારો અને શિક્ષિત યુવા ભાજપ સાથે મજબૂતીથી ઊભા રહ્યા.

# ન્યાયની દેવીની આંખો પર પટ્ટી...

૧૯૮૩માં અમિતાભ બચ્ચન, રજનીકાંતની એક ફિલ્મ આવી હતી - અંધા કાનૂન. હેમા માલિની, રીના રોય, ડેની, પ્રેમ ચોપરા, પ્રાણ, અમરિશ પુરી જેવા એકથી એક ચડિયાતા એક્ટર્સની આ ફિલ્મએ બોક્સ ઓફિસમાં ધમાલ મચાવી દીધી હતી અને એ વર્ષની પાંચમા નંબરની હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મ હતી. આટલી જાણીતી સ્ટારકાસ્ટ અને બોક્સ ઓફિસ હિટ ઉપરાંત આ ફિલ્મ તેના ટાઈટલના કારણે આજેય વધુ યાદ કરાય છે. 'અંધા કાનૂન' શબ્દ એ પછી દેશમાં એટલો બધો કોઈન થયો કે ઘણાં કિસ્સામાં અખબારોના હેડિંગમાં અંધા કાનૂન શબ્દ વપરાતો થયો હતો. એ પછીની ઘણી ફિલ્મોમાં પણ એ શબ્દ સંભળાયો. અન્યાયના અર્થમાં કટાક્ષ માટે આ શબ્દ વપરાતો થયો, હજુય વપરાય છે.

ન્યાયની દેવીની આંખે પટ્ટી બાંધેલી હોવાથી આ કટાક્ષ ત્યારે થયો હતો, પણ એ પહેલો કિસ્સો ન હતો. સદીઓ પહેલાં ન્યાયની દેવીની આંખે પટ્ટી બાંધવામાં આવી ત્યારે મૂળ તો એની પાછળ ઈરાદો જ કટાક્ષનો હતો. ભારતમાં અંધા કાનૂન શબ્દ પ્રચલિત થયો એ મૂળ અંગ્રેજી ટર્મ બ્લાઈન્ડ જસ્ટિસમાંથી આવ્યો હતો.

પ્રાચીન ઈજિપ્તમાં ન્યાયની માત નામની દેવીની કલ્પના કરવામાં આવી હતી. સદીઓ પછી એ દેવી ઈસિસના નામેય ઓળખાતી હતી. થેમિસ નામની દેવી પણ ન્યાય તોળતી એવી કથાઓ ઈજિપ્તમાં મળે છે. આ ન્યાયની દેવીઓ હતી અને તેના હાથમાં ત્રાજવું હોય એવાં ચિત્રો પણ મળી આવ્યા છે. ત્રાજવાની ખાસિયત એ છે કે એને એકેય બાજું નમતું બતાવાયું ન હતું. પ્રાચીન ઈજિપ્તવાસીઓએ ન્યાયમાં સંતુલન હોવું જોઈએ એમ વિચારીને દેવીના હાથમાં સંતુલિત ત્રાજવું મૂક્યું હશે.

ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીક માઈથોલોજીમાં ડાઈક નામની દેવીની કથા આવે છે. એ સત્ય અને ન્યાયની દેવી છે. એના જમણાં હાથમાં ત્રાજવું છે. બીજો હાથ નીચે પડેલી તલવારને સ્પર્શ કરે છે. એનો અર્થ એવો નીકળતો કે દેવી સંતુલિત રીતે ન્યાય કરીને જરૂર પડયે હાથમાં તલવાર ધારણ કરીને દંડ આપે છે.

ઈજિપ્ત અને ગ્રીકની માઈથોલોજીની અસર હેઠળ રોમનોએ એક ન્યાયની દેવીની કલ્પના કરી અને તેનું નામ હતું - જસ્ટિસિયા. એ દેવીના એક હાથમાં ત્રાજવું હતું, એક હાથમાં તલવાર હતી. રોમન સામ્રાજ્યમાં એ દેવીની પ્રાર્થના કરીને ન્યાય તોળવામાં આવતો. રોમન સામ્રાજ્યના સ્થાપક ઓગસ્ટસે આ દેવીની સાક્ષીએ ન્યાય આપવાનું શરૂ કરેલું અને એના દરબારમાં જસ્ટિસિયાની એક મૂર્તિ પણ બનાવીને મૂકાવેલી. રોમન સામ્રાજ્યના તેમના અનુગામી રાજાઓએ જસ્ટિસિયાનું મંદિર પણ બાંધ્યું અને એ રીતે ન્યાય દેવી તરીકે જસ્ટિસિયા રોમન સામ્રાજ્યમાં ખૂબ જ સન્માનનીય બની ગઈ.રોમનોની અસર હેઠળ પછીથી યુરોપના રાજાઓમાં ન્યાયની દેવીની કલ્પના આગળ વધી. બ્રિટને તો જસ્ટિસિયા દેવીથી પ્રેરિત થઈને ન્યાયને જસ્ટિસ જ કહેવાનું શરૂ કર્યું અને એના પરિણામે દુનિયાભરમાં ફેલાયેલી અંગ્રેજી ભાષામાં 'જસ્ટિસ' શબ્દ પ્રચલિત બન્યો અને ન્યાયમૂર્તિ માટે પણ જસ્ટિસ શબ્દ ઉપયોગમાં લેવાતો થયો. અચ્છા, પણ અહીં સુધી ન્યાયની દેવીની આંખે પાટો બાંધવામાં આવ્યો ન હતો. ન્યાયની દેવીના હાથમાં ત્રાજવું હતું, બીજા હાથમાં તલવાર હતી, પરંતુ આંખો ખુલ્લી હતી.

ન્યાયની દેવીના આંખે પાટો એક સમયે વ્યંગ કરવા બાંધવામાં આવ્યો હતો. જી હા. એ પાછળ નિષ્પક્ષ ન્યાયનો ખયાલ તો બહુ પછીથી આવ્યો. સ્વિટ્ઝર્લેન્ડનો એક શિલ્પકાર થયો. નામ એનું હેન્સ ગિએન્ગ. એણે ઘણાં શિલ્પો બનાવ્યા, પરંતુ તેનું ન્યાયની દેવીનું શિલ્પ બેહદ જાણીતું થયું. ન્યાયની દેવીની કલ્પના તો આ શિલ્પકાર પહેલાંના સેંકડો વર્ષો અગાઉ થઈ હતી, એ કલ્પના હતી - એક હાથમાં ત્રાજવું, એક હાથમાં તલવાર અને ખુલ્લી આંખો. હેન્સ ગિએન્ગે મૂર્તિ બનાવી એમાં તેણે ન્યાયની દેવીની આંખે પાટો બાંધી દીધો.શિલ્પકારે મૂળ તો નવજાગૃતિકાળથી પ્રભાવિત થઈને ન્યાયતંત્ર પર વ્યંગ કર્યો હતો. પાટો બાંધવા ઉપરાંત તેણે ન્યાયની દેવીના જમણાં હાથમાં ખુલ્લી તલવાર મૂકી ને ડાબા હાથમાં ત્રાજવું મૂક્યું; એ પણ એક તરફ સહેજ નમેલું. શિલ્પકારનો કહેવાનો અર્થ એવો હતો કે ન્યાયતંત્ર એવું થઈ ગયું છે કે હવે હુમલો કરવાના જમણાં હાથમાં ખુલ્લી તલવાર છે. જ્યારે ત્રાજવું ડાબા હાથમાં આવી ગયું છે અને આંખો બંધ છે એટલે ન્યાય કેવી રીતે મળશે એ સવાલ છે. એ મૂર્તિ સ્વિટ્ઝર્લેન્ડના બર્ન શહેરમાં લગાવાઈ. આજે ૪૮૧ વર્ષ પછીય ત્યાં એ મૂર્તિ ઉભી છે.

પણ ટ્વિસ્ટ ત્યારે આવ્યો કે જ્યારે વિદ્વાનોએ તે શિલ્પનું એનાલિસિસ કર્યું!

# પશુપક્ષીઓ કદી આત્મહત્યા નથી કરતા

જન્મવું એ મોટે ભાગે એક સુખદ ઘટના ગણાય છે, પણ મરવું એ દુઃખદ ઘટના ગણાય છે. 'મોટા ભાગે' શબ્દ એટલા માટે છે કે કેટલાકનું જન્મવું સુખદ નથી હોતું-તેમના પોતાના માટે, તથા કોઇ વાર બીજાના માટે પણ. એક પાંચ વર્ષની બાળા બળાત્કારનો ભોગ બનીને પ્રાણ ગુમાવે તેના જન્મને સુખદ કેમ કહેવાય? કદાચ તે ના જન્મી હોત તો જ વધુ સારું હતું. આવી જ રીતે કેટલાકના મૃત્યુ પણ કોઇ વાર પોતાને માટે તો કોઇ વાર બીજાના સૌને માટે સુખદ થઇ જનારા હોય છે. કેન્સર જેવા મહાવ્યાધિથી પીડાતા માણસને દીર્ઘાયુષ્યના આશીર્વાદની નહિ, શીઘ્ર અવસાનના આશીર્વાદની જરૂર હોય છે. કેટલાક હાહાકાર મચાવનારા આતતાયીઓનું અવસાન લોકો માટે પરમ સુખદાયી બની જતું હોય છે. પણ આ તો બધા અપવાદ થયા. મુખ્ય નિયમ તો જન્મવું તે સુખદ અને મરવું તે દુઃખદ ઘટનારૂપ છે.

મૃત્યુ દુઃખદ છે જ, પણ મૃત્યુના ઘણા પ્રકાર છેઃ પક્વાવસ્થા પ્રાપ્ત થયા પછી કોઇ વ્યક્તિ મરે તો તે બહુ દુઃખ ના કહેવાય. પક્વાવસ્થા પહેલા જ કોઇ અકસ્માત વગેરેમાં મૃત્યુ પામે તો તે વધુ દુઃખદ થઇ જાય. વળી કોઇ રાષ્ટ્ર, ધર્મ કે માનવતાના હિતમાં પ્રાણ આપે તો તે ગૌરવભર્યું મૃત્યુ કહેવાય. પણ કેટલીક વાર કોઇ આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવી નાખે ત્યારે પ્રસંગના સંદર્ભ પ્રમાણે તથા લોકોના અભિગમ પ્રમાણે તેની પ્રતિક્રિયા થાય.

આત્મહત્યા કરનારાઓ પ્રત્યે મારા મનમાં અમાપ લાગણીઓ છે, કારણ કે મને સ્વયં તેનો અડધો અનુભવ છે. માણસ આત્મહત્યા ક્યારે કરતો હોય છે? જ્યારે જીવન તેના માટે અત્યંત ભારરૂપ બની જતું હોય છે ત્યારે. ભૂખ કે માત્ર દરિદ્રતાના કારણે આત્મહત્યા કરનારાના બહુ જ ઓછા કિસ્સા જોવા મળશે. મોટા ભાગે ગૂંગળાયેલા જીવન અથવા અત્યંત પ્રતિષ્ઠિત જીવન, જીવનના અતિ ભારને ઊંચકી શકવાની ક્ષમતા ખોઇ બેસતાં આવું પગલું ભરી લેતા હોય છે.

પશુપક્ષીઓ કદી આત્મહત્યા નથી કરતા, કારણ કે તેમનું સામાજિક તથા માનસિક જગત નહિવત છે. જેમનું સામાજિક તથા માનસિક જગત ઘણું વિસ્તૃત હોય છે, તેમના સુખ તથા દુઃખના કારણો પણ ઘણા હોય છે. પ્રત્યેક સંબંધ સુખ માટે જ બંધાયો હોવા છતાં મોટા ભાગે પોતાની અનાવડતને કારણે અથવા સામાવાળાની નાદાની કે નાદારીના કારણે દુઃખો વધુ આવતા હોય છે. માનસિક આઘાતોના મૂળ પ્રેમ, પ્રતિષ્ઠા અને અહંભાવમાં રહેલા હોય છે. આ ત્રણેનો ત્યાગ જેટલો મોટો તેટલો જ આઘાતનો ધક્કો પણ મોટો. અત્યંત દીન હાલતમાં જીવતા ભિખારીઓ ભાગ્યે જ આત્મહત્યા કરતા હોય છે. હા, ઠંડીમાં થથરીને, ગરમીમાં લૂ લાગીને, વરસાદમાં તણાઈને પ્રાણ ખોનારા ઘણા હોય છે, પણ ઠંડીમાં રોજ થથર્યા કરવું તેના કરતાં આત્મહત્યા કરી લેવા દે, તેવી વૃત્તિવાળા ભાગ્યે જ કોઇ હશે.

મને લાગે છે કે આત્મહત્યા કરી શકવા જેટલી તેમની હિંમત નથી એટલે જ તેઓ ભિખારી થયા છે. તેમને પ્રેમ, પ્રતિષ્ઠા અને અહંભાવમાંનું કશું જ નથી હોતું તેથી માનસિક જગતનો ત્યાગ બહુ થોડો હોય છે. શારીરિક આવશ્યકતાઓ પૂરી કરવામાં જ તેમનો દિવસ વીતી જાય છે, છતાં તે પૂરી નથી થઇ હોતી એટલે તેમનું ચિંતન-મનન અધૂરી રહેલી આવશ્યકતાઓમાં રમ્યા કરે તે સ્વાભાવિક છે. પણ જેમને શારીરિક આવશ્યકતાઓ જરૂર કરતા વધુ પ્રાપ્ત થઇ છે તેમનું મન રોજી-રોટી, મકાન કે કપડામાં નહિ પણ માનસિક જગતમાં રખડ્યા કરતું હોય છે. આ માનસિક જગત કેટલીક વાર પ્રેમજગત હોય, કેટલીક વાર પ્રતિષ્ઠા જગત હોય તો કેટલીક વાર અહંભાવનું જગત હોય. ઘણી વાર શારીરિક આવશ્યકતાઓના અભાવ સાથે પ્રેમતંતુ જોડાયેલો હોય ત્યારે દરિદ્રતા ડાકણનું રૂપ ધરીને પ્રેમનું કોમળ ગળું દબાવી કાઢે. પ્રેમ, પ્રેમને ભેટવા જેટલો આતુર હોય છે તેટલો જ જરૂર પડ્યે મૃત્યુને ભેટી લેવા પણ આતુર હોય છે.

કલકત્તામાં આવો જ એક અનુભવ થયો.

રાત્રિના નવેક વાગ્યા હશે. એક કલાક સૂર્ય વહેલો આથમતો હોવાથી આપણા માટે તો દસ વાગ્યા તેમ સમજી જવાનું. ધીરે ધીરે લોકો વીખરાઇ ગયા હતા, ચારે તરફ નીરવતા અને શાંતિ હતી. નગરપાલિકાની લાઇટોમાંથી મંદ મંદ પ્રકાશ આવી રહ્યો હતો અને હું નગરપાલિકાના બાંકડા ઉપર સૂઇ જવાની તૈયારી કરતો હતો, ત્યાં એક ઊંચો, તેજસ્વી પણ ફિક્કો જુવાન મારી પાસે આવ્યો. તેની સાથે જે લાંબી વાતચીત થઇ તેનો સાર આવો હતોઃ

તે બિહારના કોઇ નગરથી નોકરી માટે અહીં કલકત્તા અઢાર દિવસથી આવ્યો છે. બિહારમાં ચોવીસ વર્ષની પત્ની તથા બે બાળકો છે. ઘરનું ભાડું ચડી ગયું છે, દેવાદાર થઇ ગયો છે. બેકારીએ તેને નાગચૂડમાં ભીંસી દીધો છે. ભૂખ તથા અપ્રતિષ્ઠાથી થાકીને કાંઇક નોકરી મળશે તેવી આશાએ અહીં કલકત્તા આવ્યો છે. અઢાર દિવસથી ફરે છે પણ નોકરી મળતી નથી. સૌકોઇ ઓળખાણ માગે છે. પાસે પૈસા નથી. ઘેરથી નીકળ્યો ત્યારે ઘરમાં લોટ પણ ન હતો. કલકત્તા જઇને તરત જ પૈસા મોકલીશ તેવી હામ આપીને તે આવ્યો છે પણ તે પોતે જ કોઇ શેઠના અન્નક્ષેત્રમાં પાતળી ખીચડીથી અડધું પેટ ભરીને દિવસ કાઢે છે. હવે પત્નીને પૈસા કેવી રીતે મોકલવા? રહી રહીને તેને પત્ની અને બાળકો યાદ આવે છે.

તેનું હૃદય રડી ઊઠે છે... 'ઓ વિધાતા, તેં મને પ્રેમ આપ્યો, દામ્પત્ય આપ્યું, પણ સાથે સાથે કારમી ગરીબી પણ આપી, હું મારી વહાલી પત્ની તથા કનૈયા જેવા બે બાળકોના પેટ પણ ભરી શકતો નથી. ધિક્કાર છે મને...' તે જીવનથી તંગ આવી ગયો છે. તદ્દન ભાંગી પડ્યો છે. હવે તેની એક જ ઇચ્છા છે. નજીકમાં જ આવેલી રેલ નીચે કપાઇ મરવું. પત્નીને કરુણાભરી ચિઠ્ઠી તેણે લખી છે, જે હજી પોસ્ટ કરી નથી. આ માણસ કોઇ કોઇ વાર મારા સત્સંગમાં આવતો એટલે તથા તેના ઘરમાં સંત-સમાગમની પ્રથા હોવાથી તેને સંતો પ્રત્યે અનહદ માન છે. મરતા પહેલા મારી પાસે પોતાની વેદના ખાલી કરવા આવ્યો છે. તેની વાતો તથા વ્યવહારથી મને ખાતરી થઇ ગઇ હતી કે આ માણસ સાચે જ આત્મહત્યા કરી બેસશે.

હું ધર્મસંકટમાં મુકાઇ જાઉં છું. લ-મીનો સ્પર્શ નહિ કરવાનો નિયમ અત્યારે મને ત્રાસદાયી લાગે છે. મને થાય છે કે જો અત્યારે મારી પાસે પૈસા હોત તો બધા જ પૈસા આ ભાઇને આપી દેત. પણ મારી પાસે તો કાણો પૈસોય નથી. અંતે હું તેને એક વાતે રાજી કરી દઉં છું કે આજે નહિ, આવતી કાલે તું આત્મહત્યા કરજે. મારું વચન રાખવા માટે તે વાતને માની જાય છે. તે વિદાય થાય છે, પણ તેની અસર મારા ઉપર એટલી મોટી મુકતો જાય છે કે આખી રાત મને ઊંઘ નથી આવતી. મને વિચારો આવે છેઃ

આ કાયસ્થ રૂપાળો યુવાન! કેટલા અરમાનોથી પરણ્યો હશે! તેની પત્ની અને બાળકો પણ કેવા સુંદર હશે? એ સુંદરતામાં પાછી આદર્શની ચમક ભળી, પણ તેમાં દરિદ્રતાની લોહમેખ પણ લાગી. આ યુવાનને માતાપિતા નથી તો બીજી તરફ તેની પત્નીને પણ પિયરમાં ખાસ કોઇ નથી.



# દરેક ઉંમર અને રોગમાં છે યોગના ફાયદા

## યોગ વાસ્તવમાં શરીરની વિવિધ મુદ્રાઓ છે અને યોગાસનોનું જ્ઞાન એટલે કે આ મુદ્રાઓનું જ્ઞાન જે, આપણને તમામ પ્રકારના રોગોથી બચાવવામાં સક્ષમ છે

તાજેતરમાં, જહોન હોપક્નિસ મેડિસિન હોમ' એ તેના એક હેલ્થ બુલેટિનમાં કબૂલ્યું છે કે ૨૧મી સદીમાં આખી મેડિકલ સિસ્ટમ યોગને આયર્ન તરીકે ગણી રહી છે. કારણ કે આજ સુધી મેડિકલ સાયન્સમાં એવી કોઈ દવા નથી બની કે જે એકસાથે અનેક રોગોમાં સમાન રીતે ફાયદાકારક હોય અને ન તો એવી કોઈ મેડિકલ શોધ થઈ હોય જે ભારતના પ્રાચીન જ્ઞાનયોગ' સાથે સ્પર્ધા કરી શકે.દુનિયામાં એવો કોઈ રોગ નથી અને એવી કોઈ ઉંમર નથી કે જ્યારે યોગાસનોના ફાયદા ન હોય. દરેક રોગ માટે અમુક ચોક્કસ યોગ છે. યોગ વાસ્તવમાં શરીરની વિવિધ મુદ્રાઓ છે અને યોગાસનોનું જ્ઞાન એટલે કે આ મુદ્રાઓનું જ્ઞાન જે, આપણને તમામ પ્રકારના રોગોથી બચાવવામાં સક્ષમ છે.જો કે જહોન હોપક્નિસ મેડિસિન હોમે તેના ગ્રાહકો માટે યોગના ડઝનેક ફાયદાઓનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ અમે યોગ આસનોના પાંચ સૌથી મહત્વપૂર્ણ ફાયદાઓ પર એક નજર નાખીશું, જે આપોઆપ સ્પષ્ટ કરશે કે આખી દુનિયાના મેડિકલ જગતમાં યોગાસનનો આવો ચમત્કારિક ડંખ શા માટે વાગી રહ્યો છે?

યોગ સારો મૂડ બનાવે છે

હા, યોગ એ શરીર અને મનને એકસાથે લાવવાની ફ્લેક્સિબલ પ્રેક્ટિસ છે. શરીરની વિવિધ મુદ્રાઓ આપણને આ ગુણો પ્રદાન કરે છે અને ધ્યાન ટેકનિક અને ધ્યાન પ્રક્રિયા પણ તેનો એક ભાગ છે. જ્યારે યોગના આસનો આપણા રોજિંદા જીવનનો કુદરતી હિસ્સો બની જાય છે, ત્યારે આપણી શારીરિક મુદ્રાઓ સંતુલિત, ફ્લેક્સિબલ અને શક્તિથી ભરપૂર બને છે, જેના કારણે ચિંતાઓ ઓછી થાય છે અને જે બાકી રહે છે તે આપણને હેરાન નથી કરતી. જો કે, યોગ તણાવ, ચિંતા, હતાશા અને આપણી નકારાત્મક વિચારસરણીનો અંત લાવે છે.

તેથી નિયમિત રીતે યોગ કરતા લોકોનો મૂડ હંમેશાં સારો રહે છે.જ્યારે મૂડ સારો હોય ત્યારે આપણે જીવન પ્રત્યે ખૂબ જ સકારાત્મક હોઈએ છીએ અને આપણી જીવનશૈલી ખૂબ જ અનુકરણીય બની જાય છે. આપણે બધા જાણીએ છીએ કે આજે મોટાભાગના લોકો જીવનશૈલી સાથે સંબંધિત બીમારીઓથી પીડિત છે. જ્યારે આપણે દરરોજ નિયમિત રીતે યોગ કરીએ છીએ, ત્યારે આપણને જીવનશૈલીના રોગોમાંથી કાયમ માટે રાહત મળી જાય છે. હૃદય મજબૂત રહે છેજે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેમના શરીરમાં ક્યારેય આવો સોજો આવતો નથી, જે ચોક્કસ ઉંમર પછી દરેક વ્યક્તિના શરીરમાં જોવા મળે છે. વાસ્તવમાં જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેમના શરીરમાં સોજો નથી આવતો કારણ કે યોગ કરવાથી તેમનું હૃદય સ્વસ્થ રહે છે. આવા લોકોમાં હાઈ બ્લડ પ્રેશર અને વધારે વજનની સમસ્યા નહિવત્? હોય છે. આના કારણે પણ આવા લોકોનું હૃદય સ્વસ્થ રહે છે, તે સરળ ગતિથી ધબકે છે. આવા ઓછામાં ઓછા એક ડઝન યોગાસનો છે, જેને વિવિધ મુદ્રાઓથી સંબોધવામાં આવી શકે છે, પરંતુ તે બધાની સામાન્ય અસર એ છે કે આપણું હૃદય સ્વસ્થ રહે છે અને તેના કારણે આપણે ઘણા પ્રકારના રોગોથી સુરક્ષિત રહીએ છીએ. સારી ઊંઘનું સાધન છે વિવિધ સંશોધનો પુષ્ટિ કરે છે કે જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેઓને દરરોજ સારી ઊંઘ આવે છે. નિયમિત યોગાભ્યાસ દ્વારા, આવા લોકોના સૂવામાં અને ઉઠવામાં એક રિધમ આવી જાય છે, જેના કારણે સારી ઊંઘ તેમના રોજિંદા જીવનનો એક હિસ્સો બની જાય છે. આપણે વિવિધ અભ્યાસો દ્વારા એ પણ જાણીએ છીએ કે સારી ઊંઘનો અર્થ છે અનેક રોગોથી મુક્તિ. સારી ઊંઘ એ નિયમિત યોગાભ્યાસનું એક એવું સુખદ પરિણામ છે, જેને આખું વિશ્વ આજે ઝંખે છે.કારણ કે દવાથી ન તો ગુણવત્તાયુક્ત ઊંઘ આવે છે અને ન તો તેનાં પરિણામો સારાં હોય છે. જીવંત સમુદાય સાથે જોડાય છે સોશિયલ મેડિસિન પુષ્ટિ કરે છે કે સમાન પ્રકૃતિના લોકોનું મળવું આપણને ખુશીથી ભરી દે છે. આ પ્રવૃત્તિ આપણને સ્વસ્થ રાખે છે અને આયુષ્યમાં વધારો કરે છે. જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેઓ જ્યારે તેમના ઘરની બહાર અન્ય સમાન વિચારધારા ધરાવતા લોકો સાથે આ પ્રેક્ટિસ કરે છે, ત્યારે તેઓને એકબીજાને વધુ સારી રીતે સમજવાનો અને જ્ઞાનનો લાભ મળે છે. એક ફાયદો એ પણ છે કે જ્યારે નિયમિત રીતે યોગ કરતા લોકો એકબીજાને મળે, તો તેઓ હસે છે અને ખૂબ મજાક કરે છે અને લાંબુ, તણાવમુક્ત, સુખી અને આનંદથી ભરેલું જીવન જીવે છે. આનું અંતિમ પરિણામ આપણને સ્વસ્થ રહેવાના પે મળે છે.યોગના ક્લાસ કરવા મહત્ત્વપૂર્ણ છે કારણ કે ત્યાં તમે માત્ર યોગના આસનો જ નથી શીખવા મળતા, પણ જે લોકો શીખી રહ્યા છે અને શીખવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમની કંપની પણ મેળવો છો, જે આપણને ખુશ અને સ્વસ્થ રાખે છે.ઘણા પ્રકારના દર્દથી રાહત આપે છે.

# સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે માટીના માટલાનું પાણી પીવું

આયુર્વેદ અનુસાર માટીના વાસણમાં રાખેલ પાણી પીવા માટે શ્રેષ્ઠ છે. તેના ઘણા સ્વાસ્થ્ય સંબંધિત ફાયદાઓ છે. ઉદાહરણ તરીકે, તે પેટમાં ગૅસ, કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓને નિયંત્રિત કરે છે. ઉપરાંત, માટીના ઘડામાં કેટલાક કલાકો સુધી રાખવામાં આવેલા પાણીમાં વિટામિન બી અને સી પુષ્કળ પ્રમાણમાં હોય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે જરૂરી છે. માટલાનું પાણી નિયમિત પીવાથી શરીરમાં આયર્નની ઊણપ પણ પૂરી થાય છે. જ્યારે આપણે માટલાનું પાણી પીએ છીએ ત્યારે આપણને લૂ લાગવાની શક્યતા ઓછી હોય છે, કારણ કે ઘડાના પાણીમાં ઘણા પ્રકારના મિનરલ્સ અને પૂરતાં પોષક તત્ત્વો હોય છે, જેના કારણે તે સનસ્ટ્રોકને અટકાવે છે અને શરીરમાં ગ્લુકોઝની પૂરતી માત્રા જાળવી રાખે છે.માટલાનું પાણી શરીરને લાંબા સમય સુધી હાઈડ્રેટ રાખે છે, જેથી આપણી પાચન પ્રક્રિયા સ્વસ્થ રહે છે. કારણ કે દરરોજ માટલાનું પાણી પીવાથી આપણું મેટાબોલિઝમ સુધરે છે. તેનું કારણ એ છે કે માટીના વાસણમાં રાખવામાં આવેલ પાણી આપણા શરીરના પીએચ લેવલને સંતુલિત રાખે છે.





માટલાના પાણીની બીજી વિશેષતા એ છે કે તે શરીરને સારી રીતે ડિટોક્સ કરે છે. તેમાં રહેલાં પોષક તત્ત્વોને કારણે આપણા શરીરમાંથી ઝેરી તત્ત્વો સરળતાથી બહાર નીકળી જાય છે. ડર્મેટોલોજિસ્ટ લોકોને ઉનાળામાં માટલાનું પાણી પીવાની સલાહ આપે છે, કારણ કે તેનાથી શરીરની ત્વચા સ્વસ્થ અને ચમકદાર રહે છે. તેનું કારણ એ જ છે કે તેમાં વિટામિન અને મિનરલ્સ સારી માત્રામાં હોય છે. જોકે માટીમાં એન્ટી ઈન્ફ્લેમેટ્રી તત્ત્વો મળી આવે છે. તેનાથી શરીરમાં થતા દુખાવા અને સૂજન અટકાવવામાં મદદ મળે છે.

કેટલાંક સંશોધનોથી જાણવા મળ્યું છે કે માટીનું પાણી પીવાથી શરીરમાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનું સ્તર વધે છે. જોકે માટલાનું પાણી બહુ ઠંડું કે બહુ ગરમ ન હોવાથી તે પાચન માટે ઉત્તમ છે. માટીનું વાસણ આલ્કલાઈન હોવાથી, તે પાણીના એસિડિક તત્ત્વોને સામાન્ય બનાવવાનું કામ કરે છે. આ પીવાથી શરીરનું પીએચ લેવલ ૭.૩૫ થી ૭.૪૫ની વચ્ચે રહે છે. જો આ પીએચ સ્તરમાં ઘટાડો અથવા વધારો થાય છે, તો શરીરને ગંભીર પરિણામો ભોગવવા પડે છે. જો શરીરનું પીએચ લેવલ ૬.૯ થી નીચે જાય તો પણ વ્યક્તિ કોમામાં પણ જઈ શકે છે.

જ્યારે આપણે નિયમિતપણે માટલાનું પાણી પીવે છે ત્યારે તે આપણા શરીરનું પીએચ લેવલ જાળવી રાખે છે. આ રીતે જોવામાં આવે તો માટલાનું પાણી પીવાના ઘણા ફાયદા છે. તેનાથી વિપરિત, આરોગ્યની દૃષ્ટિએ આરઓનું પાણી આપણા શરીર માટે સારું નથી, કારણ કે તેને ફિલ્ટર કરતી વખતે, શરીરના ઘણા જરૂરી પોષક તત્ત્વો નષ્ટ થઈ જાય છે. જ્યારે માટીના વાસણ કુદરતી ફિલ્ટરનું કામ કરે છે. માટીનું વાસણ એટલા માટે પણ મહત્ત્વનું છે કારણ કે આયુર્વેદમાં શરીર માટે જરૂરી ગણાતાં પાંચ તત્ત્વો.

# અમર ફળ ઉર્ફે આંબો ખરેખર તન, મન અને પર્યાવરણ માટે ઉપયોગી

પુરાણોમાં આંબાને અમર ફળ' કહીને નવાજવામાં આવ્યો છે.અમર ફળ' પરથી અપભ્રંશ થઈને બનેલા 'આમ્રફળ'ના દરેક અંગ જેમ કે છાલ, ગર્ભ, ગોટલી તો માનવજાતને ઉપયોગી છે જ પરંતુ આંબાનાં પાન અને થડ પણ એટલાં જ ઉપયોગી છે. પૂજા-પાઠનો પ્રસંગ હોય કે સત્યનારાયણની કથા, મહારાજ પાણીથી ભરેલા તાંબાના કળશ પર આંબાનાં પાંચ પાન અવશ્ય મૂકે પછી તેના પર શ્રીફળ ગોઠવે. વાતાવરણમાંથી હકારાત્મક તરંગો શ્રીફળની માફક આંબાના પાન પણ ખેંચી શકે છે. મહારાષ્ટ્રિયનો ગૂડીપડવાના દિવસે જે ગૂડી બાંધે છે એમાં લીમડાનાં પાન સાથે આંબાનાં પાન પણ હોય છે.

લગ્ન પ્રસંગ કે અન્ય અવસર પર ઘરના બારણે આંબાનાં પાનનું તોરણ અવશ્ય બંધાય છે. આંબાનાં પાન માત્ર હકારાત્મક તરંગો જ ખેંચી નથી લાવતાં, વાતાવરણમાં ગરમીનું નિયમન કરવામાં પણ અગત્યનો ભાગ ભજવે છે. આમ તો દરેક વૃક્ષ પૃથ્વી અને વાતાવરણનું ઉષ્ણતામાન જાળવવામાં મદદરૂપ થાય જ છે, પરંતુ અગાઉના લેખોમાં જણાવ્યું હતું તેમ કેસુડો, બીલી, ગુલમહોર, આંબો અને લીમડો જેવાં વૃક્ષો જ્યારે આપણને જરૂર હોય ત્યારે એટલે કે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખરા અર્થમાં મદદરૂપ થાય છે. આ ઋતુમાં પડતો સૂર્યનો આકરો પ્રકાશ અને ગરમી પોતે ઝીલીને તેનું ફૂલ કે ફળમાં રૂપાંતર કરતાં હોય છે અને માનવજાતને ઠંડક પ્રદાન કરતાં હોય છે.

હોળીના દિવસે નવા જન્મેલા બાળકોને આંબાનો મ્હોર પાવાનો રિવાજ છે. એ પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. આવનારી ગરમી અને લૂ'થી થતાં દર્દોથી બાળકનું રક્ષણ થાય એવો આશય આ રિવાજ પાછળ હોય છે. ભરબપોરે પણ બાળકો આંબા કે લીમડા નીચે રમતાં હોય તો ઠંડક જ લાગે. આયુર્વેદમાં પણ કેરીની ગરમીનો પ્રતિકાર કરતી ઔષધિ તરીકે જ ગણના થાય છે.આરોગ્યની બારમાસી'ના લેખક વૈદ્ય 'ચિકિત્સક' જણાવે છે કે આજના ઔષધશાસ્ત્રી તો કેરીને ગ્રીષ્મઋતુનું ઊંચા પ્રકારનું ઔષધ જ માને છે. કેરીમાં એવા ગુણો છે જે ગરમ ઋતુના દોષોને દૂર કરી મનુષ્યને પોષણ અને બળ આપી નિરોગી રાખે છે. ભારત જેવા ગરમ પ્રદેશમાં ગરમીની ઋતુમાં કેરીનું આગમન થાય છે એ ખરેખર કુદરતે આપણા પર કરેલો મોટો ઉપકાર જ છે.એક સર્વેક્ષણ પ્રમાણે યુવાનોને સહુથી વધુ સતાવતો રોગ એટલે એસિડિટી. એમાં પણ આજના ઈન્સ્ટન્ટ અને જંક ફૂડ આરોગતા હોય તેમનામાં પિત્તવર્ધક રોગનું પ્રમાણ ઘણું વધી ગયું છે. આવા સંજોગમાં કેરીનું વિવેકપૂર્ણ સેવન અમૃત બનીને કામ આપે એમાં કોઈ શંકા નથી. કેરી ગરમીથી થતા તાવ, મરડો, કબજિયાત, લૂ-લાગવી વગેરે બીમારીથી પણ રક્ષણ આપે છે.લીવરના દોષો, કમળો કે આંતરડાની ગરમીના દર્દોમાં પણ કેરી અને કેરીની ગોટલી ખૂબ જ ઉપયોગી છે. લીવરને જે તત્ત્વોની જરૂર પડે છે તેવા તૂરાં અને ખાટા-મીઠાં રસવાળા તત્ત્વો કેરીમાંથી મળી રહે છે. ક્ષયના અનેક પ્રકારોમાં આમ્રપ્રયોગ પણ મહત્ત્વની ઔષધિ સાબિત થાય છે.ઘણાં લોકો કેરીને વાયુકર્તા માને છે. પરંતુ અગાઉ કેરી ખાવાની જે પદ્ધતિ હતી તે ખૂબ જ સારી હતી. કેરીને થોડો સમય પાણીમાં પલાળી, પછી ઘોળીને ચૂસીને ખાવાથી કેરી ખાવાનો આનંદ તો મળે જ છે સાથે વાયુકારક બનતી નથી. અત્યારે આપણે કેરીને કાપીને રાખીએ છીએ કે પછી રસ કાઢીને રાખીએ છીએ પછી તેનું સેવન કરીએ છીએ એ વાયુકારક બની શકે ખરો, પરંતુ કેરીના રસમાં સૂંઠ અને ઘી ભેળવીને ખાવામાં આવે તો વાયુની અસરને ઘણા અંશે નાબૂદ કરી શકાય.આમ્રવૃક્ષનાં લાકડાં પણ હવન-યજ્ઞ કાર્યમાં સમિધ તરીકે વાપરવામાં આવે તો વાતાવરણમાં ઠંડક શુદ્ધિ ફેલાવવામાં નિમિત્ત બની શકે છે.આમ, પોતાનું અંગેઅંગ માનવજાત માટે ન્યોછાવર કરતો આંબો, આંબો વાવનારા અને તેનું રક્ષણ કરનારા પૂર્વજો તેમ જ આંબાને ધાર્મિક ક્રિયા, પૂજા અને સામાજિક પ્રસંગો સાથે સાંકળી લેનાર ઋષિમુનિઓને કોટિ કોટિ પ્રણામ.કેરીની જ વાત નીકળી તો એક આડ વાત કહેવાનું મન થાય છે. આજે તમે કોઈને પણ પૂછશો તો એમ જ કહેશે કે આ વખતે કેરી ખાવાની મજા ન આવી. પૈસા ખર્ચીનેય સારી ગુણવત્તા ધરાવતી કેરી નથી મળતી. કેરીમાં જે અસલી સ્વાદ અને કુદરતી મીઠાશ છે એ માણવા મળતાં નથી.ઉતાવળે આંબા ન પાકે' કેધીરજના ફળ મીઠાં હોય છે.' આવી ઉક્તિઓ કહેવતમાં જ સ્થિર થઈ ગઈ છે. આજના ધંધાદારી યુગમાં આ કહેવતનો અમલ થાય છે કે નહિ એ એક શંકાનો વિષય છે. માત્ર કેરી જ નહિ કોઈ પણ ફળ એની સિઝન પહેલાં માર્કેટમાં દેખાવા લાગે છે. ફળ ઝાડ પર પરિપક્વ થાય પછી જ તોડવા જોઈએ. કેરીની સાખ પડે, એક બે કેરી પીળી દેખાવા લાગે, તેનું બહારનું પડ નરમ કપડે અને આપોઆપ નીચે પડે ત્યારે જ કેરી પાડવાની હોય. પરંતુ આજે તો કેરી વેચવાનો અને નિકાસ કરવાનો ધંધો થઈ ગયો છે.આમાં જરૂર કરતાં વહેલી કેરીઓ ઉતારીને, પછી રસાયણથી કૃત્રિમ રીતે પકાવવામાં ક્યાંક કુદરતના નિયમનું ઉલ્લંઘન તો થતું નથી ને? ખરેખર તો કેરી વૈશાખ-જેઠનું ફળ છે. પણ શહેરોમાં તો ચૈત્ર મહિનામાં જ દેખાવાની શરૂઆત થઈ જાય છે. અરે, કેટલાંક સ્ટેટસ સિમ્બોલ ધરાવતા ધનિકો તો ફાગણમાં હોળી પછી તરત જ સરસ આકર્ષક બૉક્સમાં કેરીઓની ભેટ આપી વટ પાડવાનો પ્રયત્ન કરતાં હોય છે. પછી ભલે અંદરથી કેરી ખાટી બટ્ટ નીકળે. કુદરત ઋતુ પ્રમાણે જ અલગ અલગ ફળનું ઉત્પાદન કરતી હોય છે. જે તે ઋતુની અસરથી બચવા તે પ્રકારના ફળો ઉત્પન્ન થતાં હોય છે. આજે કોઈ પણ ઋતુમાં કોઈ પણ ફળ મળે એ ખરેખર પ્રગતિ કહેવાય કે અધોગતિ?ફળોને સમય કરતાં વહેલાં ઉતારી લેવાથી વૃક્ષના માતૃત્વ પર કારમો ઘા તો નહિ પડતો હોય ને? નવ મહિના પછી સંપૂર્ણ વિકસિત બાળક દુનિયામાં આવે તે સારું કે અધૂરા માસે અથવા તો ધીરજ અને સહનશક્તિના અભાવથી સિઝેરિયનથી બાળક અવતરે એ સારું? ફળોને ઝડપથી પકાવવા રસાયણોનો ઉપયોગ જરૂરી જ છે કે પછી કુદરતી સૂર્યપ્રકાશ અને ગરમીનો ઉપયોગ કરી વૃક્ષ પોતે જ પોતાના બાળકોને પરિપક્વ બનાવે તે વધુ હિતકારક છે? ફળ પકાવવાની વૃક્ષની પ્રક્રિયામાં વાતાવરણમાં ઉષ્ણતામાનનું પ્રમાણ ઘટે છે, પરંતુ એ જ પ્રક્રિયા રસાયણથી થાય અને વૃક્ષો બિચારા સૂર્યપ્રકાશ અને ગરમીનો ઉપયોગ કરી જ ન શકે તે કારણે પણ ગ્લોબલ વૉર્મિંગના આ જમાનામાં ગરમી વધતી હશે? ખેતી નિષ્ણાતો, ખેડૂતો કે ફળોના વેપારીઓ આ બાબત પર કંઈ પ્રકાશ પાડી શકે?

# ગરમી સામે લડવા માટે આ પીણા છે ઉપયોગી

**ગરમીમાં શરીરને ઠંડું રાખવા માટે કેટલાક પીણા ખૂબ જ ફાયદાકારક છે. એમ કહી શકાય કે ગમે તેટલી ગરમી હોય પરંતુ આ પીણા સામે તેનું કાંઇ ચાલશે નહીં. આ પીણા ઉનાળામાં લૂ લાગતા, બેભાન થતા બચાવે છે. આ સ્વાદિષ્ટ અને એનર્જીથી ભરપૂર છે. આ આપણા શરીરને ઉનાળામાં ઊર્જા આપે છે. તો આવો એક એક કરીને જાણીએ ક્યા પીણા ઉનાળામાં પીવા લાયક છે.**









## નારિયેળ પાણી

નારિયેળ પાણી ગમે ત્યારે પી શકાય છે. આ શરીરને ભરપૂર ઊર્જા, મિનરલ્સ અને બીજા પૌષ્ટિક તત્ત્વો આપે છ, પરંતુ ઉનાળાની ગરમીમાં નારિયેળ પાણી અમૃત જેવુ છે. કારણ કે તે તમારા બ્લડ પ્રેશરને ક્નટ્રોલ કરવામાં મદદરૂપ છે. ગરમીમાં સામાન્ય રીતે ડિહાઈડ્રેશનથી તમને બચાવે છે. અને તડકાથી થતી ગરમીમાં રાહત આપે છે. પીવામાં ભલે નારિયેળ પાણી મીઠું છે. આ મીઠાસમાં સુગરનો ખતરો નથી. તે સુગરને ક્નટ્રોલ કરે છે. ગરમીમાં પેટ ખરાબ થવાની સમસ્યા રહેતી હોય છે. નારિયેળ પાણી પેટ ખરાબ થતા બચાવે છે. હાર્ટ બીટ ગરમીમાં વધી જાય છે. નારિયેળ પાણી તેને સંતુલિત કરે છે. અને વજન ઘટાડવામાં મદદ કરે છે. કોલેસ્ટ્રોલ પણ ઓછો કરે છે. હંમેશાંની જેમ ચામડીને ચમકતી રાખે છે અને ગરમીમાં જેમના મોં પર પિગ્મેટેસન રંગ વધુ દેખાડે છે તેમણે નારિયેળ પાણી પીવું જોઈએ.

## તરબૂચનો જ્યૂસ

ગરમીમાં તરબૂચનો જ્યૂસ પણ ફાયદાકારક છે. કારણ કે તે આપણી ચામડીને હાઈડ્રેડ રાખે છે. કિડનીને સ્વસ્થ રાખે છે. વધુ ગરમીમાં મગજને સંતુલિત રાખે છે. તરબૂચનો જ્યૂસ પણ એક સંપૂર્ણ હેલ્થ પેકેજ છે. આ હાર્ટ માટે ખૂબ સારું છે. વજન પણ ઘટાડે છે. ઈમ્યૂનિટી મજબૂત રાખે છે. કબજિયાતની સમસ્યા દૂર કરે છે. ગરમીમાં હાઈઝેશન સાથે મગજને શાંત રાખે છે. નોંધનીય છે કે તરબૂચમાં વિટામિન સી, બીટા કેરોટિન, લાઈકોપિન અને એન્ટી ઓક્સિડન્ટ મળી આવે છે. જેમાં પાણી, ઊર્જા, પ્રોટીન, કેલ્શિયમ, આર્યન, મેગ્નિશિયમ, પોટેશિયમ, સોડિયમ, જિંક, વિટામિન બી ૬, વિટામિન એ , વિટામિન એ, વિટામિન-ઈ અને વિટામિન-ડી જેવાં તત્ત્વો મળે છે. ગરમીમાં તરબૂચનો જ્યૂસ એકદમ પરફેક્ટ હેલ્થ પેકેજ છે.

## લીંબુ પાણી

લીંબુ પાણી પણ એક પીણુ છે જે ક્યારેય પણ પી શકાય છે. વર્ષના ૩૬૫ દિવસ સુધી આ શરીરને ફાયદો પહોંચાડે છે. નુકસાન નહી. લીંબુ પાણીમાં પાણીની માત્રા વધુ હોય છે. એટલા માટે આ શરીરને હાઈડ્રેડ રાખે છે. જેમાં મળતા વિટામિન સી, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નિશિયમ અને ઈલેક્ટ્રોલાઈટ્સ આપણને ગરમીમાં પરસેવાથી બચાવે છે. પરસેવાથી શરીરમાંથી મિનરલ્સ અને મીઠું બહાર જતું રહે છે. ગરમીમાં થનારી એસિડિટી અને ગેસની સમસ્યાથી બચાવે છે અને સૌથી મોટી વાત એ છે કે લીંબુ પાણી વજનને ઓછું કરે છે. ગરમીમાં ગરમ હવાના કારણે લોકો બીમાર પડે છે. લીંબુ પાણી આવી બીમારીઓને બચાવે છે. આ આપણા મૂડને રિફ્રેશ કરે છે. શરીરને એનર્જી પૂરી પાડે છે. કિડનીને સ્વસ્થ રાખે છે.

## છાશ

ગરમીમાં છાશનું વેચાણ વધુ થાય છે. લોકો ખૂબ છાશ પીવે છે. છાશ ગરમીથી બચાવે છે. મે, જૂનની ગરમીમાં છાશ ખૂબ રાહત આપનાર પીણું છે. કારણ કે તેમાં પ્રોબાયોટિક્સ, વિટામિન અને ડઝનેક ખનિજ તત્ત્વ હોય છે. જે શરીરને ઠંડુ રાખવામાં મદદરૂપ થાય છે. છાશમાં કેલ્શિયમ, પોટેશિયમ અને વિટામિન બી૧૨ જેવા પોષક તત્ત્વ હોય છે. જે સ્વાસ્થ્ય માટે સારા છે.છાશમાં પાણી વધુ હોય છે જેનાથી શરીરમાં ડિહાઈડ્રેશન થશે નહીં. તેમાં વિટામિન ડી અને વિટામિન બી કોમ્પ્લેક્સ હોય છે. હાડકા અને દાંત સ્વસ્થ રાખે છે. છાશમાં એન્ટી ઓક્સિડન્ટ અને એન્ટીબેક્ટીરિયલ ગુણ પણ હોય છે. જેનાથી તમને છાશ પીવાથી અનેક પ્રકારની બીમારીઓથી રક્ષણ મળે છે. છાશમાં મળી આવતું લેક્ટિક એસિડ પેટના એસિડને ઓછું કરે છે. છાશને ગરમીઓમાં પીવાના અનેક ફાયદાઓ છે. આખું પુસ્તક પણ લખવામાં આવે તો ઓછું પડી જાય છે.

## સત્તૂનો શરબત

સત્તૂ ફક્ત બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશના ગરીબોનું પીણું છે. આ એક વૈજ્ઞાનિક પીણું છે. જે આપણને ગરમીમાં ફાયદો આપે છે. આ કારણ છે કે હવે સત્તૂ ગામ અને ગરીબો સિવાય મોટાં મોટાં શહેરોમાં પ્રાઈમ પીણુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગરમીમાં સત્તૂ પીવાના અનેક ફાયદાઓ છે. આ શરીરને ઠંડુ રાખે છે. ગરમીમાં શરીરને ઠંડુ રાખવું ખૂબ જરૂરી છે. કારણ કે જો ગરમીમાં સતત શરીર ગરમ હોય તો સન સ્ટ્રોક્સ સહિત અનેક પ્રકારના પેટના રોગ થઈ શકે છે. પાચન ક્રિયા મજબૂત બનાવે છે. વજન ઓછું કરે છે અને પેટને સ્વસ્થ રાખે છે. લીંબુ પાણી છાશની જેમ આ પણ પેટને સ્વસ્થ રાખે છે. જોકે કોઈ પણ ઋતુમાં સત્તૂ ખાવાની અનેક રીત છે.

# આર્યન ખાને મને વીડિયો લીક કરવાની ધમકી આપી જાણો કોણે કર્યો આવો ખુલાસો?

## હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં પોતાના બાળપણના કેટલાક કિસ્સાઓ વિશે વાત કરી રહી હતી અને આ દરમિયાન જ તેણે આર્યન ખાનને લઈને ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હતા.



એક્ટ્રેસ અનન્યા પાંડે હાલમાં તેની ફિલ્મ સીટીઆરએલને કારણે ખૂબ જ ચર્ચામાં છે, પરંતુ આ બધા વચ્ચે અનન્યા પાંડેએ શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાન પર આક્ષેપો મૂક્યા છે. અનન્યાએ જણાવ્યું છે કે કઈ રીતે આર્યન ખાન તેને ધમકી આપતો હતો, એટલું જ નહીં આર્યને તો અનન્યાને વીડિયો લીક કરવા સુધીની ધમકી આપી દીધી હતી. આટલું વાંચીને તમે પણ તમારા મગજના ઘોડા દોડાવવા લાગ્યા ને? ચાલો તમને આખો કિસ્સો જણાવીએ-

વાત જાણે એમ છે કે અનન્યા હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં પોતાના બાળપણના કેટલાક કિસ્સાઓ વિશે વાત કરી રહી હતી અને આ દરમિયાન જ તેણે આર્યન ખાનને લઈને ચોંકાવનારા ખુલાસાઓ કર્યા હતા. અનન્યાએ જણાવ્યું હતું કે બાળપણથી હું, આર્યન ખાન અને સુહાના ખાન ખૂબ સારા મિત્રો છીએ અને અમે લોકો એ સમયે પણ ખૂબ જ મસ્તી મજાક કરતાં હતાં.

આગળ તેણે આવું જણાવ્યું હતું કે મને અને સુહાનાને વીડિયો રેકોર્ડ કરવાનો શોખ હતો અને બ્લોગ બનાવવાનો શોખ હતો. હું આખો દિવસ શું કરૂ છું, શું જમુ છું એ બધું વીડિયોમાં રેકોર્ડ કરતી હતી, પરંતુ હું ક્યારેય એ વીડિયો પોસ્ટ નહીં કરતી. આર્યનને આ બધી વાતો ખબર હતી અને તે અમને અમારા વીડિયો લીક કરી દેશે.

અનન્યાએ અન્ય એક કિસ્સો જણાવ્યો હતો કે, બાળપણમાં અમે ખૂબ મસ્તી કરતાં હતાં. આ મારી રેન્ડમ ટ્રોમા સ્ટોરી છે. એક વખત ભૂલથી મારાથી સુહાનાનો ફોન નંબર લીક થઈ ગયો હતો. તે સુહાનાને ફેસટાઈમ કરી રહી હતી. પરંતુ એક્ટ્રેસે ફોન ન ઉઠાવતાં અનન્યાએ ફેસટાઈમનો સ્ક્રિનશોટ પાડી ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી દીધો હતો. જેમાં તે સુહાનાનો ફોન નંબર બ્લર કરવાનુ ભૂલી ગઈ હતી અને આમ સુહાનાનો નંબર લીક થઈ ગયો હતો.અત્રો ઉલ્લેખનીય છે કે અનન્યાની ફિલ્મ સીટીઆરએલ રિલિઝ થઈ હતી અને આ અગાઉ તે 'કોલ મી બે' વેબ સિરિઝમાં પણ જોવા મળી હતી. બંને સિરિઝ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે.

# હિના ખાનને ન્યુરોપેથિક બિમારીથી બહુ તકલીફ વેઠવી પડી હતી



હિના ખાન ટીવીથી લઈને બોલિવૂડ સુધી એક મોટું નામ બની ગઈ છે, પરંતુ હાલ આ દિવસોમાં તે પોતાની એક્ટિંગ કે કોઈ શોને કારણે નહીં પરંતુ તેની જીવલેણ બીમારીને કારણે ચર્ચામાં છે. હિનાએ એક પોસ્ટ શેર કરીને પોતાની સ્થિતિ જણાવી છે. તેણે જે કહ્યું તે સાંભળીને ચાહકોની આંખો પણ આંસુઓથી ભરાઈ ગઈ. તેણે કહ્યું છે કે તેની તબિયત દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. આવી સ્થિતિમાં હિના સતત ઈવેન્ટ્સમાં ભાગ લઈ રહી છે. હાલમાં જ હિનાનો એક વીડિયો પણ સામે આવ્યો હતો જેમાં તે નીચે પડતાં બચી હતી. તેને એક્ટર કાર્તિક આર્યન સંભાળતો હતો. હવે ફરી એકવાર હિનાએ શેર કરેલી પોસ્ટ વાંચીને સોશિયલ મીડિયા પર ફેન્સ ચોંકી ગયા છે અને ખૂબ જ પરેશાન છે.હિના ખાન આ દિવસોમાં તેના બ્રેસ્ટ કેન્સર માટે કીમોથેરાપી લઈ રહી છે. તેની દવાઓના કારણે તેની તબિયત બગડી રહી છે. આવી સ્થિતિમાં હિના ખાને તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં અભિનેત્રીએ સાડી પહેરી છે. સાડી ભારે હોવાને કારણે હિના ખાન તેને પકડીને લિફ્ટ તરફ ઝડપથી દોડતી જોવા મળે છે. અભિનેત્રી લિફ્ટની અંદર પહોંચતા જ એક યુવતીએ પૂછ્યું કે સાડીની નીચે શું છે? છોકરીના સવાલના જવાબમાં હિના ખાન કહે છે કે તેણે જૂતું પહેર્યું છે, 'મેં મારા પગમાં જૂતું પહેર્યું છે. આજકાલ મારે આ સ્થિતિમાં કામ કરવું પડે છે. પરંતુ હું કામ કરીશું અને લડીશું.વીડિયો શેર કરતી વખતે હિના ખાને આગળ લખ્યું, "જેમ કે તમે બધા જાણો છો કે મને ખૂબ જ ન્યુરોપેથિક પીડા છે. મને ઊભા રહેવામાં તકલીફ થાય છે, પરંતુ સારવારથી મને કોઈ આડઅસર થાય તે પહેલાં હું ઈવેન્ટ માટે હા કરી દીધી હતી.. આ જ કારણથી હું ના પાડી શકતી નથી. પહેલા મેં ના પાડી અને તેમના પૈસા પરત કરવાનું વિચાર્યું. કારણ કે મારે સ્ટેજ પર દોઢ કલાક ઊભા રહેવાનું હતું. હું ખૂબ જ ડરી ગઈ હતી.આ ઘટના માટે, મેં મારી સારવારની આડ અસરો અંગે ઈવેન્ટમાં કામ કરવાની હા કહી દીધી હતી. સાચું કહું તો, શરૂઆતમાં હું આ ઈવેન્ટનો ઈનકાર કરવાની હતી. કારણ કે આ ઈવેન્ટ માટે મારે સ્ટેજ પર દોઢ કલાક ઊભા રહેવાનું હતું. હું ભગવાનનો આભાર માનું છું અને મને હિંમત આપે તે માટે હું પ્રાર્થના કરું છું. આ સાથે હિના ખાને નીના ગુપ્તાની દીકરી મસાબાની પણ માફી માંગી છે.



# બર્થ-ડેની ઉજવણી વખતે જુઓ અવનીત કૌરનો બોલ્ડ અંદાજ

ટીવી અને બોલીવુડની જાણીતી અભિનેત્રી અવનીત કૌરે આજે પોતાના ૨૩મા જન્મદિવસની ઉજવણી કરી. પોતાના ફ્રેન્ડ્સ સાથે જન્મદિવસની ઉજવણી કરીને ફરી એક વાર અવીનત કૌર ચર્ચામાં આવી. સોશિયલ મીડિયા પર હંમેશાં એક્ટિવ રહેતી અવનીત કૌરે પોતાના જન્મદિવસની ઉજવણી કરીને ચર્ચામાં આવી છે. બર્થડે સાથે સૌથી મોટી વાત એ હતી કે બેકલેસ ડ્રેસમાં અવનીતે પોતાના રંગ રુપનો પરિચય કરાવ્યો હતો.સોશિયલ મીડિયા પર સક્રિય રહેતી અભિનેત્રીએ પોતાના બર્થડે સેલિબ્રેશનની તસવીરો શેર કરી હતી, જેમાં કેક કટિંગ પૂર્વે જોવા મળી હતી. એક રેસ્ટોરાંમાં પોતાના જન્મદિવસની ઉજવણી કરતી જોવા મળી હતી. ટેબલ પર રાખવામાં આવેલી કેકની સાથે અવનીત ગ્લેમરસ લૂકમાં જોવા મળી હતી. એનિમલ પ્રિન્ટની સાઈડ કટ બોડીકોન ડ્રેસ પહેર્યો હતો, જેમાં એકદમ બોલ્ડ લાગતી હતી.અવનીત કૌરે કેમેરા સામે એક પછી એક બોલ્ડ પોઝ આપ્યા હતા, જેમાં દિલકશ અદામાં પોતાના ચાહકોને ઘાયલ કર્યાં હતા. ગ્લોસી મેકઅપ અને ખુલ્લા કર્લી વાળમાં જોવા મળેલી અવનીતને જોઈને લોકોના દિલ જીતી લીધા હતા. એક પછી એક તસવીરો શેર કરીને અવનીત કૌરે પોતાની સ્ટોરીમાં લખ્યું છે કે ચેલેન્જિંગ માય ઈનર સ્પિરિટ ફોર માય બર્થ-ડે. થેન્ક્યુ ફોર ઓલ ધ લવ એન્ડ વિશિશ. અવનીત કૌરની તસવીરો પર અનેક ચાહકોએ કમેન્ટ કરી છે, જેમાં કંગના રનૌતે પણ હેપ્પી બર્થડે સનશાઈન.

# આ જ ગીત તમારાથી બહેતર ગાઈ બતાવીશ!

## આ રવિવારે અશોક કુમારની જન્મતિથિ છે તો કિશોર કુમારની પુણ્યતિથિ છે. બંને ભાઈએ ગાયેલા એક સરખા ગીત વિશે જાણવા જેવું રસપ્રદ છે.





અશોક કુમાર, અનુપ કુમાર અને કિશોર કુમાર – મધ્ય પ્રદેશના ખંડવા શહેરની બંધુ ત્રિપુટી હિન્દી ફિલ્મ ઈતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. વચેટ ભાઈ અનુપ કુમારને સરખામણીમાં ઓછી નામના મળી. જોકે, જ્યેષ્ઠ બંધુ અશોક કુમાર અને અનુજ કિશોર કુમારનું યોગદાન અવિસ્મરણીય છે. બંને ભાઈની રેન્જ એટલી વિશાળ છે કે એક આખું પુસ્તક લખી શકાય. રવિવાર, ૧૩ ઓક્ટોબરે દાદામોની અશોક કુમારની જન્મતિથિ છે અને એ જ દિવસે 'ઉછલમ કુદમ' કિશોરદાની પુણ્યતિથિ છે એ નિમિત્તે એમની વિશિષ્ટ સ્મૃતિને ઢંઢોળવી રસપ્રદ બની રહેશે.

૧૯૩૬માં 'જીવન નૈયા'થી એક્ટિંગ શરૂ કરનારા અશોક કુમાર ૬૦ વર્ષ સુધી ફિલ્મો કરતા રહ્યા. કિશોરદાની અભિનય અને ગાયક યાત્રાનો પ્રારંભ ૧૯૪૬થી થયો અને ૧૯૮૭માં અવસાન થયું ત્યાં સુધી અવિરત ચાલતો રહ્યો. અશોક કુમારેઅભિનયમાં અને કિશોર કુમારે ગાયકીમાં ઉત્તુંગ શિખરો સર કર્યા. ગાયકીની જેમ એક્ટિંગમાં પણ કિશોરદાનું બહોળું યોગદાન છે. અશોક કુમારે કરિયરના પ્રારંભમાં ગીત ગાયા છે.

એવાં બે ગીત છે , જે પ્રથમ અશોક કુમારના સ્વરમાં રજૂ થયા છે અને કેટલાંક વર્ષો બાદ કિશોર કુમારે પણ ગાયા છે. નિઃસંકોચ પણે કહી શકાય કે અશોક કુમારના સ્વરમાં રજૂ થયેલા ગીત એ સમયની જનતાને પસંદ પડ્યા હોઈ શકે છે, પણ ગુણવત્તામાં કિશોરદા એમનાથી બાર નહીં , બારસો કે બાર હજાર ગાઉ આગળ છે.બંને ગીત સાથે સંકળાયેલી કથાપણ જાણવા જેવી છે. ૧૯૩૬માં રિલીઝ થયેલી અશોકકુમારની પહેલી ફિલ્મ 'જીવન નૈયા'માં 'કોઈ હમદમ ના રહા' ગીત અશોક કુમારે ગાયું છે. ગીતકાર હતા જે. એસ. કશ્યપ અને સંગીતકાર હતાં સરસ્વતી દેવી. ફિલ્મ રિલીઝ થઇ ત્યારે ગીત દર્શકોને પસંદ પડ્યું હતું. એ વખતે કિશોરદાની ઉંમર છ વર્ષની હતી. મોટા ભાઈ સાથે કયારેક શૂટિંગમાં કે રેકોર્ડિંગમાં જતા. 'કોઈ હમદમ ના રહા'ના રેકોર્ડિંગ વખતે 'આ ગીત મારે ગાવું છે' એવી જીદ બાળક કિશોરે પકડી હતી. જોકે, એ સમયે કિશોરદાનો અવાજ ઘોઘરો હોવાથી મોટાભાઈએ એની વાત હસી કાઢી હતી. ત્યારે જ નાનાભાઈએ 'જોજો, એક દિવસ આ જ ગીત હું ગાઈશ અને તમારા કરતાં સારું ગાઈ બતાવીશ' એવું મોટાભાઈને કહી દીધું હતું. ૧૯૬૧માં 'ઝુમરુ' ફિલ્મમાં કિશોરદાએ 'કોઈ હમદમ ના રહા' ગાયું અને ગીતને એક ઊંચાઈ પર બેસાડી દીધું. કિશોરદાનાં ગ્રેટ ગીતોમાં એનું સ્થાન પહેલા પાંચમા આવે. અલબત્ત, બંને ગીતનું મુખડું જ સરખું છે. બાકીના અંતરા એકદમ ભિન્ન છે.બીજું ઉદાહરણ છે 'એક ચતુર નાર'. આ ગીતનો ઉલ્લેખ થતા 'પડોસન' ફિલ્મ અને મન્નાડે – કિશોર કુમારની જુગલબંધી તરત યાદ આવી જાય. ગીતકાર રાજેન્દ્ર ક્રિષ્ના અને આર. ડી. બર્મન દ્વારા સ્વરબદ્ધ આ ગીત સંગીત રસિકો માટે અનોખું સંભારણું છે. જોકે, ૧૯૪૧માં રિલીઝ થયેલી 'ઝૂલા' ફિલ્મમાં આ ગીત અશોક કુમારના

સ્વરમાં છે. ગીતકાર છે કવિ પ્રદીપ અને સંગીતકાર છે ફરી સરસ્વતી દેવી. જોકે, બંને ગીતમાં 'એક ચતુર નાર કરકે શીંગાર' સિવાયની પંક્તિઓ એકદમ ભિન્ન છે. 'જીવન નૈયા' ફિલ્મના 'કોઈ હમદમ ના રહા'ની સરખામણીએ અશોક કુમારના સ્વરમાં આ ગીત બહેતર લાગે છે. જોકે, અહીં પણ કિશોરદાની મસ્તીખોર ગાયકી 'પડોસન'ના ગીતને ફાઈવ સ્ટાર લગાવી દે છે.તલત મેહમૂદ-ગુજરાતી ફિલ્મો-ગરબા

હિન્દી ફિલ્મ સંગીતમાં ઓર્ગન, ગિટાર, વાયોલિન, ડ્રમ ઈત્યાદિ જેવા વાદ્ય વગાડનારા વાદકોનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. ડ્રમ પ્લેયરની વાત નીકળે અને સૌથી પહેલું નામ બરજોર લોર્ડ – બજી લોર્ડનું જ લેવાય. દસ હજારથી વધુ ગીતોમાં ડ્રમ સહિત વિવિધ વાજિંત્રો વગાડનારા બજી લોર્ડનું વિશેષ યોગદાન એ રહ્યું છે કે એમણે અનેક કુશળ ડ્રમ પ્લેયરને તૈયાર કર્યા. યુનાઈટેડ કિંગડમના વેલવિન 'હેટફિલ્ડ નામના પરગણામાં 'ઈન્ડિયન' કલચરલ એસોસિએશન દ્વારા આયોજિત નવરાત્રિ ઉત્સવમાં બજી લોર્ડના એક સમયના શિષ્ય અરુણ ગણેશ શેંદુરનીકર ૮૫ વર્ષની ઉંમરે માતાજીના ગરબા પર ત્રણ કલાક સુધી ૨૫ વર્ષના યુવાનના જોશ સાથે ડ્રમ વગાડતા જોઈ આપણા ભવ્ય સંગીત વારસાને મનોમન નમન કરી લીધું. અરુણભાઈ વિશે એમના જ શબ્દોમાં જાણીએ :

મારો જન્મ ૭ જાન્યુઆરી, ૧૯૩૯માં. પિતાશ્રી ભોપાલમાં સરકારી નોકરી કરતા હતા. ત્યાં મેં ઉચ્ચ શિક્ષણ લીધું અને મિકેનિકલ એન્જિનિયરની ડિગ્રી મેળવી. અમારા પરિવારમાં કોઈ સંગીત ક્ષેત્ર સાથે સંકળાયેલું નહોતું. મને નાનપણથી ટેબલ પર તબલા વગાડવાનો શોખ હતો. પિતાશ્રીને મારા શોખનો ખ્યાલ આવ્યો અને મને કહ્યું કે તારે મ્યુઝિકની દુનિયામાં આગળ વધવું હોય તો મુંબઈ જા. કરિયર નહીં બને તો તારી પાસે ડિગ્રી છે જ, નોકરી તને મળી જશે. પિતાશ્રીના પ્રોત્સાહનને કારણે હું મુંબઈ પહોંચી ગયો. (આજે પણ એ પોતાની ઓળખ અરુણ ગણેશ તરીકે જ આપે છે. કોઈ અટક જાણવાનો આગ્રહ રાખે તો જ જણાવે છે. આ પિતાશ્રીનો ઋણ સ્વીકાર છે).

મુંબઈ પહોંચી બરજોર લોર્ડને મળ્યો. એમણે મને એકડે એકથી તાલીમ આપી અને બધું જ શીખવ્યું. સંગીતની દુનિયામાં જે પણ મેળવ્યું એ એમના થકી. મારો હાથ પણ જલદી બેસી ગયો અને ૮ મહિના પછી જ મને તલત મેહમૂદ સાથે ફોરેન ટુરમાં ડ્રમ વગાડવાની તક મળી. તલત સાહેબને મારું કામ ગમ્યું અને અખબારોમાં મારા પરફોર્મન્સની પ્રશંસા થઈ. મારી ખ્યાતિ મુંબઈમાં ફરી વળી. ત્યારબાદ દિગ્ગજ ગાયકો મોહમ્મદ રફી, મન્ના ડે, મુકેશ, કિશોર કુમારના સ્ટેજ શોમાં મારી હાજરી સતત રહેવા લાગી. ગીતા દત્ત અને આશા ભોસલેના કાર્યક્રમોમાં પણ મને બોલાવવામાં આવતો હતો. સી. રામચંદ્ર સાથે પણ ઘણું કામ કર્યું. એમની સ્વર રચનાઓમાં ડ્રમને વિશેષ પ્રાધાન્ય રહેતું. ખૈયામ સાહેબ સાથે 'કભી કભી'માં (તેરે ચેહરેસે નઝર નહીં હટતી) પણ મોકો મળ્યો. અન્ય હિન્દી ફિલ્મોમાં પણ પરફોર્મ કર્યું અને હા, ગુજરાતી ફિલ્મના ગીતોમાં પણ ડ્રમ વગાડવાનો મોકો મળ્યો. એ અનુભવને કારણે નવરાત્રીના કાર્યક્રમોમાં ડ્રમ વગાડવામાં મને ઘણી સરળતા રહી એ હકીકત છે. (ઉંમરને કારણે અરુણભાઈને ફિલ્મોના નામ સ્મરણમાં નથી રહ્યા, પણ રફી કે કિશોર કુમારનું ગીત ગણગણતા એમના ચહેરા પર સ્મિત ફરકી ઊઠે છે ).

# વિશેષ: ફિલ્મમાં ટેકનોલોજી બની જશે હવે એક પ્રભાવશાળી પાત્ર

## આધુનિક ટેકનોલોજી ફિલ્મ મેકિંગમાં વિવિધ તબક્કે મદદરૂપ થવા ઉપરાંત હવે ચિત્રપટની વાર્તામાં પણ અલગ સ્વરૂપે એન્ટ્રી લઈ રહી છે.



સોશિયલ મીડિયા આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. ફેસ ટુ ફેસ (મોઢામોઢ) નહીં મળતા અથવા ભાગ્યે જ મળતા લોકો ફેસબુક કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સતત મળતા રહે છે. ટેક્નોલોજીને પગલે ઉદભવેલું સોશિયલ મીડિયા સમાંતર સમાજ જેવું બની ગયું છે એ કહેવામાં અતિશયોક્તિ ભલે હોય, પણ વાતમાં માલ છે એ સુધ્ધાં એટલી જ સાચી વાત છે. મનુષ્ય જીવનમાં જે કંઈ બની રહ્યું હોય એનું પ્રતિબિંબ ફિલ્મોમાં જોવા મળે એવી દલીલ સામાન્યપણે કરવામાં આવતી હોય છે.

આ સંદર્ભમાં યંગ જનરેશનનીએક્ટ્રેસ અનન્યા પાંડેએ કરેલી વાત સમજવા જેવી છે. 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી લેનારી અનન્યાનું નામ એની ફિલ્મો કરતાં સોશિયલ મીડિયામાં એની હાજરીને કારણે વધુ ગાજ્યું છે. એ ગાજવીજમાં ટેકનોલોજી પ્રેરિત સોશિયલ મીડિયાનો મોટો ફાળો છે એ હકીકત છે.અનન્યાનું કહેવું છે કે 'હવે પછી ફિલ્મોમાં ટેકનોલોજી એક 'પ્રભાવી પાત્ર' સ્વરૂપે નજરે પડતી રહેશે અને સોશિયલ મીડિયાની અસર વિશે વાત કરતી ઘણી વાર્તા ફિલ્મો દ્વારા કહેવામાં આવશે'. વિક્રમાદિત્ય મોટવાણે દિગ્દર્શિત ઈઝછક નામની ફિલ્મમાં અનન્યાએ કામ કર્યું છે, જે તાજેતરમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થઈ છે.ફિલ્મની વાર્તામાં ડિજિટલ દુનિયામાં જીવતી આજની યંગ જનરેશન કેન્દ્રમાં છે. ગર્લફ્રેન્ડ – બોયફ્રેન્ડ નેહા અવસ્થી અને જો મેસ્કરહેન્સ આદર્શ ઈનફ્લુએન્સર કપલ (લોકોનાજીવનને પ્રભાવિત કરતી જોડી) છે.

કોલેજના દિવસોથી સાથે હોવાથી એકબીજા માટે લગાવપણ હોય છે. અચાનક એક દિવસ એવું બને છે કેપ અને બંનેનું બ્રેકઅપ થઈ જાય છે. જોને દિમાગમાંથી હટાવી દેવો છે, લાઈફમાં જોઈએ જ નહીં એવી કશ્મકશમાંથી પસાર થતી નેહાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ચાલતી ઈઝછક નામની એક એપ (મોબાઈલ એપ્લિકેશન) હાથ લાગે છે. એની મદદથી જોની હકાલપટ્ટી (ઊફિતય રજ્ઞિળ વિંય ખયળજ્ઞિ- ડિજિટલ દુનિયામાં રહેલી એની હાજરી નામશેષ કરવી) કરવામાં તો નેહાને સફળતા મળે છે, પણ પેલી એપ પછી બાપ બની ઊભી રહે છે અનેપ જીવનમાં આરોગ્યને પ્રાથમિકતા હતી ત્યારે 'ખાવા માટે જીવવું કે જીવવા માટે ખાવું' એવી ઉક્તિ જાણીતી હતી. આજે ટેકનોલોજી પ્રાધાન્ય ધરાવે છે ત્યાર 'માણસનો અંકુશ ટેકનોલોજી પર કે ટેકનોલોજી માણસ પર હાવી' એ સવાલ ટેક સેવી એટલે કે આધુનિક ટેકનોલોજી સમજી એને અનુસરતા સમાજને સતાવી રહ્યો છે.રોબોટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે મનુષ્યને પનારો પડે એવી કથા ધરાવતી હિન્દી ફિલ્મ બનાવવાની કોશિશ અગાઉ પણ થઈ છે.

'લવ સ્ટોરી ૨૦૫૦' (હરમન બાવેજા, પ્રિયંકા ચોપડા – ૨૦૦૮), 'રોબોટ' (રજનીકાંત, ઐશ્ર્વર્યા રાય – ૨૦૧૦)થી લઈને આ વર્ષે ફેબ્રુઆરીમાં રિલીઝ થયેલી 'તેરી બાતોંમેં ઉલઝાજીયા' (શાહિદ કપૂર, કૃતિ સેનન) ફિલ્મોમાં ટેકનોલોજીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જોકે, મનુષ્ય અને રોબોટના રોમેન્સની કથામાં હવે નાવીન્ય નથી રહ્યું. અનન્યાની આ તાજી ફિલ્મની કથા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના હસ્તક્ષેપને અલગ વળાંક આપતી હોય એવું પહેલી નજરે લાગે છે ખરું.

શું ભવિષ્યમાં આપણને એવી વાર્તા ધરાવતી ફિલ્મ જોવા મળશે, જેમાં અણધારી આફત – સમસ્યામાં ઘેરાઈ ગયેલા પરિવાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ભયમુક્ત થઈ જાય કે પછી કોઈ થ્રીલરમાં એઆઈ અસલી ગુનેગારને ઝબ્બે કરી નિર્દોષને ફાંસીએ ચડતો બચાવી લે એવી વાર્તા હોઈ શકે છે. એથી આગળ વાત કરીએ તો સોશિયલ મીડિયા ફ્રેન્કેન્સ્ટાઇન (એક એવું સર્જન જે અંતેસર્જકનું જ વિસર્જન કરે) બની સમાજ માટે અભિશાપ બની જાય એ પ્રકારની કથાની કલ્પના પણ આકાર લઈ શકે છે.

## અખંડ દીવો પ્રગટાવવા માટે પરંપરાગત માટીની ગરબીની ભારે માંગ

# અંકલેશ્વરમાં નવરાત્રી પર્વ નિમિત્તે માટીની ગરબી નું ધૂમ વેચાણ શરૂ

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વરમાં નવરાત્રી પર્વ નિમિત્તે માટીની ગરબી નું ધૂમ વેચાણ શરૂ થઈ ગયું છે. આસો નવરાત્રીના પાવન અવસર પર માતાજીની સ્થાપના અને અખંડ દીવો પ્રગટાવવા માટે પરંપરાગત માટીની ગરીબીની ભારે માંગ જોવા મળી રહી છે.અંકલેશ્વરના સુથાર ફળિયા વિસ્તારમાં વર્ષોથી પરંપરાગત રીતે ગરબી બનાવતા પ્રજાપતિ પરિવારો માતાજીના આ પવિત્ર પ્રતીકને આખરી ઓપ આપી રહ્યા છે.

આસો નવરાત્રીના પાવન દિવસો નજીક આવી રહ્યા છે, ત્યારે ભક્તો ભક્તિના રંગે રંગાવા તૈયાર છે. માતાજીની આરાધનાના આ પર્વમાં જેનું સૌથી મોટું મહત્વ છે, તે છે 'માટીની ગરબી' પ્રાચીન ધાર્મિક માન્યતા અનુસાર નવ દિવસ સુધી આ માટીની ગરબીમાં



દીવો પ્રગટાવી આરાધના કરવાનું વિશેષ મહત્વ હોવાથી લોકો માટીની ગરબી ખરીદવાનો આગ્રહ રાખે છે અંકલેશ્વરના સુથાર ફળિયા વિસ્તારમાં વર્ષોથી પરંપરાગત રીતે ગરબા બનાવતા પ્રજાપતિ પરિવારો નવરાત્રીના દિવસો અગાઉથી જ આ તૈયારીઓમાં જોડાઈ જાય છે આ માત્ર વ્યવસાય નથી, પણ પેઢી દર પેઢી ચાલી આવતી એક પવિત્ર પરંપરા છે.

### સાદી માટીને ભક્તિના રંગે રંગીને અદ્ભુત ગરબી તૈયાર કરતો સુથાર ફળિયાનો પ્રજાપતિ પરિવાર

સાદી માટીમાંથી સુંદર ગરબો તૈયાર કરવો, તેમાં કલાત્મક હોલ પાડવા અને ત્યારબાદ તેના પર અવનવા કલર, સ્ટોન અને ઝીણવટભર્યું શણગાર કરવું... આ આખી પ્રક્રિયામાં પ્રજાપતિ પરિવારોના દરેક સભ્યો હોંશે-હોંશે જોડાઈ જાય છે. નાની માટલીથી લઈને મોટા માટલામાં કલાત્મક કાણાં પાડીને તેને અવનવા કલર, સ્ટોન, આભલા અને આકર્ષક શણગાર સાથે વેચાણ અર્થે મૂકવામાં આવ્યા છે.

"અંકલેશ્વરના સુથાર ફળિયામાં રહેતા નરેશ પ્રજાપતિ આ પરંપરાનો એક મજબૂત સ્તંભ છે. બદલાતા જમાના અને આધુનિક સાધનોની વચ્ચે પણ, નરેશભાઈએ તેમની પેઢીઓથી ચાલતી આ ભવ્ય કલા અને આપણી માટીની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખી છે.નરેશ પ્રજાપતિ હાલમાં માતાજીની ગરબીને આકર્ષક સજાવટ આપવામાં રાત-દિવસ વ્યસ્ત છે. તેમની આ કલાત્મકતા સાદી માટીની ગરબીને પણ એક દિવ્ય અને ભવ્ય સ્વરૂપ આપી રહી છે.

# અંકલેશ્વરના શિવ દર્શન બંગ્લોઝમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, ભરૂચનો રીઢો આરોપી ઝડપાયો

**અંકલેશ્વર,**અંકલેશ્વર શહેરના નવી દીવી ગામે આવેલા શિવ દર્શન બંગ્લોઝમાં બંધ મકાનનો નકુચો તોડી સોનાના દાગીનાની ચોરી કરવાના ગુનાનો ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. એલ.સી.બી.ની ટીમ ચોરીના બનાવના પગલે રૂટ પરના સીસીટીવી કેમેરાની તપાસ કરી રહી હતી, તે દરમિયાન મળેલી બાતમીના આધારે ભરૂચના શક્તિનાથ સર્કલ પાસેથી સતવંતસીંગ ઉર્ફે સંતુ ગુરદાસસીંગ ટાંક (ઉં.વ. ૩૧)ને ઝડપી લેવામાં આવ્યો હતો.પોલીસની પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, તે પોતાના પડોશમાં રહેતા લાખનસીંગ, રાજેન્દ્રસીંગ તથા તેમની સાથે આવેલા અન્ય એક



ઈસમ સાથે રાજેન્દ્રસીંગની વાદળી કલરની સ્વિફ્ટ કારમાં અંકલેશ્વરના નવી દીવી ગામે પહોંચ્યો હતો. વહેલી સવારે શિવ દર્શન બંગ્લોઝના બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને હોલમાં રાખેલી પતરાની તિજોરીમાંથી અલગ-અલગ સોનાના દાગીનાની ચોરી કરી હતી.

ચોરીના દાગીના વેચાણ કરવા માટે રાજેન્દ્રસીંગ પોતાની સાથે લઈ ગયો હોવાનું પણ આરોપીએ જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રૂ. ૧૦ હજારની કિંમતનો એક મોબાઈલ ફોન કબજે કર્યો છે. સતવંતસીંગ ઉર્ફે સંતુ ટાંકને કાયદેસરની કાર્યવાહી બાદ વધુ તપાસ માટે અંકલેશ્વર શહેર "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આ ગુનામાં લાખનસીંગ, રાજેન્દ્રસીંગ તથા તેની સાથે આવેલ અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરીથી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે, જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# રોસ્કો ફ્લેટથી નારાયણ એવન્યુ અને રંગ કુટીરથી રોસ્કો સોસાયટીને જોડતા રોડનું કામ શરૂ

**દ્રષ્ટિકોણ-ભરૂચ:** ભોલાવ ગ્રામ પંચાયતની હદમાં લાંબા સમયથી માર્ગની સમસ્યાનો સામનો કરી રહેલા સ્થાનિકોને હવે રાહત મળવાની આશા જાગી છે. ભોલાવ વિસ્તારમાં રોસ્કો ફ્લેટથી નારાયણ એવન્યુ તથા રંગ કુટીર સોસાયટીથી રોસ્કો સોસાયટીને જોડતા માર્ગના નિર્માણ કાર્યનું ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.રાજ્ય સરકારની ગ્રામીણ નોન-પ્લાન યોજના હેઠળ મંજૂર થયેલા આ માર્ગોના કામ માટે અંદાજે રૂ.૯૧ લાખનો ખર્ચ કરવામાં આવશે. માર્ગનું નિર્માણ પૂર્ણ થયા બાદ ભોલાવ વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં રહેતા લોકો માટે અવરજવર વધુ સરળ બનશે અને આંતરિક માર્ગ જોડાણને પણ વેગ મળશે.



ભોલાવ વિસ્તારના સ્થાનિકો દ્વારા આ માર્ગોને લઈને લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવી રહી હતી.

ખાસ કરીને રોસ્કો ફ્લેટથી નારાયણ એવન્યુ અને રંગ કુટીર સોસાયટીથી રોસ્કો સોસાયટી તરફ જતા માર્ગના વિકાસની જરૂરિયાત અંગે સ્થાનિકો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. હવે સરકારની યોજના હેઠળ કામ મંજૂર થતાં તેનો અમલ શરૂ થયો છે. ખાતમુહૂર્ત પ્રસંગે સ્થાનિક રહીશો અને આગેવાનો દ્વારા રોસ્કો ફ્લેટને જોડતા જ્યોતિનગર માર્ગનો પ્રશ્ન પણ ધારાસભ્ય સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. આ અંગે ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ આગામી સમયમાં રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી માર્ગના કામને મંજૂરી અપાવવાની અને તેને પૂર્ણ કરાવવાની ખાતરી આપી હતી.

# કચ્છના ભુજમાંસમાજ કલ્યાણના બે નિરીક્ષકો ૪ હજારની લાંચ લેતા ઝડપાયા

**દ્રષ્ટિકોણ-ભુજ,** કચ્છના ભુજમાં સમાજ કલ્યાણ અધિકારીની કચેરીના (વિકસિત જાતિ) બે કરાર આધારિત સમાજ કલ્યાણ નિરીક્ષકોને રૂ. ૪,૦૦૦ની લાંચ લેતાં ACBએ ઝડપી પાડ્યા છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મંજૂર થયેલા મકાનની સહાયના અલગ-અલગ હપ્તા જમા કરાવી આપવા બદલ બંનેએ ફરિયાદી પાસે લાંચની માગણી કરી હતી.

આરોપીઓમાં આસિફ મુસ્તાફા કુરેશી (ઉં.વ. ૨૮) અને કાનજી અરવિંદભાઈ ભટ્ટી (ઉં.વ. ૩૨)નો સમાવેશ થાય છે. બંને સમાજ કલ્યાણ અધિકારીની કચેરી, ભુજ-કચ્છ ખાતે યોજનાઓ અને સ્કોલરશિપ સંબંધિત કામગીરીમાં કરાર આધારિત સમાજ કલ્યાણ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા.લાંચ આપવા ઈચ્છતા ન



હોવાથી જાગૃત નાગરિકે ભુજ ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે બહુમાળી ભવન, ભુજ ખાતે ગોઠવાયેલા છટકા દરમિયાન બંને આરોપીઓએ રૂ. ૪,૦૦૦ની લાંચ સ્વીકારી હતી. ACBની ટીમે લાંચની સંપૂર્ણ રકમ રિકવર કરી બંનેને ઝડપી પાડ્યા હતા.

આરોપીઓએ એકબીજાને મદદગારી કરી લાંચ લેવાનું કૃત્ય કર્યાનું ફરિયાદમાં જણાવાયું છે. આ સફળ ટ્રેપ ભુજ ACB પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ચૌધરી અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# આણંદમાં 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહ યોજાયો; ઉત્કૃષ્ટ શિક્ષકોનું સન્માન

**દ્રષ્ટિકોણ-આણંદ:** શિક્ષણ અને સમાજ સેવા ક્ષેત્રે કાર્યરત 'બાલરક્ષક પ્રતિષ્ઠાન' દ્વારા વિધાનગરી આણંદના ભાનુભાઈ આઈ. પટેલ એલિકોન હોલ ખાતે ભવ્ય 'નેશનલ એજ્યુકેશન ગ્લોરી એવોર્ડ' સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર રાજ્યભરના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ, ટ્રોફી અને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં પ્રો. (ડૉ.) ભરત મહેતા, ડૉ. નિશા જોશી, પૂજ્ય શ્રી મોરારીદાસજી મહારાજ (સંતરામ મંદિર, કરમસદ), આર. કે. મંડાલીયા, પ્રો. ડૉ. મેઘના વ્યાસ, જિલ્લા શિક્ષણ અધિકારી (DEO)



કામિનીબેન ત્રિવેદી, ડૉ. તેજેન્દ્રસિંહ સોલંકી અને ડૉ. સંજય માલવી ઉપસ્થિત રહ્યા હતા. ગૌરવવંતી સિદ્ધિઃ આ સન્માન સમારોહમાં આનંદ નિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ વિદ્યાલય (વેજલપુર)ના ઉત્સાહી શિક્ષિકા શ્રીમતી અરુણા ભીખાલાલ યાદવને શિક્ષણ ક્ષેત્રની વિશિષ્ટ પ્રવૃત્તિઓ બદલ 'બાલ રક્ષક એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોના વિચારોઃ વક્તાઓએ સમાજ નિર્માણમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવી બાલરક્ષક પ્રતિષ્ઠાનના કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે સંસ્થાના પદાધિકારીઓ નરેશભાઈ વાઘ, મનોજભાઈ ચિંચોરે, સ્મિતાબેન રાણા અને ધર્મેશભાઈ જોશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આણંદ જિલ્લાની શિક્ષક ટીમના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## અંકલેશ્વરના નવી દીવીમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

# નવી દીવીની ઘરફોડ ચોરીમાં રીઢો આરોપી ઝડપાયો, LCBએ ચાર દિવસમાં ભેદ ઉકેલ્યો

**દ્રષ્ટિકોણ-ભરૂચ :** અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલા નવી દીવી ગામના શિવ દર્શન બંગ્લોઝમાં થયેલી ઘરફોડ ચોરીનો ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. LCBના PSI એ.વી. શિયાળીયાની આગેવાની હેઠળની ટીમે CCTV ફૂટેજ અને બાતમીના આધારે કાર્યવાહી કરી ભરૂચના શક્તિનાથ સર્કલ પાસેથી આરોપીને ઝડપી પાડ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, નવી દીવીના શિવ દર્શન બંગ્લોઝમાં બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા. હોલમાં રાખેલી પતરાની તિજોરીમાંથી સોનાના અલગ-અલગ દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બનાવ બાદ PSI એ.વી. સીયારીયા અને તેમની ટીમે અંકલેશ્વર શહેર વિસ્તારમાં રૂટના CCTV કેમેરા ચકાસી તપાસ આગળ ધપાવી હતી. દરમિયાન

### LCBની ટીમે અને બાતમીના આધારે ભરૂચથી આરોપીને ઝડપી પાડ્યો, ત્રણ સાગરીતો હજુ વોન્ટેડ

મળેલી બાતમીના આધારે કસક ફુવારા, પ્રીતમનગર સોસાયટી પાછળ નવી નગરીમાં રહેતા સતવંતસીંગ ઉર્ફે સંતુ ગુરદાસસીંગ ટાંક (ઉં.વ.૩૧)ને ભરૂચના શક્તિનાથ સર્કલ પાસેથી ઝડપી લેવાયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સંતોષકારક જવાબ ન મળતા વધુ પૂછપરછ કરતાં તેણે લાખનસીંગ, રાજેન્દ્રસીંગ અને તેની સાથે આવેલા અન્ય એક શખ્સ સાથે મળી ચોરી કર્યાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે. આરોપીની કબૂલાત મુજબ, રાજેન્દ્રસીંગની વાદળી રંગની સ્વિફ્ટ કારમાં તેઓ વહેલી સવારે નવી દીવીના શિવ દર્શન બંગ્લોઝ પહોંચ્યા હતા અને બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના ચોર્યા હતા. ચોરીનો મુદ્દામાલ વેચાણ કરવા રાજેન્દ્રસીંગ પોતાની સાથે લઈ ગયો હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આરોપી સતવંતસીંગ ઉર્ફે સંતુ ટાંકની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૧૦ હજારની કિંમતનો એક મોબાઈલ ફોન કબજે કર્યો છે.

જ્યારે લાખનસીંગ, રાજેન્દ્રસીંગ તથા તેની સાથે આવેલ એક શખ્સને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરાઈ છે. આરોપીને આગળની તપાસ માટે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપી સામે અગાઉ પણ ચોરી અને ઘરફોડ ચોરી સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ રેકોર્ડમાં સામે આવ્યું છે. ભરૂચ શહેર, અંકલેશ્વર, ભરૂચ તાલુકા ઉપરાંત મોડાસા, લુણાવાડા, અમદાવાદ રામોલ, ડભોઈ, મકરપુરા અને વાઘોડિયા પોલીસ મથકોમાં તેની સામે ચોરી, ઘરફોડ ચોરી તથા સંબંધિત કલમોના કુલ ૨૦ ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું છે.આ સમગ્ર કામગીરી LCBના PSI એ.વી. શિયાળીયા, ASI ચંદ્રકાંત, ASI અશ્વિનભાઈ, ASI સંજયભાઈ તથા હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલોની ટીમ દ્વારા ટીમવર્કથી કરવામાં આવી હતી.

# અંકલેશ્વરના ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા ૧૧મા મેગા નવરાત્રી મહોત્સવનો થનગનાટ

**અંકલેશ્વર:** અંકલેશ્વરના ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા યોજાનાર ૧૧મા મેગા નવરાત્રી મહોત્સવની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે,આપણી દીકરી, આપણા આંગણે" ના સુંદર સંકલ્પ સાથે નવરાત્રીને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરાય છે.

માઁ આદ્યશક્તિના આરાધનાનું પર્વ નવરાત્રી મહોત્સવ ના આગમન ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અંકલેશ્વરના ગરબા રસિકો, તમારા ટ્રેડિશનલ ડ્રેસ,અને ગરબાના સ્ટેપ્સ તૈયાર કરી લો! કારણ કે "આપણી દીકરી, આપણા આંગણે" ના ભવ્ય સંકલ્પ સાથે.. ગુંજ સોશ્યલ ગ્રુપના આંગણે ગરબે ઘૂમવાની ઘડીઓ હવે સાવ નજીક છે.. ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા આયોજિત ૧૧મા મેગા નવરાત્રી મહોત્સવની હરિદર્શન સોસાયટી પાછળ ગુંજ ગરબા ગ્રાઉન્ડ ખાતે તડામાર તૈયારીઓને હવે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



આ નવરાત્રી મહોત્સવમાં: પ્રખ્યાત લોક ગાયક બિરજુ બારોટ સહીત સંગીત વૃંદના કલાકારો પોતાની સંગીતમય પ્રસ્તુતિ આપશે ગુંજ સોશ્યલ ગ્રુપના આયોજકો દ્વારા આ વખતે ટ્રેડિશનલ ડ્રેસના ખેલૈયાઓ માટે હશે સ્પેશિયલ અલગ ગ્રાઉન્ડની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને સાથે જ રોજ ખેલૈયાઓ ને સુંદર પરંપરાગત શૈલી અને ગરબાના સ્ટેપ્સને બિરદાવવા માટે.શાનદાર મેગા ઈનામો આપવામાં આવશે .ત્યારે ખેલૈયાઓના પગ થિરકાવવા અને મા અંબાની આરાધનામાં લીન કરવા માટે ગ્રાઉન્ડ પર તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

# હારીજ પો.સ્ટે.માં મહિલા ઈન્ટિરિયર ડિઝાઈનર સામે રૂ. ૬૪ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ

**દ્રષ્ટિકોણ-અમદાવાદ:** અમદાવાદના ભાડજ વિસ્તારમાં આવેલા બંગલામાં ફર્નિચર, ઈલેક્ટ્રીક, પીઓપી અને કલર કામ કરવાના બહાને વેપારી પાસેથી ૬૪,૦૦,૦૦૦ રૂપિયા પડાવી લઈ કામ અધૂરું મૂકી છેતરપિંડી આચરવા બદલ મહિલા ઈન્ટિરિયર ડિઝાઈનર સામે હારીજ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૧૮(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદ પ્રહલાદનગર ખાતે ૬૧ આર્કિડ ટુ, કોર્પોરેટ રોડ પર રહેતા ૨૭ વર્ષીય વેપારી દેવાંગ વસંતકુમાર ઠક્કર તથા હારીજના શૈલેષભાઈ ફરસુભાઈ ઠક્કરની દીકરી પૃથ્વી સાથે થયો હતો. લગ્ન સમયે સસરા તરફથી અમદાવાદના ભાડજ ખાતે દિક્ષાશીલા સોસાયટીમાં મકાન નંબર ૩૫ વાળો બંગલો ભેટમાં આપવામાં આવ્યો હતો.

આ બંગલામાં ફર્નિચર, ઈલેક્ટ્રીક, પીઓપી અને કલર કામ કરાવવા માટે નાઈટન પ્રોજેક્ટ (સ્ટારલિંગ સ્ટુડિયો)ના સંચાલક અને ઈન્ટિરિયર ડિઝાઈનર મીતા પવનકુમાર ચાંદક (હાલ ઓફિસ સિંધુ ભવન રોડ, અમદાવાદ) સાથે





હારીજ ખાતે ૬૭,૨૭,૪૩૦ રૂપિયામાં કામ નક્કી કરવામાં આવ્યું હતું. તે વખતે ટોકન પેટે ૭,૫૦,૦૦૦ રૂપિયા રોકડા ચૂકવવામાં આવ્યા હતા.

ત્યારબાદ તારીખ ૦૧/૦૮/૨૦૨૪ થી ૨૬/૦૬/૨૦૨૫ દરમિયાન કામકાજ પેટે વધુ ૫૨,૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા, આમ કુલ મળીને ૬૪,૦૦,૦૦૦ રૂપિયા સુધી દેવામાં આવ્યા હતા અને તેની પહોંચ તારીખ ૧૬/૦૧/૨૦૨૫ ના રોજ મેળવી લેવાઈ હતી. નાણાં મેળવ્યા બાદ માત્ર અંદાજે ૨૫,૦૦,૦૦૦ રૂપિયાનું કામ કરીને કારીગરોએ કામ બંધ કરી દીધું હતું.

પૂછપરછ દરમિયાન કારીગરોએ જણાવ્યું હતું કે મીતા ચાંદકે તેમને પૈસા ચૂકવ્યા નથી. આ મામલે સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં બંનેનો કોન્ટેક્ટ ફોન ઉપાડવાનો બંધ કરી દેવામાં આવ્યો હતો. ઉપરાંત બંગલાનું બાકીનું કામ પૂરું કરવામાં આવ્યું ન હતું તે લીધેલા નાણાં પરત આપવામાં આવ્યા ન હતા.આ અંગે અગાઉ કેટલી અરજી બાદ કોઈ સમાધાન ન થતા આખરે દેવાંગ ઠક્કર હારીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# નર્મદા મૈયા બ્રિજની સેફ્ટી ગ્રિલને હવે મળશે ભરૂચના ઈતિહાસની કલાત્મક ઓળખ





**દ્રષ્ટિકોણ-ભરૂચ:** ભરૂચના નર્મદા મૈયા બ્રિજની સેફ્ટી ગ્રિલને હવે કલાત્મક રૂપ આપવાની નવી પહેલ શરૂ કરાઈ છે. ગ્રિલ પર વેધર-રેસિસ્ટન્ટ પેઈન્ટિંગ દ્વારા ભરૂચનો ઈતિહાસ, નર્મદા સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાની ઝલક રજૂ કરવામાં આવશે. આ માટે તૈયાર કરાયેલો સેમ્પલ પીસ હાલ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

નર્મદા મૈયા બ્રિજ પર આત્મહત્યા જેવા બનાવો રોકવા ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની રજૂઆત બાદ સેફ્ટી ગ્રિલ લગાવવામાં આવી હતી. હવે ગ્રિલને કાટથી બચાવવા તેમજ બ્રિજની સુંદરતા વધારવા સામાજિક કાર્યકર યોગી પટેલે તેના પર કલાત્મક પેઈન્ટિંગ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

પ્રસ્તાવને મંજૂરી મળે તો સમગ્ર બ્રિજની ગ્રિલ પર ભરૂચના ઐતિહાસિક વારસા અને નર્મદા સંસ્કૃતિને ઉજાગર કરતું આર્ટવર્ક જોવા મળશે. આથી માત્ર સુરક્ષા વ્યવસ્થા જ નહીં, પરંતુ બ્રિજની સૌંદર્યતા પણ વધશે.આખા બ્રિજ પર આવા આર્ટવર્કને મંજૂરી મળે તો નર્મદા મૈયા બ્રિજ ભરૂચની અનોખી ઓળખ બની શકે છે. બ્રિજ પરથી પસાર થતા લોકો માટે ભરૂચના ઈતિહાસ અને સંસ્કૃતિનો કલાત્મક અનુભવ પણ નવી આકર્ષણરૂપ બની રહેશે.

# નર્મદા મૈયા બ્રિજ પાસે બે કાર અને બે એક્ટિવા વચ્ચે અકસ્માત, ચારને ઈજા

**ભરૂચ:** ભરૂચના નર્મદા મૈયા બ્રિજ પાસે બે કાર અને બે એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ચાર લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.અકસ્માતને પગલે બ્રિજ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનોની લાંબી કતારો લાગતાં વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ઘટનાની જાણ થતાં તંત્રની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને ટ્રાફિકને નિયંત્રિત કરવા કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રાફિક વ્યવસ્થા થાળે પાડવા માટે જરૂરી કામગીરી કરવામાં આવી હતી.





# ભાદી ગામે કદાવર દીપડો પાંજરે પુરાયો, ગ્રામજનોએ લીધો રાહતનો શ્વાસ



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વર તાલુકાના ભાદી ગામેથી એક કદાવર દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ લાંબા સમય બાદ રાહત અનુભવી છે. છેલ્લા ઘણા સમયથી ગામ અને આસપાસના વિસ્તારોમાં દીપડાની અવરજવરથી ભયનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને રાત્રિના સમયે લોકો ઘરની બહાર નીકળતા પણ ડરતા હતા.દીપડાને પકડવા વન વિભાગે યોગ્ય જગ્યાએ પાંજરું ગોઠવ્યું હતું. ગામના રહેવાસી રિઝવાન પટેલના વાડામાં મૂકવામાં આવેલા પાંજરામાં દીપડો ફસાઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાયાની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા.ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ટીમે દીપડાને સુરક્ષિત રીતે કબજામાં લીધો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આંતરરાષ્ટ્રીય સુરત-શારજાહ ફ્લાઈટ ૨૫ ઓક્ટોબરથી ફરી શરૂ થશે

## સાત વર્ષ સફળ રહેવા છતાં એર ઈન્ડિયાએ ગત ફેબ્રુઆરીમાં જ અચાનક બંધ કરી દીધી હતી, હીરા-વેપાર સહિતના ઉદ્યોગોને મોટી રાહત થશે



### વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ, વેપારી મંડળોની ધારદાર રજૂઆત રંગ લાવી

સુરત એરપોર્ટના વિકાસ માટે સક્રિય 'વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ' ગ્રૂપ, વિવિધ વેપારી મંડળો અને જાગૃત નાગરિકોએ આ સેવા પુનઃ શરૂ કરાવવા માટે એરલાઈન મેનેજમેન્ટ તથા નાગરિક ઉડ્ડયન મંત્રાલય સમક્ષ સતત ધારદાર રજૂઆતો કરી હતી. આ વ્યાપક લોક માંગ અને રજૂઆતોને સકારાત્મક પ્રતિસાદ આપતાં એર ઈન્ડિયા એક્સપ્રેસે વિન્ટર શિડ્યૂલ ૨૦૨૬માં આ રૂટને ફરીથી બહાલી આપી છે.

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરતના એરપોર્ટ પરથી ઉડાન ભરતી અને અહીંના હવાઈ મુસાફરો, ઉદ્યોગજગત તથા શહેરીજનોની લાગણી સાથે સીધી જોડાયેલી સુરત–શારજાહ ફ્લાઈટને લઈને રાહતના સમાચાર આવ્યા છે. ગત ફેબ્રુઆરી મહિનામાં અચાનક સ્થગિત કરી દેવાયેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની 'સુરત–શારજાહ–સુરત' ફ્લાઈટ આગામી ૨૫ ઓક્ટોબરથી વિન્ટર શિડ્યૂલ હેઠળ ફરી શરૂ થઈ રહી છે. એરલાઈને જાહેર કરેલી નવી સમયસારણી અનુસાર આ સેવા સપ્તાહમાં ત્રણ દિવસ—બુધવાર, શુક્રવાર અને રવિવારે ઉપલબ્ધ રહેશે. આ નિર્ણયથી સુરત સહિત મધ્યપૂર્વ (ગલ્ફ) દેશોમાં વસતા સમગ્ર ગુજરાતી સમુદાયમાં ખુશી અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક ઔદ્યોગિક સંગઠનો અને નાગરિકોની વર્ષો જૂની રજૂઆતો બાદ ફેબ્રુઆરી ૨૦૧૯માં સુરત એરપોર્ટ પરથી પ્રથમ આંતરરાષ્ટ્રીય સેવા તરીકે આ ફ્લાઈટનો પ્રારંભ થયો હતો. આ સેવા શરૂ થતાં જ સુરત એરપોર્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે અંકિત થયું હતું અને શહેરના હીરા તેમજ ટેક્સટાઈલ ઉદ્યોગ માટે મધ્યપૂર્વના બજારો સાથે સીધો સંપર્ક શક્ય બન્યો હતો.

જોકે, સાત વર્ષની સફળ કામગીરી બાદ સમર શિડ્યૂલ દરમિયાન આ ફ્લાઈટ અચાનક બંધ કરી દેવાતાં સુરતના વેપાર-ઉદ્યોગ, પ્રવાસન અને વિદેશ વસતા પરિવારો સાથેના જોડાણ પર વિપરીત અસર થવાની ચિંતા ઊભી થઈ હતી. એરલાઈને માર્ચ મહિનાથી સેવા બંધ કરવાની જાહેરાત કરી હતી, પરંતુ યુદ્ધજન્ય વૈશ્વિક સ્થિતિને કારણે ૨૭ ફેબ્રુઆરીના રોજ જ આ ફ્લાઈટે પોતાની છેલ્લી ઉડાન ભરી લીધી હતી. ફ્લાઈટ બંધ થવાને કારણે સ્થાનિક મુસાફરો અને વેપારીઓને આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે ફરી મુંબઈ કે અમદાવાદ સુધી લંબાવવાની નોબત આવતાં લોકોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળ્યો હતો.

**તાપી ભવનથી થોડે જ અંતરે રસ્તો બેસી જતા વાહનચાલકોને હાલાકી**

# સુરત મનપા કચેરી નજીક વરસાદ વિના જ રસ્તા પર ભુવા પડ્યો, તંત્રનું કામ તકલાદી



તસવીર: હનિફ મલિક, સુરત

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૬**

સુરત શહેરમાં વરસાદ વિના જ રસ્તાઓ બેસી જવાની અને ભુવા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. શહેરમાં તંત્રની કામગીરી અને રસ્તાઓની ગુણવત્તા સામે સવાલો ઉઠી રહ્યા છે. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તાપી ભવનથી થોડા અંતરે જ રસ્તા પર અચાનક ભુવો પડી જતાં તંત્રની કામગીરી સામે ફરી સવાલો ઉભા થયા છે.

આ રસ્તા પરથી દરરોજ હજારો વાહનો પસાર થાય છે. મનપામાં વિવિધ કામ અર્થે આવતા શહેરીજનો ઉપરાંત મેયર, મનપા કમિશનર, ધારાસભ્યો અને અન્ય અધિકારીઓની પણ આ માર્ગ પરથી અવરજવર રહે છે. તેમ છતાં મનપાની મુખ્ય કચેરીથી થોડા અંતરે જ રસ્તો બેસી જતાં રસ્તાની ગુણવત્તા અને જાળવણી અંગે પ્રશ્નો ઉભા થયા છે. રસ્તા પર ભુવો પડતાં ત્યાંથી પસાર થતા અનેક વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક વાહનોને અડચણ થતાં ટ્રાફિકની સ્થિતિ પણ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં મનપા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ભુવાના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

**ભુવા પડતાં તાત્કાલિક સમારકામ કરાયું, રસ્તાની ગુણવત્તા અને ભૂગર્ભ લાઈનોની તપાસની માંગ**

ખાસ નોંધનીય બાબત એ છે કે, શહેરમાં હાલમાં વરસાદ ન હોવા છતાં રસ્તા બેસી જવાની ઘટનાઓ બની રહી છે. જેના કારણે રસ્તા બનાવવાની કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલી સામગ્રીની ગુણવત્તા તેમજ ભૂગર્ભ ગટર અને પાણીની લાઈનોની સ્થિતિ અંગે યોગ્ય તપાસ કરવાની માંગ ઉઠી છે. ખાસ કરીને મનપાની મુખ્ય કચેરીથી થોડા અંતરે જ રસ્તા પર ભુવો પડ્યો હોવાથી જો કોઈ વાહનચાલક કે રાહદારી અકસ્માતનો ભોગ બને તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. શહેરના અન્ય વિસ્તારોમાં પણ રસ્તાઓની નિયમિત ચકાસણી કરી જ્યાં રસ્તા બેસી જવાની શક્યતા હોય ત્યાં અગાઉથી જરૂરી કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# બોગસ આરટીઓ ચલણની એપીકે ફાઈલ મોકલી અમરોલીના યુવકના ખાતામાંથી ૮.૪૨ લાખ ઉપાડી લેવાયા

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૬**

અમરોલી કોલેજ રોડ વિસ્તારમાં રહેતા યુવકને ઠગોએ વોટ્સઅપ ઉપર બોગલ આરટીઓ ચલણની એપીકે ફાઈલ મોકલીશ્વ ડાઉનલોડ કરાવી મોબાઈલ હેક કરી લીધા બાદ બેક્ક ખાતા અને ક્રેડિટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૮.૪૨ લાખ ઉપાડી છેતરપિંડી કરી હતી.

અમરોલી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શ્રીનાથ રો હાઉસસ કોલેજ રોડ, અમરોલી ખાતે રહેતા મહેશકુમાર મંગળદાસ પટેલને તા.૧૦થી ૧૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન વોટ્સએપ પર આરટીઓ ચલણની એપીકે ફાઈલ મોકલાઈ હતી. ફાઈલ આરટીઓની હોવાનું માની મહેશકુમારે તેને ડાઉનલોડ કરતાં જે તેનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ ઠગોએ તેમની જાણ બહાર તેના બેક્કના ખાતામાંથી તેમજશ્વ ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ૧૦ જેટલા ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂપિયા ૮,૪૨,૨૬૦ ટ્રાન્સફર કરી ઉપાડી લીધા હતા.

# ઓનલાઈન કામગીરીના ભારણથી શિક્ષકનો આપઘાત

**કપરાડાના દીવસી ગામે ખેતરના ઝૂંપડામાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળ્યો; ખિસ્સામાંથી મળેલી ચિઠ્ઠીમાં કામના સતત માનસિક તણાવનો ઉલ્લેખ**

**દ્રષ્ટિકોણ-વલસાડ,** કપરાડા તાલુકાના દીવસી ગામે એક શિક્ષકે પોતાના ખેતરમાં આવેલા ઝૂંપડામાં ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણતાં ચકચાર મચી ગઈ હતી. મૃતક શિક્ષકની ઓળખ શંકરભાઈ લાછીયાભાઈ જાદવ (ઉં.વ. ૫૩) તરીકે થઈ છે. તેઓ નીલોશી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે છેલ્લા આશરે ૧૫ વર્ષથી ફરજ બજાવતા હોવાનું પરિવારજનોએ પોલીસ સમક્ષ જણાવ્યું છે.

પોલીસમાં જાહેર થયેલી વિગતો મુજબ, તા. ૬ ઓક્ટોબરના રોજ સવારે શંકરભાઈ રોજિંદા ક્રમ મુજબ પોતાના ખેતરમાં ગયા હતા. તેઓ સામાન્ય રીતે સાડા નવ વાગ્યાની આસપાસ શાળામાં ફરજ માટે જતા હતા. જોકે, તેઓ ઘરે પરત ન ફરતાં પત્ની કાંતાબેન તેમને શોધવા ખેતરે ગયા હતા. ત્યાં શંકરભાઈ ખેતરના ઝૂંપડાના આડા લાકડા સાથે નાયલોનની દોરી વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં પરિવારજનો અને આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. પરિવારજનોએ દોરી કાપી તેમને નીચે ઉતારી સારવાર માટે કપરાડા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જતાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

દરમિયાન મૃતકના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી. પરિવારજનોએ પોલીસને આપેલી માહિતી મુજબ, ચિઠ્ઠીમાં ઓનલાઈન કામગીરી, શાળાકીય કામ અને સતત વધતા કામના ભારણને કારણે માનસિક તણાવ રહેતો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચિઠ્ઠીમાં પરિવારજનોને સંબોધીને કેટલીક વાતો પણ લખવામાં આવી હોવાનું જણાવાયું છે.

પરિવારજનોએ પોલીસ સમક્ષ જણાવ્યું કે, શંકરભાઈ છેલ્લા કેટલાક સમયથી શાળાની કામગીરીના ભારણને કારણે માનસિક તણાવમાં રહેતા હતા. હાલ પરિવારજનોને તેમના મોત અંગે કોઈ શંકા કે વહેમ ન હોવાનું જણાવાયું છે.

આ બનાવ અંગે કપરાડા પોલીસ સ્ટેશનમાં અ.મોત નં. ૨૭/૨૦૨૬ હેઠળ BNSS-૨૦૨૩ની કલમ ૧૯૪ મુજબ નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોડાદરાના રાજ આઈકોન બિલ્ડિંગના ૧૩મા માળેથી કૂદીને વિદ્યાર્થીનો આપઘાત

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરમાં આવેલા ગોડાદરા વિસ્તારમાં ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા ૧૮ વર્ષીય વિદ્યાર્થીએ ૧૩મા માળેથી કૂદીને આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. બનાવને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ગોડાદરા વિસ્તારમાં રહેતા કાપડ વેપારીના પુત્ર ધનેશ રામચંદ્ર પ્રજાપતિ ધોરણ-૧૨ કોમર્સમાં અભ્યાસ કરતો હતો. ધનેશ રોજની જેમ સવારે નિત્યક્રમ અને કસરત માટે ઘરેથી નીકળ્યો હતો. જોકે લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન જાણવા મળ્યું હતું કે ગોડાદરા વિસ્તારમાં આવેલા રાજ આઈકોન બિલ્ડિંગના ૧૩મા માળે આવેલા નવા ફ્લેટની બાલ્કનીમાંથી તેણે નીચે છલાંગ લગાવી હતી. ઉંચાઈ પરથી નીચે પટકાતા ધનેશને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું છે કે પગલું ભરતા પહેલાં ધનેશે પોતાના મોબાઈલમાં વીડિયો બનાવ્યો હતો. વીડિયોમાં તેણે "હું મારી મરજીથી આ પગલું ભરું છું, કોઈનું દબાણ નથી" તેમ જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગોડાદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. વિદ્યાર્થીએ આ પગલું કયા સંજોગોમાં ભર્યું તે અંગે પોલીસ દ્વારા વધુ તપાસ કરવામાં આવી રહી છે.

**ચાર તાલુકામાં વરસાદ ૩૦ વર્ષના સરેરાશ કરતાં ઓછો રહ્યો**

# સુરત જિલ્લામાં સિઝનનો ૧૧૬% વરસાદ, ૧૨માંથી ૬ તાલુકામાં સરેરાશથી વધુ

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત જિલ્લામાં સિઝનનો ૧૧૬% વરસાદ, ૧૨ માંથી ૬ તાલુકામાં સરેરાશથી વધુ નોંધાયો છે. અંબિકા તાલુકામાં સૌથી વધુ ૧૬૫.૭૦% વરસાદ; પલસાણામાં ૧૪૯.૮૭%, સુરત શહેરમાં ૧૩૪.૩૮% અને ઉમરપાડામાં ૧૩૧.૮૯% વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે.

સુરત જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં સરેરાશ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જિલ્લા વરસાદી ડેટા મુજબ ૬ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં સુરત જિલ્લાના ૧૨ તાલુકાનો સરેરાશ વરસાદ ૧,૭૫૭.૬૭ મીમી નોંધાયો છે, જે છેલ્લા ૩૦ વર્ષના સરેરાશ ૧,૫૧૪ મીમીની સરખામણીએ ૧૧૬.૦૮ ટકા થાય છે. તાલુકાવાર આંકડા પ્રમાણે અંબિકા તાલુકામાં સૌથી વધુ ૨,૭૩૯ મીમી વરસાદ નોંધાયો છે, જે છેલ્લા ૩૦ વર્ષના સરેરાશના ૧૬૫.૭૦ ટકા છે. ત્યારબાદ પલસાણામાં ૨,૨૬૬ મીમી (૧૪૯.૮૭%), ઉમરપાડામાં ૨,૬૫૧ મીમી (૧૩૧.૮૯%), સુરત શહેરમાં ૧,૯૬૬ મીમી (૧૩૪.૩૮%), ઓલપાડમાં ૧,૪૨૮ મીમી (૧૩૨.૮૪%), કામરેજમાં ૧,૯૧૮ મીમી (૧૨૮.૬૪%), બારડોલીમાં ૧,૯૦૧ મીમી (૧૨૫.૮૧%) અને મહુવામાં ૧,૮૩૯ મીમી (૧૧૧.૨૫%) વરસાદ નોંધાયો છે.બીજી તરફ માંગરોલમાં ૧,૨૭૭ મીમી (૮૮.૨૫%), ચોરાસીમાં ૧,૧૦૪ મીમી (૮૪.૦૮%), અરેઠમાં ૧,૦૪૭ મીમી (૬૮.૮૪%) અને માંડવીમાં ૯૫૬ મીમી (૬૨.૮૫%) વરસાદ નોંધાયો છે. આ ચાર તાલુકામાં વરસાદ ૩૦ વર્ષના સરેરાશ કરતાં ઓછો રહ્યો છે.

**તાલુકાવાર વરસાદ**

| | | | |
|---|---|---|---|
| • અંબિકા | : | ૨,૭૩૯ મીમી– | ૧૬૫.૭૦% |
| • પલસાણા | : | ૨,૨૬૬ મીમી– | ૧૪૯.૮૭% |
| • ઉમરપાડા | : | ૨,૬૫૧ મીમી– | ૧૩૧.૮૯% |
| • સુરત શહેર | : | ૧,૯૬૬ મીમી– | ૧૩૪.૩૮% |
| • ઓલપાડ | : | ૧,૪૨૮ મીમી– | ૧૩૨.૮૪% |
| • કામરેજ | : | ૧,૯૧૮ મીમી– | ૧૨૮.૬૪% |
| • બારડોલી | : | ૧,૯૦૧ મીમી– | ૧૨૫.૮૧% |
| • મહુવા | : | ૧,૮૩૯ મીમી– | ૧૧૧.૨૫% |
| • માંગરોલ | : | ૧,૨૭૭ મીમી– | ૮૮.૨૫% |
| • ચોરાસી | : | ૧,૧૦૪ મીમી– | ૮૪.૦૮% |
| • અરેઠ | : | ૧,૦૪૭ મીમી– | ૬૮.૮૪% |
| • માંડવી | : | ૯૫૬ મીમી– | ૬૨.૮૫% |

**અંબિકા તાલુકામાં સૌથી વધુ ૧૬૫.૭૦% વરસાદ; પલસાણામાં ૧૪૯.૮૭%, સુરત શહેરમાં ૧૩૪.૩૮% અને ઉમરપાડામાં ૧૩૧.૮૯% વરસાદ**










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.